શિવમસ્તુ સર્વજગતઃ

વર્ષ ૧૮ : અંક ૯

નવેમ્બર '૬૧ : કારતક ૨૦૧૮

વાર્ષિક લવાજમ રૂા. ૫-૫૦

છુટક નકલ ૬૨ ન. પૈ.

# કલ્યાણ

જૈન સંસ્કૃતિનું સંદેશ વાહક

માનદ સંપાદક : કીરચંદ જે. શેઠ

## વિષય દર્શન


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ઉઘડતે પાને : | સં. | ૬૪૫ |
| વિસંવાદનો કોયડો : | વૈદ્ય મોહનલાલ ધામી | ૬૪૭ |
| ભારતમાં ચાલી રહેલ જીવહિંસાનો વિરોધ કરો : | શ્રી ચીમનલાલ મણિલાલ | ૪૯ |
| કાદવમાંથી કમળ : | પૂ મુ. શ્રી મહાપ્રભવિજયજી મ. | ૬૫૨ |
| પ્રેય અને શ્રેય : | પૂ મુ શ્રી ધર્મગુપ્તવિજયજી મ. | ૬૫૬ |
| રામાયણની રત્નપ્રભા : | શ્રી પ્રિયદર્શન | ૬૫૭ |
| જનતાના ખર્ચેને જોખમે સેવા તથા એકતાની પોકળ વાતો : | શ્રી ગુણવંતરાય આચાર્ય | ૬૬૫ |
| સાધક અને સાધના શકિત : | શ્રી કુમારી કસ્તુરી યોગેશ | ૬૬૮ |
| ઉજવો નૂતન વાણું : | શ્રી કરશનદાસ માણેક | ૬૭૧ |
| કાયાનું કારખાનું : | શ્રી ચતુર્ભુજ દોશી | ૬૭૧ |
| ચેતનને પ્રેરણા : | સૂચિત | ૬૭૨ |
| રૂધિરનો સાગર : | શ્રી પન્નાલાલ જ. મસાલીયા | ૬૭૩ |
| જીવનનો અલંકાર : | પૂ પં. શ્રી કનકવિજયજી ગ | ૬૮૦ |
| નિવેદન : | | ૬૮૧ |
| પરમાત્મ ભાવનો પ્રતિનિધિ : | શ્રી દલપત સી. શાહ | ૬૮૨ |
| વ્રતપાલનની દૃઢતા : | શ્રી સુધાવર્ષી | ૬૮૩ |
| શ્રી કુલ્પાકજી તીર્થની યાત્રાએ : | શ્રી પ્રભુલાલ એસ. મહેતા | ૬૮૬ |
| દયા કરો દયા ધરો : | શ્રી નવીન મ. શાહ | ૬૮૭ |
| માનવતાનો મહાશત્રુ : | શ્રી એન. બી. શાહ | ૬૮૮ |
| દાન અને સ્નાન : | શ્રી ચંદુલાલ એસ. શાહ | ૬૯૧ |
| એ તોતીંગ બારણા સ્વયમેવ ઉઘડી ગયા : | શ્રી પાર્શ્વકુમાર | ૬૯૭ |
| વાચકો લેખકો અને શુભેચ્છકોને : | સં. | ૭૦૫ |
| સમાચાર સાર : | સંકલિત | ૭૦૭ |


### 'કલ્યાણ'નો 'પુણ્યસ્મૃતિ વિશેષાંક' તા. ૨૦-૧-૬૨ જાન્યુઆરીના રોજ પ્રસિદ્ધ થશે.

અગાઉ કરેલ જાહેરાત મુજબ પૂ. પાદ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી પુણ્યસ્મૃતિ વિશેષાંક-કલ્યાણ પ્રકાશન મંદિર તરફથી દળદાર ને મનનીય સાહિત્ય સામગ્રીથી સુસમૃદ્ધ ૨૦-૧૨-૬૧ ડીસેંબર મહિનામાં પ્રસિદ્ધ થનાર હતો, પણ વિશેષાંક માટે થોકબંધ સાહિત્ય સામગ્રી અમારા પર આવી રહી છે, તે બધાયને સ્થાન આપવા ખાતર ને વિશેષાંક વધુ સમૃદ્ધ તથા સુંદર તેમજ સચિત્ર બને તે માટે હવે તે અંક જાન્યુઆરી મહિનામાં તા. ૨૦-૧-૬૨ ના રોજ પ્રસિદ્ધ થશે તેની સર્વ કોઈને નોંધ લેવા વિનંતિ છે. પૂ. પાદ આચાર્યદેવશ્રીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે પોતાના વ્યવસાયની જાહેરાત સાથે અમારા પર જાહેર ખબર મોકલાવી આપવા અમારી સર્વ કોઈને વિનમ્ર વિનંતિ છે. તેમજ પૂ. પાદ ધર્મધુરંધર આચાર્યદેવો પૂ ઉપાધ્યાયજી મ. પૂ. પંન્યાસજી મ. તથા પૂ. મુનિવરોને અને ધર્મશીલ લેખક બંધુઓને આ વિશેષાંકને સમૃદ્ધ બનાવવા સહકાર આપવા વિનંતિ છે.

**શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર**

ઠે. શીયાણીપોળ રોડ

**મુ. વઢવાણ શહેર :: (સૌરાષ્ટ્ર)**

## ઉ....ઘ....ડ....તે પા....ને

**વિ.** નું જૂનું વર્ષ વ્યતીત થયું, ને નવલવર્ષનાં પગરણ પૃથ્વીપટ પર મંડાયા: ૨૦૧૭ નું વર્ષ કાળની અનંતતામાં છૂપાઇ ગયું. દેવાધિદેવ શ્રમણ ભગવાન શ્રી મહાવીર-દેવનાં નિર્વાણનું ૨૪૮૭ મું વર્ષ કાળની અનંત ઝડપમાં ઝડપાઇ ગયું, ને વિ. નું ૨૦૧૮મું, વીર નિર્વાણનું ૨૪૮૮ મું વર્ષ ઉગ્યું. ખરેખર કાલને કોઇની શરમ નથી. 'કલ્યાણ'નો આ અંક વાચકોના કરકમલમાં મૂકાશે, ત્યારે નૂતનવર્ષનું મંગલ પ્રભાત ઉગી ચૂકયું હશે!

**દેવાધિદેવ** શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવના નિર્વાણકલ્યાણક તરીકે સુપ્રસિદ્ધ દીપાલિકાપર્વ એ જૈનશાસનનું લોકોત્તર પર્વ છે, ગુણપૂજા જ્ઞાનપૂજા તથા તપપૂજા એ આ મહાપર્વનો પ્રાણ છે. ૧૬-૧૬ પ્રહર સુધી ભગવાનશ્રી મહાવીરદેવે આ દિવસોમાં ભારતવર્ષમાં જ્ઞાનની સુરસરિતા વહાવી. જગત પર-સમસ્ત સંસાર પર અમાપ, અનંત ઉપકારો કરી, સિદ્ધિના સનાતન મંગલધામમાં સિધાવી ગયા. વંદન હો-કોટિકોટિ વંદન હો! તે વિશ્વવંદનીય વીર મહાવીર પ્રભુને!

**દિવાલીના** દિવસોમાં ધનપૂજા, દીપપૂજા તથા ચોપડાપૂજનની જે પ્રથા ચાલી આવે છે, તેમાં પણ એ રહસ્ય સમાયેલું છે: દીપપૂજન એટલે ભ. શ્રી મહાવીરદેવના અનંતગુણોને યાદ કરી તેઓના ગુણોની પૂજા તે દીપ પૂજા છે. તેઓએ ભાખેલાં શ્રુતજ્ઞાનનું બહુમાન કરવું એ જ્ઞાનપૂજન-ચોપડાપૂજન છે, ને તે રીતે ભ. શ્રી મહાવીર દેવનાં શાસનનું બહુમાન તે જ ધનપૂજન છે: આ પૂજન ત્રિવેણીનો સુંદર સમન્વય એ જ દિવાળીપર્વની ઉજવણી. દીપાવલી મહાપર્વ એટલે પૂજાનું મહાપર્વ.

**નૂતનવર્ષના** મંગલ પ્રભાતે 'કલ્યાણ' તેના હજારો શુભેચ્છકો, વાચકો તથા ગ્રાહકોને નૂતનવર્ષાભિનંદન પાઠવે છે: સર્વ કોઈ શુભને પામો, શ્રેયને સાધો ને તે દ્વારા મંગલમાલને પ્રાપ્ત કરો, એ 'કલ્યાણ' ઇચ્છે છે. 'કલ્યાણ'નો આપ્તવર્ગ બહોળો છે; શુભેચ્છક સમાજ વિશાળ છે; ને તેના વાચકો, ગ્રાહકો તથા લેખકો વિશાલ છે. આ વિશાલપરિવારમાં પ્રત્યેકને અમે અમારા શુભ અભિનંદન ન પાઠવી શકીએ તે બને! તે કારણે આ પ્રસંગે સર્વ કોઇ 'કલ્યાણ'ના શુભેચ્છક વર્ગને અમે અમારા નૂતનવર્ષાભિનંદન પાઠવતાં પ્રાર્થીએ છીએ કે,—

'નૂતનવર્ષમાં સર્વકોઈ ધર્મના પ્રભાવે સુખ, સંપત્તિ, આરોગ્ય, કીર્તિ તથા યશ, પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરો! દેવ, ગુરુ તથા ધર્મ વિષે દૃઢ શ્રદ્ધા ધારનારા બનો! ન્યાય, નીતિ અને સચ્ચારિત્ર્યદ્વારા જીવનને સુસંસ્કારિત કરો! જીવનને ઉન્નત, ઉજ્વલ તથા ઉર્ધ્વગામી બનાવો!' 'કલ્યાણ' તેના શુભેચ્છક સર્વને માટે આ મંગલ ભાવના, શુભ કામના નિરંતર રાખે છે.

**ચાતુર્માસ** પૂર્ણ થાય છે. પૂ. પાદ ધર્મધુરંધર આચાર્ય દેવાદિ મુનિવરોનો વિહાર ખૂલ્લો થાય છે. ભારતભરના પ્રત્યેક પ્રદેશમાં વિહાર કરી રહેલા તેઓશ્રી જ

ખરેખર સમસ્ત જૈન સમાજના માર્ગદર્શક ઉપકારી છે. જૈનસમાજનુ એ સદ્ભાગ્ય છે કે, ધાર્મિક ક્ષેત્રમાં પૂ. મુનિવરોનું વર્ચસ્વ આજના જડવાદી વાતાવરણમાં પણ જળવાઈ રહ્યું છે. તે કારણે, પૂ. મુનિવરોએ જૈનસમાજને ધર્મભાવનામાં સુસ્થિર રાખવાના દરેકે દરેક પ્રયત્નો કરવા જોઇએ. જૈન સમાજમાં શ્રદ્ધા તથા સદાચારમાં જે શિથિલતા દિન-પ્રતિદિન વધતી રહી છે, તે માટે પૂ. શ્રમણભગવંતોએ ~~સ્વયં~~ પોતાના શ્રદ્ધા તથા સંયમમાર્ગના પાલનની શિથિલતા ટાળી સમાજને નિર્ભયપણે શ્રદ્ધા, સંયમ તથા સાત્વિકતાનો પ્રાણવાન સંદેશ આપવાની આજે અનિવાર્ય આવશ્યકતા છે.

**આ** જ એક શ્રદ્ધા, સંસ્કાર, સંયમ, શિક્ષણ તથા સાત્વિકતાનો મંગલ સંદેશ ઘેર ઘેર ગૂંજતો કરવાની 'કલ્યાણ'ની નેમ છે, તેનો ઉદ્દેશ છે. તેમજ તેની તમન્ના છે: તે માટે તે દરેક રીતે પ્રયત્નશીલ છે, એક પાઇ પણ કમાવાના ઉદ્દેશ વિના સમાજમાં સંસ્કારવાહી સાહિત્યના પ્રચાર કાજે મથતા 'કલ્યાણ'ને આપ સર્વ શુભેચ્છકો આપ આપનો સહૃદયભાવે સહકાર આપતા રહેશો ને અમારી ક્ષતિઓ, ત્રુટિઓ, કે સ્ખલનાઓને ક્ષમ્ય ગણશો.

નૂતનવર્ષના મંગલ પ્રભાતે સર્વ કોઈ શુભેચ્છક પૂ. પાદ આચાર્ય દેવાદિ ધર્મધુરંધર મુનિવરોના તથા સર્વ શુભેચ્છક પ્રચારકો, લેખકો, વાચકો, અને ગ્રાહકોના મંગલને ઇચ્છતા, અને સર્વ શુભેચ્છકોના શુભાશિષની પ્રાર્થના કરતાં અમે વિરમીએ છીએ!

વાધો કીર્તિ અથાગ વિશ્વ સઘળે વ્યાપો, સદા નામના,
ઐશ્વર્ય, સુખ, સમૃદ્ધિ વિપુલતા, થાજો પૂરી કામના;
ભક્તિ દેવ-ગુરુ વિષે દૃઢ રહો, ધર્મે વધો ભાવના,
વિક્રમના નવ વર્ષમાં સુખી રહો, એ છે સદા પ્રાર્થના.

શુભેચ્છક

તા. ૮-૧૧-૬૧

કીરચંદ જે. શેઠ
(સં. 'કલ્યાણ') ના સ્નેહવંદન

---

(અનુસંધાન પાન ૪નું ચાલુ)

પરંતુ સત્યનાં પરિવર્તન કદી થતાં નથી! એને કાળની ગતિ કે સમયનો ધોધમાર પ્રવાહ કેદી પણ ચલાયમાન કરી શકતો નથી.

અને જે વ્યક્તિ, જે સમાજ કે જે સંપ્રદાય સત્યને વળગી રહેવા માટે ગમે તેટલા સંકટો સહી લેવામાં ગૌરવ અનુભવતો હોય છે તે સંસારમાંથી કદી નષ્ટ થતો નથી.

મુંબઇ ખાતે શરૂ થયેલા કહેવાતા ક્રાંતિકારી કદમનો વિચાર જો આવતીકાલને નજર સમક્ષ રાખીને કરવામાં આવ્યો હોત તો પ્રશ્નનો ઉકેલ આવી શકત.... પ્રશ્ન પોતે વિસંવાદનો કોયડો ન બની જાત.

વર્ષ : ૧૮
અંક : ૯

# કલ્યાણ

કારતક
૨૦૧૭

## વિસંવાદનો કોયડો !

વૈદ્યરાજ શ્રી મોહનલાલ ધામી

સંઘર્ષ, સંગ્રામ અથવા મતભેદમાંથી જાગેલો મનભેદ જ્યારે જ્યારે થાય છે, ત્યારે ત્યારે એના પરિણામો ભાવિ પ્રજાને ભોગવવાં જ પડે છે.

સંસારમાં થઇ ગયેલાં કોઇપણ નાનામોટા સંઘર્ષનો વિચાર કરીશું તો ઉપરોક્ત સત્યની પ્રતિતિ થયા વગર રહેશે નહિં.

એજ રીતે કહેવાતા નવા-જુના વિચારોનો સંઘર્ષકાળ શરૂ થાય છે, ત્યારે સમાજ જીવન ભારે કમજોર બની જતું હોય છે અને વિસંવાદની રંગભૂમિ પર કયું ચિત્ર ઉપસી આવશે તે કહેવું ભારે કઠણ થઇ પડે છે.

આપણા નાનકડા સમાજમાં આવો માનસિક સંઘર્ષ વરસોથી ચાલી રહ્યો છે. કારણ કે સમાજમાં કહેવાતા જુના વિચાર અને કહેવાતા નવા વિચારની વચ્ચે અવારનવાર અથડામણો ઉભી થતી હોય છે, અથવા એકે કરેલું કાર્ય પહેલા માટે નિંદાનું સાધન બને છે અથવા બીજાએ કરેલું કાર્ય પહેલા માટે નિંદાનું રમકડું બની જાય છે. આમ કોઈપણ નાના મોટા પ્રશ્નો આ રીતે બંને વિચારસરણી વચ્ચે અથડાતા જ રહે છે. આ અથડામણનું પરિણામ પ્રશ્નના ઉકેલમાં નથી આવતું પણ વાડાબંધી કે એવાં વર્તુલોની પ્રતિષ્ઠામાં જ આવતું હોય છે.

દાખલા તરીકે થોડા દિવસો પહેલાં મુંબઇમાં કોઈ સ્થળે આપણા બે પૂજ્ય મુનિવરોએ પ્રવચન આપતી વખતે માઈકનો ઉપયોગ કર્યો હતો.

એક પક્ષે આ પગલાને મહાન ક્રાંતિનું કદમ ગણાવ્યું ત્યારે બીજા પક્ષને આ પગલું ભારે ખેદજનક અને અનુચિત લાગ્યું.

આ કદમ માટે બંને પક્ષો પાસે દલિલો છે અને હકિકત પણ છે.

કહેવાતા નવા વિચારવાળો વર્ગ આ કાર્યને ક્રાંતિકારી કદમ માને છે, એના કારણમાં તે જણાવે છે કે ધર્મપ્રચારના હેતુ ખાતર લોકો વધારે સરલતાથી સાંભળી શકે એ ખૂબજ આવશ્યક છે. હજારો માણસો એકત્ર થયા હોય અને જો આવાં અદ્યતન સાધનનો ઉપયોગ ન થતો હોય તો મુનિશ્રીનાં પ્રવચનનો શબ્દ કોઇને સંભળાતો નથી, ઘોંઘાટ વધી જાય છે અને પ્રવચનનો જે હેતુ હોય છે તે નષ્ટ થાય છે.

કહેવાતા જુના વિચારવાળો વર્ગ આવા કદમને શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધનું માને છે. કારણ કે આ રીતે જેમાં કરોડો જીવોની હિંસા અવિરત થતી હોય છે તેવા સાધનોનો

ઉપયોગ કરીને જૈનસાધુઓએ અહિંસાની સર્વોચ્ચ પરંપરાનો ત્યાગ ન કરવો જોઇએ. જૈનમુનિ કેવળ આધ્યાત્મિક આદર્શનો જ ધ્વજ ધારણ કરીને ચાલતો ચોકિદાર છે. એનાથી આવા યંત્રવાદને કે ભૌતિક સાધનોને ટેકો આપી શકાય નહિં.

આમ બંને વિચાર ધરાવતા વર્ગો પાસે દલિલો છે, હકિકત છે, સમયની માગ પણ છે.

નવા વિચારના માણસો પોતાના બચાવમાં કે સમર્થનમાં એ પણ કહેતા હોય છે કે જૈન સાધુઓ ઇન્ડિપેન રાખે છે, તાર ટપાલનો આશ્રય લે છે, ગ્રંથો છપાવે છે અને એ રીતે સીધા નહિં તો પરોક્ષ રીતે પણ ભૌતિક સાધનો અને યંત્રવાદને પંપાળતા હોય છે.

જુના વિચારના માણસો પણ કહે છે કે આ રીતે અનાવશ્યક સાધનોનો ઉપયોગ થયા જ કરશે અને એક પછી એક પગલું ચૂકાતું જશે તો આવતીકાલે જૈન સાધુઓ રેલ્વેમાં કે વિમાનમાં વિહાર કરતા થઇ જશે.

આમ બંને પક્ષો પાસે દલિલો પડી છે. પરંતુ ઉભા થયેલા પ્રશ્નનો ઉકેલ બંનેમાંથી કોઇ પાસે નથી. દલિલો એ તો કેવળ વિસંવાદ ઉભો કરે છે. વિસંવાદથી ઉકેલ આવતો નથી. ઉકેલ તો એકબીજાએ પોતાના પૂર્વગ્રહો દૂર કરી, સાથે બેસી, સામુદાયિક હિતનો ખ્યાલ રાખી અને જૈનસાધુની મર્યાદાને હોડમાં ન મૂકવી પડે એ જાગૃતિ રાખી પ્રશ્નનો ઉકેલ લાવવો જોઈએ.

કહેવાતો જુનવાણીવર્ગ સાચો છે કે નવા વિચારવાળો વર્ગ સાચો જ એ પ્રશ્ન અભરાઈ પર ચડાવી દેવો જોઇએ, અને બંને પક્ષોએ ભાવિ પેઢી પર આવા કદમની કેવી અસર થશે એ ધ્યાનમાં રાખીને જ નિર્ણય કરવો જોઇએ.

આ પ્રસંગે સૌરાષ્ટ્રનો એક જીવતો પ્રસંગ યાદ આવે છે. સ્થાનકવાસી સંપ્રદાયમાં જેમનું ખૂબજ માન હતું એવા શ્રી કાનજીસ્વામી એક દિવસે નવો જ પંથ કાઢીને બેસી ગયા. મુહપત્તિ ફગાવી દીધી અને એક જબ્બર ક્રાંતિ તરીકે એમની ક્રિયાને કેટલાકોએ બિરદાવી અને ધીરે ધીરે શ્રી કાનજીસ્વામીનો નૂતનપંથ કાંઇક અંશે દિગમ્બર અને કાંઇક અંશે કંઇ ન સમજાય એવા અંબર-વસ્ત્રો સાથે પ્રવૃત્ત બનવો શરૂ થયો. જે મુનિએ આજીવન મહાવ્રતની પ્રતિજ્ઞા લીધી હતી તે મુનિશ્રી છેવટે આજ મોટરમાં પણ વિહાર કરતા થઈ ગયા છે. દલિલમાં બચાવ એમ થાય છે શ્રી કાનજીમુનિ જૈન સાધુ નથી પણ બ્રહ્મચારી છે!

સાધુતાના મંગળ સિંહાસનનો આ રીતે ત્યાગ કરવાનું કારણ શું? કેવળ પોતાના દોષનો બચાવ! આ સિવાય અહિં કોઈ તાત્વિક કારણ હોઇ શકે નહિં, છે નહિં.

આ રીતે કોઇપણ કદમ જો ભાવિ પેઢીને લક્ષ્યમાં રાખ્યા વગર ભરવામાં આવે તો તે કદમ લાભદાયી જ નિવડે એમ માની લેવું નહિં જોઇએ.

સંસારમાં પરિવર્તન તો થયા જ કરે છે.... કાળની ગતિને નિહાળવી પડે છે....

(જુઓ અનુસંધાન પાન ૨ જું)

# ભારતમાં ચાલી રહેલી જીવહિંસાનો વિરોધ કરો

શ્રી ચીમનલાલ મણિલાલ શાહ

આજે ભારતમાં ચોમેર માંસાહાર તથા જીવહિંસાનો પ્રચાર વધી રહ્યો છે. અનાજની અછત તથા નિરૂપયોગી પશુઓ ઇત્યાદિ બહાના હેઠળ જીવહિંસાને કોંગ્રેસીતંત્રમાં ઉત્તેજન મલી રહ્યું છે. તેવાઓનાં એ કાર્યની અનુચિતતા સમજવા માટે તેમજ જીવદયાના પ્રચારની ઉપયોગિતા સમજવા માટે 'જૈનપ્રકાશ'માં પ્રસિદ્ધ થયેલી આ પ્રશ્નોત્તરી જરૂર માર્ગદર્શક બની શકશે તે દૃષ્ટિએ આ લેખ અહિં ઉધ્ધૃત કરીને લેખકના સૌજન્યપૂર્વક પ્રસિદ્ધ કરીએ છીએ! આ કે આવા અન્યાન્ય સ્થલે પ્રસિદ્ધ થયેલ લેખોને 'કલ્યાણ'માં પ્રસિદ્ધ કરતાં અમે એ સ્પષ્ટતા કરીએ છીએ કે, લેખકોના બધા વિચારો સાથે કે લેખો સાથે અમે સમ્મત નથી.

**પ્રશ્ન** : ઘરડા, અપંગ, માંદા જાનવરોને–પશુઓને જીવનના છેડા સુધી પાળવા તે શું યોગ્ય છે? તે રીબાઇ રીબાઈને મરે તેના કરતાં ઉપયોગમાં આવે તો ખોટું છે? તેઓ હેરાનગતિમાંથી છૂટે અને બોજા રૂપ થતા અટકે.

**ઉત્તર** : જ્ઞાની પુરૂષોએ પોતાના જ્ઞાનથી બતાવ્યું છે કે, જગતના દરેક જીવોને વ્હાલામાં વ્હાલી ચીજ હોય તો તે પોતાના પ્રાણ છે. સૌથી અધિક વ્હાલું કોઈ ગમે તેને ગણાવતું હોય પણ પોતાના પ્રાણ જ વ્હાલા હોય છે. દરેક પ્રાણીઓ જીવવા ઇચ્છે છે, ગમે તેવી ભયંકર બિમારી અથવા રીબામણી હોય છતાં મરવા કોઇ ઇચ્છતું નથી. માંદગીના છેલ્લા બીછાને પડેલાં મનુષ્યને જેમ મરવું ગમતું નથી, કોઇ પણ ઉપાયે જીવાતું હોય તો જીવવું જ ગમે છે. તેમ દરેક પ્રાણીને, પછી તે ન્હાનું હોય કે મોટું, જીવવું જ ગમે છે. કોઇ પ્રાણીના પ્રાણ લેવા તે દયા કરવા બરાબર નથી, પણ વ્હાલામાં વ્હાલી વસ્તુ ઝુંટવી લેવા બરાબર છે. વિષ્ટામાં રહેલા કીડાને પણ જીવવું જ ગમે છે. દુઃખી, દર્દી જીવોને બને તેટલી રાહત આપવી તેજ દયા છે. ઘરડા, માંદા, અપંગ પશુઓને જેટલી શાતા પહોંચાડી શકીએ, રાહત આપી શકીએ તેટલી આપવી જોઈએ.

**પ્રશ્ન** : અર્થશાસ્ત્રીઓ કહે છે કે બીન ઉપયોગી પશુઓને પાળવા પોષવાથી દેશ ઉપર આર્થિક બોજો વધે છે અને દેશનો વિકાસ અટકે છે તેનું શું?

**ઉત્તર** : પશુઓ બોજા રૂપ બને છે, ખાસ કરીને ગાયો, ભેંસો, બળદો વિગેરે તે માન્યતા ભ્રામક છે. આવા પશુઓ જીવનના છેડા સુધી પેટ વડીયા કામ કરે છે, લુખુ સુકુ ઘાસ ખાઇને ઘણુ કામ આપે છે. તે ઘરડા અપંગ થાય ત્યારે તેમને પાળવાની મનુષ્યોની ફરજ છે. જો તેઓને પગાર મળતો હોય તો બચત્ કરે અને વૃદ્ધાવસ્થામાં સુખેથી રહે એટલે પેન્શન રૂપે તેમને વૃદ્ધાવસ્થામાં પાળવા

જોઈએ. વૃદ્ધ અને અપંગ પશુઓ સાવ અપંગ તો નથી જ. આપણે તેમનો પૂરતો ઉપયોગ ન કરી શકીએ તે જુદી વાત છે. તેઓના છાણ મુતરથી ઘણું ઉપયોગી ખાતર પેદા થાય છે, વળી મરી ગયા બાદ પણ તેમના હાડકા, ચામડા, વિ. ઉપયોગી નીવડે છે. તેમનું પાલન કરવું તે પ્રાથમિક ફરજ છે.

**પ્રશ્ન** : જ્યાં મનુષ્યોને માટે પૂરતું સાધન નથી ત્યાં પશુઓને તેમાંયે બીન ઉપયોગીને પાળવા તે શું યોગ્ય છે?

**ઉત્તર** : એક જ આર્થિક દૃષ્ટિબિંદુથી બધા પ્રશ્નો વિચારવા તે જડવાદી વિચારસરણી છે. આર્યદેશની પ્રજામાં એવા સંસ્કાર છે કે પોતે ભૂખ્યા રહીને પણ પશુઓને જીવાડે, મારે તો નહિ જ, કસાઈને ન આપે. મનુષ્યોનો અને પશુઓનો ખોરાક અલગ છે એટલે પશુઓને પાળવાથી અન્નનો જથ્થો ઘટતો નથી. ભારતમાં મનુષ્યોની ગરીબીના અનેક કારણો છે. વ્હેમ, અજ્ઞાન, ઉદ્યોગપણાનો અભાવ, ખોટા ખર્ચ, રોજગારીનો અભાવ વગેરે વગેરે. પ્રજા પાસેથી કર મારફત મેળવેલા નાણાનો અનેક રીતે દુર્વ્યય થાય છે તે અટકવો જોઈએ. જાહેર સમારંભો હરહંમેશ યોજાય છે તે બંધ થવા જોઈએ. વધારાની વપરાશ ઉપર અંકુશ આવવો જોઈએ. જ્યાં સુધી ગરીબી છે ત્યાં સુધી શતાબ્દીઓ, જયંતિઓ, વિગેરે ઉજવણીઓ બંધ રાખવી જોઈએ. મોજશોખ ઘટવા જોઈએ. સીનેમાગૃહો ખુલવા પર પ્રતિબંધ આવવો જોઈએ. રોજગારી વધારવા માટે ગ્રામોદ્યોગને જેટલું બને તેટલું પ્રોત્સાહન આપવું જોઈએ. જીવોની દયા તે માતા છે. માતા જેમ પુત્રનું રક્ષણ કરે તેમ દયા કુદરતી અને બીજી આફતોથી રક્ષણ કરે છે.

**પ્રશ્ન** : બીન ઉપયોગી પશુઓને પાળવાથી ઉપયોગી પશુઓના ઉછેરને વાંધો આવે અને નબળા રહે તેમ ન બને?

**ઉત્તર** : ના, એવું બને નહિ. એક બાબત એ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે પશુઓ બીન ઉપયોગી જણાતા હોય તો પણ તદ્દન બીન ઉપયોગી હોતા નથી. થોડે ઘણે અંશે ઉપયોગી નીવડે છે. વળી ઉપયોગી પશુઓને પોતાના ખેતી વગેરેના વ્યવસાય માટે વ્યક્તિગત રીતે રાખવામાં આવે છે, જ્યારે બીન ઉપયોગી પશુઓને પાંજરાપોળોમાં, ગૌશાળાઓમાં પાળવામાં આવે છે. જે જીવદયા પ્રેમીઓ તરફથી ચાલતી હોય છે, સમાજ તેમાં ફાળો આપે છે, તેથી ઉપયોગી પશુઓના ઉછેરને વાંધો આવતો નથી. પશુઓને પુરતું પોષણ મળે તે માટે પ્રબંધ કરવો જોઈએ. ધારો કે અનાજની ખૂબ તંગી પડી જાય તો ઉપયોગી બીન ઉપયોગીના સિદ્ધાંત પ્રમાણે બીન ઉપયોગી મનુષ્યોનું શું? આ સિદ્ધાંતવાળા તો એમ જ કહેશે કે ઉપયોગીને પહેલાં મળવું જોઈએ, બીન ઉપયોગી, ઘરડા મનુષ્યોને પછી.

**પ્રશ્ન** : પશુઓની કત્લ બંધ કરીએ તેથી કસાઈ લોકોનો ધંધો પડી ભાંગે, તેના પેટ પર પાટુ પડે, રોજી બંધ થાય તેનું શું?

**ઉત્તર** : દારુબંધી સરકારે કરી તેથી દારુનાં પીઠાવાળા, કલાલ ઇ. લોકોનું શું થયું? તેમને બીજો વ્યવસાય પૂરો પાડવો જોઈએ. તેઓમાંના ઘણા કસાઈ લોકો બીજો વ્યવસાય મળતો હોય તો આવો હિંસાનો ધંધો છોડી

દેવા તૈયાર હોય છે. અગાઉ રાજા કુમારપાળના વખતમાં એવુ બનેલું ત્યારે કસાઈ લોકોને ધંધો છોડાવીને રાજાએ વર્ષાસન અમુક વખત માટે આપેલ, તે દરમ્યાનમાં બીજા વ્યવસાયમાં જોડાઇ જાય.

**પ્રશ્ન** : જેઓ માંસાહાર કરે છે તેમને ખોરાક ન મળે, ઓછો મળે તેનું શું? તેમની ખોરાકની ટેવ પ્રમાણે ખોરાક તો આપવો જોઇએ ને?

**ઉત્તર** : માંસાહાર અનિવાર્ય નથી, માંસાહાર બીનકુદરતી છે અને તેથી માંસાહાર અટકાવવાનો પ્રચાર કરવો જોઈએ. ઘણા પુસ્તકો અને લેખો તથા સાહિત્ય માંસાહારના ગુણ–દોષો વિષે લખાયા છે. ભારતમાં શાકાહાર અપનાવવો બહુ સહેલું છે, કારણ કે અનેક પ્રકારની શાકાહારી વાનીઓ બને છે. ખોરાકની ટેવો જરૂર બદલી શકાય છે. પશ્ચિમમાં કેટલાય શાકાહારી મંડળોના પ્રચારથી લોકો માંસાહાર છોડી શાકાહાર અપનાવે છે, ત્યાં શાકાહારનો પ્રચાર વધતો જાય છે. આપણે જોઇએ તો જણાશે કે માંસાહારી પ્રદેશના લોકો ગુજરાત સૌરાષ્ટ્ર જેવા પ્રદેશમાં રહેવાથી માંસાહારી ટેવો બદલી શકયા છે, શાકાહારી બન્યા છે.

**પ્રશ્ન** : અહિંસાની દૃષ્ટિએ અને આર્ય સંસ્કૃતિ પ્રમાણે પશુઓની કતલ તદ્દન બંધ કરવી જોઇએ અને કતલખાના બંધ કરવા જોઈએ?

**ઉત્તર** : હા, જરૂર, કરવા જોઈએ. અમારિ પડહો વજડાવવા જોઇએ. જો જીવદયાવાળાનો રાજ્યમાં અવાજ હોય તો અમો એમજ કરીએ કે રાજ્યમાં કોઇ પણ પ્રકારની હિંસા થવી જ ન જોઇએ. અગાઉના વખતમાં રાજા મહારાજાઓ જ્યારે અહિંસા ધર્મ અપનાવતા ત્યારે રાજ્યમાં અમારી પડહો વજડાવતા હતા, એટલે રાજ્યમાં કોઇએ કોઇ પ્રાણીની હિંસા કરવી નહિ, કરે તો ગુન્હો ગણાય.

**પ્રશ્ન** : માંસાહારમાં આટલું બધું પાપ બતાવવામાં આવે છે તો પછી દુનિયા ઉપર મોટા ભાગના લોકો માંસાહાર કરે છે તે લોકો શું નર્કમાં જવાના?

**ઉત્તર** : નર્કમાં જવાના ચાર કારણો બતાવ્યા છે, એ ચાર કારણો સેવનારા નર્કમાં જાય. કર્મબંધનો આધાર પરિણામ ઉપર છે. માંસાહાર કરનારા મંદકષાયી, પરોપકારી હોય સત્કાર્યો કરનાર હોય, (એ બનવું અસંભવિત છે.) પણ હિંસાનું પાપ તો જરૂર લાગે.

**પ્રશ્ન** : માંસાહારીઓની સંખ્યા જબરજસ્ત છે, અને તે લોકો સુખી, ધનીક અને તંદુરસ્ત પણ દેખાય છે તે શાથી?

**ઉત્તર** : માંસાહારીઓ પૂર્વના પુન્યથી અને વર્તમાન પુરૂષાર્થથી સુખી હોય પણ તેથી તેમ માની લેવાનું કારણ નથી કે માંસાહારથી પાપ નથી. જીવહિંસાથી જરૂર પાપ થાય છે અને તે પાપના ફળો જરૂર ભોગવવા પડે છે. બારીક દૃષ્ટિથી જોઇએ; જે જીવો કતલખાનામાં કપાય છે, જે માછલીઓને મારવામાં આવે છે તે વર્તમાન જીવનમાં તો તદ્દન નિર્દોષ જણાય છે છતાં તેમને આવી શિક્ષા શા માટે સહન કરવી પડે છે, મરણ શા માટે આવે છે? તેમણે પૂર્વે અશુભ કર્મ

(અનુસંધાન માટે જુઓ પાન ૬૫૫)

# કાદવમાંથી કમળ

પૂ. મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી મહારાજ ભાભર

જીવનમાં છેક-છેલ્લી અધમતા તથા ક્રૂરતાની હદે પહોંચેલ આત્મા, સત્પુરુષોના પરિચયને પામી પોતાનાં પાપોને જે રીતે પ્રજાળે છે. તેની ટુંકી છતાં મર્મ સ્પર્શી ઘટના આ ઐતિહાસિક કથા કહી જાય છે. લેખક મુનિરાજશ્રીનો આ પ્રથમ પ્રયાસ છે, તેઓ આ રીતે લેખન ચાલુ રાખે તો અવશ્ય પ્રગતિ કરી શકશે.

⊙

બ્રાહ્મણનો છોકરો દૃઢપ્રહારી. ભારે અટકચાળો ગામ આખામાં પહેલા નંબરનો તોફાની ગણાતો. હંમેશ કોઈ છોકરાઓને મારે કોઈની ચીજ વસ્તુ તફડાવી લે એટલે માતા-પિતા પાસે ફરિયાદ આવે તે હેતથી સમજાવે પણ એ તો 'તુમ બકતે ભલે હમ સુણતે ભલે' જેવું ગણી પરાક્રમો અજમાવે જાય. ભાઈસાહેબે યુવાનિમાં પ્રવેશતાં રોજનીશિમાં જુગારના કાર્યક્રમને ખાસ સ્થાન આપ્યું ભારે હારજિત કરે. પૈસાની જરૂરિયાત પૂર્ણ કરવા મોટી ચોરીઓ કરી ધામ પૈસા લાવે. જાણે વયની વૃદ્ધિ સાથે બાલ્યકાલની કુટેવોએ સ્પર્ધા ન માંડી હોય! તેમ તે વધવા લાગી શાણા લોકો શિખામણ દે છે 'ભાઇ ફૂટતી યુવાની છે તેને તું ચોરી જુગારમાં કાં વેડફે? જુવાન માણસે લોકોનું દુઃખ દૂર કરી દેશ ગામ અને પોતાના આત્માના રક્ષક બનવું જોઇએ તું તો ઉલ્ટો ભક્ષક બને છે આજથી પ્રમાણિકપણે વ્યાપાર જીવન વીતાવ. ચોરી કરતાં કોકદિ ફુચ્ચા નીકળી જશે તો જીવન હારી જઇશ.'

ખડખડ હસતાં જુવાને જવાબ આપ્યો; 'માર ખાધા વિના માલ ન મલે. માથું વાઢે એજ માલ કાઢે. ચોરી કરવી એં અમારા જેવા બહાદુરોનું કામ છે, નહિ કે તમારા જેવા બીકણોનું,' આ સાંભળી લોકો કહે છે, 'ફટ્રે ફટ ભૂંડા તારી જનેતાએ પત્થરો જણ્યો હોત તો ધોવા માટે કામ આવત પણ તું તો સાવ નકામો.'

આ પ્રમાણે સુણી બટક બોલો તે બોલ્યો, 'હું પત્થરો થયો હોત તો તમારી ટાલ જ પ્રથમ તોડી નાખત જેથી તમે બકતા જ બંધ થઈ જાત.' આવા માથાતોડ જવાબ આપી બોલનારને ચૂપ કરી દેતો અને સ્વેચ્છાએ વર્તતો.

રોજબરોજ તેનો જુલ્મ વધવા લાગ્યો. રાજા પાસે ફરિયાદ ગઇ ને આજ્ઞા થઇ ને બદમાશને હંમેશ માટે ગામથી દૂર કરો. તરતજ હુકમ અમલી બન્યો સગા સંબંધી અને વતનના સ્નેહની એણે તમા ન કરી અટવી ભણી ચાલ્યો. કેટલેક દિવસે એક પલ્લી સમીપ આવ્યો.

ભિલ્લોએ તેને કેદી બનાવ્યો ને લાવ્યા પોતાના રાજા પાસે. હૃષ્ટ પુષ્ટ જુવાનને જોતાં વેંતજ રાજા અંજાઈ ગયો. તેણે કેદીમાં પોતાના ધંધાને યોગ્ય લક્ષણો પારખી લીધાં. પ્રેમથી પલ્લીપતિએ પૂછ્યું : 'કેમ ભાઈ તારે

અમારા લૂંટના ધંધામાં જોડાવું છે ?' આને તો ભાવતું હતું ને વૈદ્યે કહ્યું.

તેથી આનંદમાં આવી જઇ બોલ્યો : 'સ્વામીનો જે માર્ગ એજ મારો માર્ગ કારણ કે હંમેશા સેવકો સ્વામીનો માર્ગ અખત્યાર કરતા હોય છે.'

બ્રાહ્મણ પુત્રની વિનયયુક્ત જવાબ આપવાની અદાથી પલ્લીરાજ તેના પર ફિદા-ફિદા થઇ ગયો. થોડા દિવસમાં તેની બલ બુદ્ધિ કુનેહની સર્વ પલ્લીવાસીઓ તારીફ કરવા લાગ્યા. આ જુવાન લૂંટારો મોટીમોટી ધાડો લઇ જાય ધન વગેરે આપવામાં આના કાની કરનારને શમશેરના એકજ ઘાએ ઉડાવી દે આવો તેનો આકરો પ્રહાર હોવાથી તેનું નામ પડયું દઢપ્રહારી. દઢપ્રહારી એકદા કુશસ્થલ નગર તરફ ધાડ લઈ ચાલ્યો. એ ગામમાં રહે એક દરિદ્રી બ્રાહ્મણનું કુટુંબ. ભિક્ષા માગી ઉદરપૂર્તિ કરે. ક્ષીરનો તહેવાર આવ્યો. છોકરાઓ રડતા રડતા કહેવા લાગ્યા; 'મા....મા.... અમોરે ખીર ખાવી છે, ઘરમાં તો હાંલ્લાં કુસ્તી કરે છે.' બ્રાહ્મણી-માતા શું જવાબ આપે! પ્રેમ ઘેલી માની આંખમાં અશ્રુ અવ્યાં, પોતાની દરિદ્રતા પર તેને ધિક્કાર છૂટયો.

ખરેખર દરિદ્રતા એ મરણનું બીજું નામ છે. पर्यायो मरणस्याऽयं निर्धनत्व शरीरिणाम् છોકરાઓને રડતા જોઈ બ્રાહ્મણે ભિક્ષા અટન કરી ખીર સામગ્રી આણી. ખીર પકવવા મૂકી, બ્રાહ્મણ ન્હાવા ગયો, આ બાજુ દઢપ્રહારીની ધાડ કુશસ્થલ પર ત્રાટકી. ગામમાં શોરબકોર મચી ગયો. લૂંટારાઓની દહેશતથી લોકો આમતેમ દોડવા લાગ્યા. થોડા લૂંટારા લૂંટ ચલાવતા આ દરિદ્રી બ્રાહ્મણને ત્યાં આવ્યા. કંઈ લેવા જેવું હતું નહિ, તેથી ભૂખ્યા ડાંસ જેવા થયેલા તેઓ ખીર આરોગવા લાગ્યા, બાલકો સામે જોઇ રહ્યા. સ્નાન કરી આવેલ બ્રાહ્મણ આ જોઇ ક્રોધથી ધસમસતો ડેલીનો આગળિયો ઉપાડી મરણિયો થઇ ચોરો પર ધસ્યો, જોતજોતામાં એક બેને ભોં ભેગા કરી દીધા.

તેટલામાં આવ્યો ત્યાં દઢપ્રહારી. પોતાના સાથીઓ સાથે બ્રાહ્મણને લડતો જોઇ તેનો કોપ આસમાને પહોંચ્યો. નગ્ન તલવારે બ્રાહ્મણ તરફ ધાયો. પોતાના પતિને બચાવવા બ્રાહ્મણી ગાળો ભાંડતી વચ્ચે પડી, ક્રોધથી ધમધમતા દઢપ્રહારીએ ગર્ભવતી સ્ત્રીનું એક જ ઘાએ કરુણ મોત નીપજાવ્યું. ગર્ભસ્થ બાલકના પણ એજ હાલ થયા. પોતાના પાલકની માઠી હાલત જોઇ ગાય ખીલો તોડી પૂંછડી ઉછાળતી ડાકુની સામે દોડી, નિર્દય ડાકુએ અસિના ઝાટકે આના પણ રામ રમાડી દીધા. છેલ્લે છેલ્લે યમ સદશ આ હત્યારાએ બ્રાહ્મણના પણ સો વર્ષ પૂરા કરી નાખ્યા.

પોતાના માતપિતાના મૃત્યુથી બાલકો મોટેથી રડવા લાગ્યા, બાલકોનું રુદન અને ચાર શબ જોઇ પાષાણ હૃદયી હત્યારાના મુખમાંથી અરેરાટી નીકળી ગઇ, શરીર કંપવા લાગ્યું.

કાદવશા તેના મલિન હૃદયથી પશ્ચાત્તાપ -કમલનો પરિમલ પ્રગટયો. તેના મને શુભ વિચારો અને આત્મોન્નતિના મંગલપંથે પ્રયાણ આદર્યું. મેં આજે આ ભૂલકા બાલોને નિરાધાર કર્યા તથા સ્ત્રીહત્યા બાલહત્યા ગૌહત્યા અને બ્રહ્મહત્યા જેવી ચાર મહાન હત્યાઓ મારે હાથે થઇ 'અરે પ્રભુ! મેં આ શું કર્યું?'

'કોઇ પણ જીવને મારવાનો અધિકાર મને નથી અન્યને હું જો પ્રાણ ન આપી શકું તો અન્ય પાસેથી લઈ પણ કેમ શકું? તો હે આત્મન્ તારી ભયંકર ભૂલને કર્મસત્તા માફ નહિ કરે, એ ઘોર ફલ આપશે. કારણ કે દુનિયામાં સર્વ સત્તાઓને કદાચ તું પડકારી શકે પણ ધર્મસત્તાની સહાય વિના કર્મસત્તાને પડકારી નહિ શકે. કર્મ સત્તાને ખેદાનમેદાન કરવી હોય તો ધર્મસત્તાનું શરણ સ્વીકારી સજ્જન બન.' આ પ્રમાણે શુભ ભાવનામાં ઉડ્ડયન કરતો તે નગર બહાર આવ્યો. ત્યાં તરુવરની છાયા નીચે એક મુનિવરને પેખી ચરણમાં પડી આંખમાંથી શ્રાવણ ભાદરવો વરસવા લાગ્યો.

મૂર્તિમંત પ્રેમસમા મુનિરાજે વાત્સલ્યથી પૂછ્યું, 'કેમ ભાઇ આમ શીદને રડો છો?' 'પ્રભો પ્રભો શું કહું? મુજ પાપીનાં હાથે આજે ચાર હત્યાઓ થઇ, બાલકો નિરાધાર બન્યા. મારું સમસ્ત જીવન પાપમય કાર્યો પાછળ વેડફાઇ રહ્યું છે તો મારું કોઇ સ્થાન જગતમાં ખરું?'

સંત વદ્યા, 'હા મહાનુભાવ! ધર્મદુનિયામાં તમારું સ્થાન છે, માટે ધર્મ સ્વીકારી કલ્યાણ કરો' આશ્ચર્યાન્વિત દૃઢપ્રહારી બોલ્યો; 'શું ભગવન્! મહાન હત્યારાઓનું પણ ધર્મમાં સ્થાન છે?'

સાધુએ કહ્યું: 'સદ્‌જીવનના વાંછુ મહાન પાપીને પણ ધર્મ શરણ આપી સુખ બક્ષે છે, ધર્મ એ કોઇ ધનથી મલતી વસ્તુ નથી. પરંતુ કષાયો કાપવાથી અને સ્વ સમર્પણથી મલતો આત્મ ગુણ છે, તેથી અહીં ઉચ્ચનીચનો કોઇ પ્રશ્ન જ નથી. જ્યારે જેને ધર્મભાવના જાગૃત થઇ ત્યારે તે રોકટોક વિના ધર્મ કરી શકે. સુવર્ણસમ શુદ્ધ આતમ પર લાગેલ કષાય શ્યામતાને હરાવવા તુજ આતમને ધ્યાનાગ્નિમાં હોમી દે. મેઘનો શબ્દ સુણી મયૂર જેમ મોદ માને તેમ મુનિના શબ્દો સાંભળી હત્યારો રાજીનો રેડ થઇ ગયો. મુનિએ યોગ્ય આત્મા જાણી સંયમીજીવનનો મહિમા અને કઠિનતા સમજાવી તેને પ્રવ્રજ્યા પ્રદાન કરી ત્યાં ને ત્યાં નવદીક્ષિતે પ્રતિજ્ઞા કરી. 'જ્યાં લગી કરેલ પાપોની સ્મૃતિ થાય અગર કોઈ કરાવે ત્યાં લગી મારે આજથી અન્ન જલ ન ખપે' આનું નામ કર્મે શૂરા તે ધર્મે શૂરા.

આ મહાવૈરાગી મુનિએ નગરના પ્રથમ દરવાજે પહોંચીને લગાવ્યું ધ્યાન.

લોકો સંત બનેલ દૃઢપ્રહારીને નિરખી કહે છે; 'મારો રે મારો આ ઢોંગી હત્યારાને ગામ આખામાં તો કાળો કેર વર્તાવ્યો અને હવે અહીં મુંડાવીને ઊભો છે જાણે મોટો સંતનો દિકરો થઇ ગયો હોય.' આમ બોલી કોઇ પત્થરો મારે કોઇ અશુચિ પદાર્થો ફેંકે કોઇ ધુળ નાંખે, કોઈ તેના અપરાધોને યાદ કરાવી લાઠી પ્રહાર પણ કરે છે, છતાં નગાધિરાજની જેમ અડીખમ રહે છે ને યાતનાઓ સહે છે.

ચંદન જેમ જેમ ઘસાય તેમ તેમ સુવાસ અર્પે. આને પણ લોકો જેમ જેમ કનડે છે તેમ તેમ શુભ ભાવની સુરભિ પ્રગટે છે, મનોમંથન કરતાં આત્માને શિખામણ આપે છે.

'હું જ મારો મિત્ર ને શત્રુ છું. અન્ય કોઈ મારો મિત્ર કે શત્રુ નથી સંસાર સમસ્તના સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવોથી લઈ મોટામાં મોટા જીવોમાં સુખ-દુઃખની લાગણી મારી સમાન છે. આ દેહ એ હું નહિ હું તો સનાતન

સુખમય અવિનાશી આત્મા છું. પૂર્વ કર્મોપાર્જિત દુઃખો મારી ભૂતકાલીન ભૂલોનું પરિણામ છે. હવે ભૂલોથી વિરામ પામું અને આગેકૂચ કરતા કર્મને રોકી તેને સંહારું. ક્રોધ લોભ ઈર્ષ્યા વગેરે દોષોથી પરાજિત માણસ સદૈવ દુઃખમાં રિબાય છે. જ્યારે તે દોષોને પરાજિત કરનાર માનવ અહોનિશ સુખમાં વિહરે છે. લોકો ભલે તારા પર દુઃખના ડુંગરા ખડકે પણ રખે તું કાયર બની ડરતો. ખાંડણીમાં માથું રાખવું ને ધબકારાથી બીવું એ બનતું હશે? માટે સંપત્તિની આગાહી કરનાર વિપત્તિઓ સહી લે. આમ ભવનાશિની ભાવનામાં રમતા, સીતમોને સહતા ને ઈંદ્રિયોને દમતા મહાત્મા દૃઢપ્રહારીએ અનુક્રમે નગરના ચોથા દરવાજે ધ્યાન લગાવ્યું. અહીં પણ લોકોના જુલ્મો ચાલુ રહ્યા. તે વિચારે છે; 'સારુંએ જગત મારું મિત્ર છે સર્વ કોઈનાં દુઃખો દૂર થાઓ! સૌ સુખી થાઓ! હું મારા અપરાધો ખમાવું છું, સૌ મને ખમજો. અરિહંત આદિનું શરણુ સ્વીકારું છું.'

આમ આપત્તિઓ સામે છ છ માસ સુધી ઝઝૂમી તેમણે લોક અને અલોકના ભાવોનો સાક્ષાત્કાર કરાવનાર કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કર્યું.

આ પ્રમાણે ઘોર હત્યારા માન કાદવમાંથી કમળ જેમ સર્વને શિરોધાર્ય અને આનંદપ્રદ તેમ સર્વજ્ઞમાનવી પશ્ચાતાપે સર્જ્યો ધન્ય ક્ષમા! ધન્ય એ પશ્ચાતાપ! વારંવાર વંદન હો વૃત્તિઓથી વિરમનાર એ વિભૂતિને.

---

(પાન ૬૫૧ નું અનુસંધાનથી ચાલુ)

કર્યા હોવા જોઈએ. જેના ફળ રૂપે તેમને મરણને શરણ થવું પડે છે. જે જીવો માંસાહાર કરે છે તે જીવોને ભવિષ્યમાં માંસાહાર માટે મરવું પડે તેમ ઘટાવી શકાય. જેમ માંસાહાર કરનારની સંખ્યા ઓછી નથી તેમ માંસાહાર માટે કપાનારા જીવોની સંખ્યા ઓછી નથી. જ્ઞાની પુરુષોએ તો કહ્યું છે કે:—

'હણુસો તો હણાવા પડશે, છેદશો તો છેદાવા પડશે, વેદશો તો વેદાવા પડશે, જેવા રસે કર્મ બાંધશો તેવા રસે ભોગવવા પડશે.'

**પ્રશ્ન** : માંસ તો કસાઈ લોકો વેચે છે. માંસાહાર કરનાર પોતે જીવો મારતા નથી છતાં તેનું પાપ લાગે?

**ઉત્તર** : માંસ ખરીદ કરનાર ન હોય તો કસાઈ લોકો હિંસા કરે? માંસાહાર કરનાર માટે જ કસાઈ લોકો જીવોને મારે છે. તેઓ આજીવિકા માટે હિંસા કરે છે તેમને પણ પાપ લાગે છે. અને માંસાહાર કરનારને પણ પાપ લાગે છે. દારુ તૈયાર મળે છે. માટે તે પીવામાં વાંધો નહિ? હિંસાજન્ય દવાઓ તૈયાર મળે છે છતાં તે વાપરવામાં દોષ જરૂર છે. માંસાહાર કરવાથી તામસિક વૃત્તિ પોષાય છે. વિશ્વના વિચારક લોકો એટલી હદ સુધી કહે છે કે યુદ્ધનું ખરૂં કારણ હોય તો તે માંસાહાર છે, યુદ્ધમાં થતી હિંસાનો જન્મ ભોજન માટે થતી હિંસામાંથી જન્મે છે, શરૂ થાય છે.

(જૈનપ્રકાશ)

# પ્રેય અને શ્રેય

પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ

પ્રેય એટલું શ્રેય નથી હોતું.

પ્રેયની પૂંઠ પકડનાર શ્રેયને સાચવી શકતો નથી.

પ્રેયની પગચંપી કરનાર પાસેથી શ્રેય વિદાય લે છે.

પ્રેયને તજે તેને જ શ્રેય વરે છે.

વિવેકીને શ્રેય તેજ પ્રેય હોય છે.

અવિવેકીને પ્રેય તેજ શ્રેય હોય છે.

શ્રેયને જે પકડી રાખે છે તેને શ્રેય દોહતું નથી.

પ્રેયને પકડી રાખે છે તેને પ્રેય પાટુ મારે છે.

પ્રેય પાછળ અનાદિની વાસના છે.

શ્રેય પાછળ વર્તમાનની ભાવના છે.

પ્રેયમાં પાગલતા છે.

શ્રેયમાં શાણપણ છે.

પ્રેય પાછળ પાપ છે.

શ્રેય પાછળ શાંતિ છે.

પ્રેયમાં અંતે દગો છે.

શ્રેયમાં સંપૂર્ણ નિર્ભયતા છે.

પ્રેયમાં પતન છે.

શ્રેયમાં ઉત્થાન છે.

પ્રેયમાં પર પીડા છે, શ્રેયમાં સૌનું શ્રેય છે.

પ્રેયમાં પીડા છે, શ્રેયમાં સુખ છે.

પ્રેયમાં પોકળ છે, શ્રેય સદ્ધર છે.

પ્રેયમાં પરવશતા છે, શ્રેયમાં સ્વાધીનતા છે.

પ્રેયના પંથમાં પથરા છે, શ્રેયના સરિયામ માર્ગમાં સિરીષ પુષ્પો છે.

પ્રેય પરમાર્થથી પાડે છે, શ્રેય સેવામાં સોંપે છે.

પ્રેય પાતાળમાં લઇ જાય છે. શ્રેય સ્વર્ગમાં લઇ જાય છે.

પ્રેયની પ્રીતિ શ્રેયની સોબત કરવા દેતી નથી.

પ્રેયની પ્રેમરાત વીત્યા વગર શ્રેયનો સુરજ ઉગતો નથી.

પ્રેયમાં હું અને મારું છે, શ્રેયમાં નાહં ન મમ છે.

પ્રેય એટલે, પત્ની, પુત્ર, પરિવાર, પૈસો પ્રતિષ્ઠા.

શ્રેય એટલે સદાચાર, સેવા, સહિષ્ણુતા, સત્સમાગમ, સમ્યગ્દર્શન.

---


**શ્રી જિનપ્રતિમાના લેપ માટે**

**વિખ્યાત કલાકાર**

પ્રતિમાજીના ખંડિત થએલ અંગ મસાલાથી બનાવીને **પ્રભુને સુંદર ચકચકિત મનોહર મજબૂત લેપ** કરી આપનાર.

મુંબઇ, સૌરાષ્ટ્ર, મારવાડ, કચ્છ, વાગડ, તેમજ મહારાષ્ટ્ર અને દક્ષિણભારતમાં પ્રતિમાજીને લેપ કરી સંતોષપત્રો મળેલા છે, જૈનશાસન સમ્રાટ્ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાનુસાર લેપ કરી આપનાર.

**પેઇન્ટર શામજી ઝવેરભાઇ** તથા

,, **ઝવેરભાઇ ગોવીંદ**

ઠે૦ જગુમીસ્ત્રીની શેરી—**પાલીતાણા**

# રામાયણની રત્નપ્રભા

શ્રી પ્રિયદર્શન

[ 'કલ્યાણ' માટે ખાસ ]

**પૂર્વ પરિચય :** વિશ્વવિજય માટે નીકળેલ રાવણ રેવાના કિનારે મુકામ કરે છે! ત્યાં પૂજા કરતાં રાવણને નદીનું પાણી છૂટતાં વિઘ્ન આવે છે. તપાસ કરતાં માહીષ્મતીના રાજા સહસ્રકિરણના અંતઃપુર સાથેની જલક્રીડાનું પાણી છે, એમ જણાતાં રાવણની સેના સહસ્રકિરણ સાથે યુદ્ધે ચઢે છે. સહસ્રકિરણ પરાજય પામે છે. અંતે સહસ્રકિરણ વૈરાગ્યવાસિત બની દીક્ષા લે છે. ને પોતાની સાથે પ્રતિજ્ઞાબદ્ધ આયોધ્યાપતિ અનરણ્ય સમાચાર મોકલાવે છે. ને અનરણ્ય રાજા દીક્ષા લે છે. રાવણ સહસ્રકિરણના પુત્રને રાજ્ય આપી આકાશ માર્ગે આગળ વધે છે. હિંસાત્મક યજ્ઞની ઉત્પત્તિનો ઇતિહાસ રાવણને નારદજી કઇ રીતે સંભળાવે છે? તે જાણવા આ પ્રકરણ વાંચો!

## ૧૨ : નારદજીનો ભેટો

'ભાઇ! આ પશુઓને અહીં કેમ ભેગાં કર્યાં છે?'

'તમે કોઇ પરદેશી લાગો છો! અહીં એક મહાયજ્ઞ થાય છે...'

'તેમાં આ પશુઓની શી જરૂર?'

'તમે ય ભલાભોળા લાગો છો! યજ્ઞમાં આ પશુઓને હોમવામાં આવશે...સમજ્યા?'

'હેં?'

'હા!'

માથે ઉંચી જટા.... હાથમાં વીણા.... પગમાં પાવડી...દેવર્ષિ નારદ જલમાર્ગે....સ્થલમાર્ગે અને આકાશમાર્ગે પૃથ્વી પર પરિભ્રમણ કરતા કરતા રાજપુરનગરમાં આવી ચઢયા. અને એ તો દેવોના લાડકવાયા ઋષિ! સીધા પહોંચ્યા રાજમહેલમાં પરંતુ રાજમહેલની બહાર તો મોટા ભવ્ય મંડપો બંધાયેલા, અને સેંકડો, હજારો પશુઓનાં ટોળાં ઉભરાયેલાં તેમણે જોયાં. રાજમહેલમાં અનેક ભૂદેવોની અવરજવર જોઈ... દેવર્ષિ દ્વારે જ થંભી ગયા. એક નાના બ્રાહ્મણપુત્રની સૌમ્યાકૃતિ જોઇ દેવર્ષિએ તેને બોલાવ્યો અને તેની સાથે વાતચીત કરી.... પશુવધની વાતથી દેવર્ષિને દુભાયેલા અને કંઇક રોષે ભરાયેલા જોઇ પેલો બ્રાહ્મણપુત્ર યજ્ઞમંડપમાં સરકી ગયો.

નારદજીનું કમલકોમળ હૈયું કમકમી ઉઠયું. ધર્મના નામે... ધર્મના પડદા પાછળ થતી ઘોર હિંસા.... મહાન અન્યાય...ભયંકર ધતીંગ...જોઇ તેમણે આ યજ્ઞને બંધ કરાવવાનો મનોમન દૃઢ સંકલ્પ કર્યો.

'અરે....ઓ...ભૂદેવ!...

'કેમ? કોણ છે તું?

'પણ...જરા ઉભા તો રહો?

'શું કામ છે? મોઢેથી ભસ ને....'

યજ્ઞમંડપમાં જતા એક ગોળી જેવ પેટવાળા... મોટા કોળા જેવડા મોં વાળા... અને થાંભલા જેવડા જાડા પગવાળા ભૂદેવને જતા જોઇ નારદજીએ તેમને ઉભા રાખવાનો પ્રયત્ન કર્યો....પરંતુ ભૂદેવે તો શંકરજીનું ત્રીજું નેત્ર ખોલ્યું! અને ક્ષણવારમાં યજ્ઞમંડપમાં અલોપ થઇ ગયા.

નારદજી યજ્ઞમંડપ તરફ વળ્યા...લાલ-પીળાં પીતાંબરોથી વીંટળાયેલા...ભસ્મ...સિંદુર...ને કંકુથી કપાળને રંગતા...મંત્રોચ્ચારથી હોઠને ફફડાવતા... અનેક બ્રાહ્મણોની વચ્ચે તેમણે મનોમન વિચાર્યું કે જરૂર આ રાજા જ આ મહાન અનર્થનું મૂળ છે. એ જ આ યજ્ઞ કરાવતો લાગે છે.

નારદજી તો પહોંચ્યા રાજાની સાવ પાસે.

'અરે રાજન્! આ તમે શું શરૂ કર્યું છે?' પશુઓની કારમી ચિચિયારીઓ સાંભળીને ખળભળી ઉઠેલા કૃપાસાગર નારદજીએ રાજાને સીધો જ પ્રશ્ન કર્યો.

'કેમ આપને ન સમજાયું? આ તો બ્રાહ્મણોનું પરમ ધર્મભૂત યજ્ઞકર્મ થઇ રહ્યું છે!'

મરુત રાજાએ નારદજીના પ્રશ્નનો પ્રત્યુત્તર આપ્યો.

'પણ તે યજ્ઞમાં આ પશુઓની શી જરૂર?'

'તે પશુઓને આ યજ્ઞની ભડભડતી આગમાં હોમવામાં આવશે....'

'અરરરર.... ભયંકર પાપ.... ભયંકર પાપ!' નારદજીને રાજાની વાત સાંભળતાં ત્રાસત્રાસ થઇ ગયો.

'તેમાં તમે કેમ આમ અકળાઇ ગયા? આ પશુઓને હોમવાથી પશુઓને સ્વર્ગની પ્રાપ્તિ થશે... દેવો તૃપ્ત થશે....!'

'આવું ભૂત તમને કોણે વળગાડયું? પશુઓને હોમવાથી પશુઓને સ્વર્ગ મળશે એમ? તો પછી તમે જ કૂદી પડો ને.... તમારે સ્વર્ગ નથી જોઇતો? અને પહેલાં તો આ બધા ગોળમટોળ પેટાળીયા ધર્મ-ચાંડાલોને જ હોમવા જોઇએ....'

નારદજીની આગ ઝરતી વાણીથી બ્રાહ્મણો સમસમી ઉઠયા...પરંતુ મરુત રાજા નારદજીને પૂછે છે.

'તો શું આ મહાધર્મ નથી?'

'ના, જરાય નહિ. યજ્ઞ જો તારે કરવો હોય તો અહિંસક યજ્ઞ કર.'

'તે કેવી રીતે?'

'શરીર એ યજ્ઞની વેદિકા સમજ.'

આત્મા એ યજ્ઞ કરનાર છે.

તપ એ અગ્નિ છે.

જ્ઞાન એ ઘી છે.

કર્મો એ સમિધ (લાકડાં) છે.

ક્રોધાદિ એ પશુઓ છે.

સત્ય એ યજ્ઞના યૂપ (ખીલો) છે.

સર્વજીવ રક્ષા એ દક્ષિણા છે.

જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રણ-વેદી છે.

રાજન્! વેદોની અંદર આ યજ્ઞ... આ રીતે કરવાનો કહેલો છે...કે જેનાથી આત્મા સર્વ કર્મથી મુક્ત બને. બાકી જે દુષ્ટ રાક્ષસ જેવા બનીને ઘોર હિંસક યજ્ઞ કરે છે તે મરીને રૌરવનરકમાં ઉત્પન્ન થાય છે....

રાજન્ તમે બુદ્ધિશાળી છો.... ઉત્તમ કુળના નબીરા છો...આ દારુણ...ઘાતકી કૃત્યથી તમે પાછા....'

પણ નારદજીનું વાકય પુરું થાય ત્યાં તો નારદજીના શરીર પર ધડ....ધડ...ધડ...દંડાઓ તૂટી પડયા. બ્રાહ્મણો ઉશ્કેરાયાં...કેટલાક તો તલવાર લઇને નારદજીની પાછળ પડયા...નારદજી દોડયા....દોટ મૂકીને ભાગ્યા....

યજ્ઞમંડપની બહાર આવીને સીધા જ આકાશ માર્ગે ઉડયા! આકાશ માર્ગેથી રાવણનો વિરાટ કાફલો પસાર થઇ રહ્યો હતો. નારદજીએ પુષ્પક વિમાનને જોયું...

સીધા જ નારદજી વિમાનની આગળ જઇને ઉભા...પોકાર કર્યો 'બચાવો....બચાવો.'

રાવણે જ્યાં દેવર્ષિને જોયા તુરત જ વિમાન થંભાવી દીધું...

હાથ જોડીને...મસ્તક નમાવીને રાવણ પૂછે છે:

'કેમ આમ બેબાકળા?'

'કાળો કેર વર્તાઇ રહ્યો છે...' જતા અવાજે દેવર્ષિ બોલ્યા.

'કોના પર કોણ વર્તાવે છે? શા માટે?' રાવણે

એક સાથે પ્રશ્નો કર્યાં. નારદજીએ અથથી ઇતિ સુધી બધી જ વાત કરી....રાવણનું કાળજું પણ કંપી ઉઠયું.

રાવણે વિમાનને રાજપુરના ઉદ્યાનમાં ઉતાર્યું.

મરુત રાજાને ખબર પડી કે 'ઉદ્યાનમાં પુષ્પક વિમાન સાથે લંકાપતિ રાવણ આવ્યો છે.' તુરત જ રાજા મરુત ઉદ્યાનમાં આવ્યો....રાવણનાં ચરણોમાં નમન કરી, રાવણનું યોગ્ય સન્માન કર્યું...સ્વાગત કર્યું.

પરંતુ રાવણ પ્રસન્ન ન થયો. કેવી રીતે પ્રસન્ન થાય? એક બાજુ પોતાના અભિપ્રાયથી વિરુદ્ધ વર્તે અને બીજી બાજુ પોતાની આગતાસ્વાગતા કરે, તેવા મનુષ્યો પ્રત્યે વિવેકી મનુષ્ય આકર્ષાતો નથી, પ્રસન્ન થતો નથી.

બીજાને પ્રસન્ન કરવા, એના અભિપ્રાયને સમજી... એ અભિપ્રાયની વિરુદ્ધ આચરણનો ત્યાગ કરવો અનિવાર્ય હોય છે.

રાવણે કહ્યું: 'અરે, મરુત, આ તેં શું આરંભ્યું છે? આવા હિંસક યજ્ઞ કરીને તારે ક્યાં જવું છે? સમજી રાખ, જેવી રીતે જીવન તને પ્રિય છે એવી રીતે આ નિર્દોષ જીવોને પણ જીવન પ્રિય છે. તેમની આ રીતે ધર્મના નામે ક્રુર કતલ કરવા પર જ જો સ્વર્ગ મળતું હોય તો તે સ્વર્ગને પણ ધિક્કાર છે...

પરમાત્મા સર્વજ્ઞનાથે અહિંસામય ધર્મ કહેલો છે. હિંસક યજ્ઞધર્મ કરીને તો તું તારા ઉભય લોકને બગાડી રહ્યો છે...પરલોકનું સ્વર્ગ તો પછી પણ અહીં તો તારે મારી નર્કાગાર જેવી જેલના સળીયાની પાછળ પુરાવું પડશે...'

રાવણની આજ્ઞા એટલે વિશ્વના માટે અલંઘ્ય! જે રાવણની આજ્ઞાને અવગણે તેના પર મોતનાં ઓળા ઉતરે.

રાવણના આગમનના સમાચાર સાંભળતાં જ પેલા પહાડકાય પહેલવાન ભૂદેવોના અંગે અંગે કંપારી વછૂટી! પરસેવાથી રેબઝેબ થઇ ગયા...અને યજ્ઞમંડપ મૂકીને....ઘરભેગા થઇ જવા લાગ્યા...પરંતુ ત્યાં તો કોલાહલ થઇ ગયો!

કુંભકર્ણ અને બિભીષણની જોડી યજ્ઞમંડપના દ્વારે પહોંચી ગઇ હતી! ભાગતા ભૂદેવોને કુંભકર્ણે પડકાર્યા:

'ઉભા રહો, ઉભા રહો....ક્યાં ભાગો છો હત્યારાઓ? ઉભા રહો તમને જ આ યજ્ઞની વેદી પર વધેરીને સ્વર્ગના દેવતા બનાવીએ! બિચારાં મુંગાં પ્રાણીઓને...' કોઇની ચોટલી પકડીને ધુણાવ્યા... કોઇની બોચી પકડીને ધુણાવ્યા. મેઘવહન અને ઇન્દ્રજીતે જઇને પશુઓના વાડા ભાંગી નાંખ્યા. પશુઓને બંધનાંથી મુક્ત કરી દીધાં. અને એ ય આવ્યા યજ્ઞના મંડપમાં.

'અરે, કાકા! લાવોને આ હોમનો કુંડ એમનેમ સળગી રહ્યો છે....ભૂદેવોને સ્વર્ગની યાત્રા કરાવીએ....'

ખલાસ! કુંભકર્ણને તો કોઈ કહેનાર જ જોઇતું હતું. લષ્ટપુષ્ટ ભૂદેવને બે હાથે ઉપાડયા....'

હાહાકાર વર્તાઇ ગયો...એકએક બ્રાહ્મણના હાંજા ગગડી ગયા.... 'એક પછી એક બધાની આ દશા કુંભકર્ણ કરશે...' એ વિચારે બ્રાહ્મણોને જીવતા જીવે યમનાં દર્શન થવા લાગ્યાં.

પરંતુ યજ્ઞના અગ્નિમાં બામણ હોમાય તે પહેલાં તો મરુત રાજા દોડતો યજ્ઞમંડપમાં પહોંચ્યો...અને યજ્ઞનું વિસર્જન કરી દેવાની આજ્ઞા કરી.

કુંભકર્ણ અને બિભીષણને પણ હાથ જોડી બ્રાહ્મણોને મુક્ત કરવાની વિનંતી કરી. ત્યારે કુંભકર્ણે કહ્યું.

'રાજન! આ ભૂદેવોને સ્વર્ગમાં મોકલીએ... બિચારા આ મનુષ્યલોકમાં દુઃખી થઈ રહ્યા છે!'

'ભાઇસાબ...છોડો...કૃપા કરો...આવી હિંસા નહિ કરીએ...' બ્રાહ્મણો હાથ જોડીને કરગરવા લાગ્યા.

કુંભકર્ણને દયા આવી. બ્રાહ્મણોને મુક્ત કર્યા.

મરુત રાજાનો રાજમહાલય જોતજોતામાં પલટાઈ ગયો! બ્રાહ્મણોની દોડધામ દૂર થઇ...રાવણના વિશાળ પરિવારની અવરજવર શરૂ થઈ ગઇ.

સ્નાન...પૂજા...ભોજન વગેરે નિત્યકૃત્યોથી પરવારી બધા રાજસભામાં ભેગા થયા. એક સુંદર સિંહાસન પર દેવર્ષિ નારદજીને બિરાજમાન કરવામાં આવ્યા. બીજા એક સિંહાસન પર લંકાપતિ આરુઢ થયો. અને બીજા બીજા પોતપોતાને યોગ્ય આસને બેઠા.

ત્યાં લંકાપતિએ દેવર્ષિ સામે દૃષ્ટિ કરી. દેવર્ષિએ રાવણની તરફ જોયું.

'દેવર્ષિ! એક વાત પૂછું?' લંકાપતિએ કહ્યું.

'પૂછો ને!

'મને સમજાતું નથી કે આ બ્રાહ્મણોએ આવો હિંસાત્મક યજ્ઞ ક્યારથી શરૂ કર્યો?'

'એ વાત પણ સમજવા જેવી છે. ખૂબ જ રોમાંચક અને રસભરપૂર એ વાત છે!'

'તો તો જરૂર સંભળાવો દેવર્ષિજી!' બિભીષણે કહ્યું.

ત્યારે સાંભળો!

શક્તિમતી સરયૂના તટ પર શુક્તિમતી નામની નગરી છે.

અભિચન્દ્ર નામનો ત્યાં એક ભૂપતિ થઇ ગયો.

તેને એક પુત્ર હતો. તેનું નામ વસુ તેનો બુદ્ધિ વૈભવ અપૂર્વ હતો. સત્યવ્રતથી તે દેશપ્રસિદ્ધ બન્યો હતો.

જ્યારે તે તરુણવયમાં આવ્યો ત્યારે રાજેન્દ્ર અભિચન્દ્રે 'ક્ષીરકદંબ' આચાર્યના આશ્રમમાં અધ્યયન માટે મૂક્યો.

હું પણ તેજ આશ્રમમાં અધ્યયન માટે રહેલો હતો.

મારે, વસુને અને ગુરુપુત્ર પર્વતને પરસ્પરમાં પ્રીતિ બંધાણી.

ત્રણે ગુરુદેવની પાસે વિનયપૂર્વક...મર્યાદાપૂર્વક અધ્યયન કરવા લાગ્યા.

આશ્રમની રમણિયતા પણ ગજબ!

બાજુમાં જ શક્તિમતીનાં શાંત....શીતલ નીર વહેતાં હતાં....આસોપાલવ....આંમ્ર....વડ.....વગેરે લીલાંછમ વૃક્ષોની છાયા પથરાયેલી હતી...જંગલનાં નિર્દોષ પશુઓની અવરજવરથી આશ્રમમાં આનંદનું વાતાવરણ ઉભરાતું હતું.

ગુરુદેવ અતિ પ્રેમથી...કાળજીથી અને પરલોકની દૃષ્ટિથી અમને શાસ્ત્રાધ્યયન કરાવતા હતાં.

વર્ષો વીત્યાં.

એક રાત્રે અમે ગુરુદેવના સાથે આશ્રમની અગાસીમાં સૂતા હતા. આખો દિવસ અધ્યયન કરીને અમે શ્રમિત થઇ ગયા હતા તેથી પથારીમાં પડતાં જ અમે નિદ્રાધીન થયા. પરંતુ ગુરુદેવ જાગતા જ પડયા હતા.

ત્યાં આકાશ માર્ગે બે ચારણ મુનિવરો પસાર થઇ રહ્યા હતા. તેમણે અમને ત્રણને જોઇ અમારા અંગે પરસ્પર વાર્તાલાપ કર્યો:

'આ ત્રણ વિદ્યાર્થીઓમાંથી એક સ્વર્ગે જશે, બે નરકે જશે.'

મુનિવરો તો આકાશમાર્ગે આગળ ચાલી ગયા પરંતુ તેમની વાતચિત અમારા ગુરુદેવે સાંભળી. તે ચમકી ઉઠયા. તેમના કરુણાસભર અંતઃકરણમાં તીક્ષ્ણ વેદના થઇ ખિન્ન ચિત્તે તેમણે વિચાર્યું:

'અહો! આ નિર્ગ્રન્થ મુનિવરો હતા...તેમને તો મહાવ્રતોનું પાલન કરવાનું હોય છે. અસત્ય તો તેઓ કદાપિ ન બોલે. તો શું મારા શિષ્યો નરકમાં જશે? વળી આ ત્રણમાંથી કોણ સ્વર્ગે જશે અને કોણ નરકે જશે? એ સ્પષ્ટતા મુનિવરોએ કરી નથી....તો હવે સૌ પ્રથમ મારે આ નિર્ણય કરવો જોઇએ.'

આખી ય રાત અમારા ત્રણના પરલોક અંગે વિચાર કરતા ગુરુદેવ ક્ષણવાર પણ ઉંઘ્યા નહિ, અને અમારા પરલોકનો નિર્ણય કરવાની યોજના ઘડી કાઢી.

હજુ પ્રભાત થયું ન હતું. ત્યાં ગુરુદેવે અમને ત્રણેને જગાડયા. ગુરુદેવના ચરણોમાં વંદના કરી, ત્યારે ગુરુદેવ અમારા હાથમાં દરેકને એક એક કુકડે આપ્યો. અમે કંઇ સમજી શકયા નહિ, તેથી અમે પૂછયું:

'ગુરુદેવ! આને અમે શું કરીએ?'

'એનો વધ કરવાનો છે; પણ એવી જગાએ કે જ્યાં કોઇપણ જોતું ન હોય.' ગુરુદેવે કહ્યું. અમે ત્રણે એજ ક્ષણે મનમાં તર્ક-વિર્તક કરતા એ કુકડાઓ લઇને જંગલના માર્ગે વળ્યા.

રાજપુત્ર વસુ અને ગુરુપુત્ર પર્વત નિર્જન પ્રદેશ આવતાં વિચારવા લાગ્યા કે 'ગુરુદેવના કહેવા મુજબ આ સ્થાન બરોબર છે. અહીં કોઇ જોતું નથી.' આમ વિચારીને ત્યાં કુકડાનો વધ કરીને પાછા વળ્યા.

હું આશ્રમથી ઘણો દૂર નીકળી ગયો એવા અરણ્યમાં પહોંચ્યો કે જ્યાં મનુષ્ય કે પશુ-પંખીઓ... કોઇ દેખાતું ન હતું.

હું ત્યાં ઉભો રહી ગયો અને ગુરુદેવની આજ્ઞાનું પુનઃ સ્મરણ કરી, એના પર ચિંતન કરવા લાગ્યો. 'ગુરુદેવે કહ્યું છે: 'આ કુકડો તારે એવા પ્રદેશમાં મારવો કે જ્યાં કોઇ ન જોતું હોય...' જ્યારે અહીં તો આ કુકડો જોઇ રહ્યો છે, હું જોઇ રહ્યો છું....અસંખ્ય તારાઓ જોઇ રહ્યા છે...લોકપાલો જોઇ રહ્યા છે.... દિવ્યદૃષ્ટા જ્ઞાનીપુરુષો જોઇ રહ્યા છે....અહો! આમ વિચારતાં તો એવું કોઇ સ્થાન નથી કે જ્યાં કોઇ ન જોતું હોય! અને આ હકિકત ગુરુદેવ જાણતા જ હોય, છતાં તેમણે આવી આજ્ઞા કરી તેમાં તેઓનું તાત્પર્ય કુકડાને નહિ મારવાનું જ હોવું જોઇએ... તેઓ વિશ્વના તમામ જીવો પ્રત્યે કરુણા...કૃપાને ધારણ કરનારા છે...હિંસાને તેઓ ધિક્કારે છે. તેઓ અમને આવી હિંસા કરવાની આજ્ઞા આપે ખરા? જરૂર જરૂર એ કૃપાનિધિ ગુરુદેવે અમારી ત્રણેની પ્રજ્ઞાની પરીક્ષા કરવાનો જ આ એક પ્રસંગ યોજ્યો લાગે છે!'

ટમમગતા તારલાઓ અને ઝાંખો ઝાંખો ચન્દ્ર જાણે મારા વિચારમાં સંમતિ આપતા હસી રહ્યા હતા. મેં કુકડાને માર્યો નહિ; અને આશ્રમ તરફ પાછો વળ્યો.

હાથમાં કુકડો લઇને હું ગુરુદેવની સમક્ષ ઉપસ્થિત થયો. કુકડાને માર્યા વિના મને આવેલો જોઇ.... સ્હેજ ઉગ્ર અવાજે મને કહ્યું:

'કેમ, તને શું આજ્ઞા કરી હતી?'

'ગુરુદેવ! આપશ્રીની આજ્ઞા મુજબ જ મેં કર્યું છે.' સ્વાભાવિક રીતે જ પ્રત્યુત્તર વાળ્યો.

'મેં તો તને કુકડો મારી લાવવાનું કહ્યું હતું.'

'પણ આપશ્રીએ સાથે શરત મૂકી હતી ને! કે જ્યાં કોઇ ન જોતું હોય ત્યાં કુકડાને મારવો.'

'હા. તે શું તને એવી જગા ન મળી?'

'ના ગુરુદેવ!'

મેં અરણ્યમાં કરેલું ચિંતન...વિચારણા ગુરુદેવને કહી સંભળાવી. ગુરુદેવના મુખ પર પ્રસન્નતા... પ્રસન્નતા છવાઈ ગઈ. તેઓ બોલી ઉઠયા.

'સરસ! સરસ!' અને મને છાતી સરસો ચાંપી ગાઢ અલિંગન કર્યું. તેઓશ્રીને નિર્ણય થયો કે 'જરૂર આ વિદ્યાર્થી સ્વર્ગગામી છે.'

ત્યાં તો પર્વત અને વસુ આવી પહોંચ્યા. ગુરુદેવને પ્રણામ કરી તેમણે કહ્યું:

'આપની આજ્ઞા મુજબ અમે કુકડા મારી આવ્યા છીએ.'

'અરે, પણ મેં કઈ જગ્યાએ મારવાનું કહ્યું હતું?'

'કોઈ ન જોતું હોય તેવી જગાએ જ અમે મારી આવ્યા છીએ....'

'અરે પાપાત્માઓ, શું તમે જોતા હતા કે નહિ? અસંખ્ય તારાઓ અને લોકપાલો જોતા હતા કે નહિ?'

ક્ષીરકદંબ ઉપાધ્યાયને ખેદ...ચિંતા અને વ્યગ્રતાનો પાર ન રહ્યો. જ્યારે રાજપુત્ર વસુ અને સ્વપુત્ર પર્વત નરકગામી છે.' આ વાત સમજાણી ત્યારે તેમણે એક સખત આંચકો અનુભવ્યો. તેમણે વિચાર્યું.

'હવે આમને ભણાવવાથી સર્યું...અત્યાર સુધી મેં વર્ષ અધ્યાપન કરાવ્યું...પરંતુ 'ગુરુપદેશો હિ

યથાપાત્રં પરિણમેત્' વર્ષાનું પાણી જેવા સ્થાનમાં પડે છે તે મુજબ પરિણમે છે. સર્પના મુખમાં પડેલું જલબિંદુ ઝેર બને છે, કૂવામાં પડેલું પાણી મીઠું બને છે...સાગરમાં પડેલું ખારૂં બને છે...

પુત્ર પર્વત મને પ્રિય છે, ત્યારે એના કરતાં ય વસુ અધિક પ્રિય છે....તે બંને જો નરકગામી છે. તો હવે ઘરવાસમાં રહેવાથી સર્યું....'

ઉપાધ્યાયનું ચિત્ત સંસાર પ્રત્યે ઉદાસીન બન્યું, ખરેખર! ગરુદેવનો વૈરાગ્ય વધતો ચાલ્યો....તેમણે એક દિવસ ઘરવાસ ત્યજી અરણ્યવાસ સ્વીકાર્યો.

ગુરુદેવ ચાલ્યા ગયા પછી મને જરાય ચેન ન પડવા લાગ્યું. ગુરૂદેવની કૃપાથી મેં સર્વ શાસ્ત્રોમાં પ્રવિણતા મેળવી લીધી હતી. હું મારા સ્થાને પહોંચી ગયો. રાજપુત્ર વસુ પણ પોતાની રાજધાનીમાં ગયો. ગુરુદેવના સ્થાને પર્વત બેઠો.

આમ અમે ત્રણે જુદા પડી ગયા.

અભિચન્દ્ર રાજા એક દિવસ રાજપાટ ત્યજી દઈ સાધુ બન્યા. શુક્તિમતી નગરીના રાજસિંહાસને વસુનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

વસુરાજા દિનપ્રતિદિન પૃથિવી પર સત્યવાદી તરીકે પ્રસિદ્ધ બનતો ગયો. બુદ્ધિ, શક્તિ અને સત્યથી તેણે સમસ્ત ભૂમંડલને આકર્ષ્યું.

એક વખતની વાત છે.

શિકારીઓનો એક સમુહ શિકાર કરવા અરણ્યમાં ગયો. તેણે એક મૃગને પોતાના શિકારનું લક્ષ્ય બનાવ્યું. પરંતુ ચપળ અને ચંચળ મૃગ શિકારીઓને જોઈને ચારે પગે ઉછળી ભાગવા માંડયું. શીકારીએ મૃગનો પીછો પકડયો. મૃગ વિંધ્યાચલની ખીણમાં અદશ્ય થયું...શિકારી પણ અત્યંત વેગથી ખીણમાં પ્રવેશ્યો...શિકારીએ ધનુષ્ય પર તીર ચઢાવ્યું....કાન સુધી દોરી ખેંચી સનનનન...કરતું તીર મૃગ તરફ છોડયું ...

પરંતુ આશ્ચર્ય!

તીર વચ્ચે જ કોઇ અદશ્ય પદાર્થ સાથે અથડાયું અને ભાંગીને ચૂરો થઇ ગયું. શિકારી જ્યાં ભાંગીને તીર પડયું હતું ત્યાં આવી પહોંચ્યો અને તીર કોની સાથે અથડાયું, તે તપાસવા તેણે હાથ લંબાવ્યા. તેના હાથ એક અદશ્ય શીલાને અડક્યા... તેણે ઉંચે .. નીચે... હાથ ફેરવી ફેરવીને માપી જોયું કે શિલા કેવડી છે! શિકારીએ વિચાર્યું. આ આકાશના જેવી સ્ફટિકમય શિલા છે...અડકયા વિના કોઇ સમજી ન શકે કે આ શિલા છે! જરૂર આ રાજા વસુના માટે સુયોગ્ય છે. જઇને હું મહારાજાને વાત કરૂં...'

શિકારીએ નગરમાં આવી મહારાજા વસુને સ્ફટિકમય શિલાની વાત કહી.

વસુ શિકારી પર પ્રસન્ન થયો.

ગુપ્ત રીતે તેણે શિકારી દ્વારા શિલાને મહેલના એક ગુપ્ત સ્થળમાં મંગાવી લીધી. શિકારીને પુષ્કળ ધન આપી રાજીરાજી કરી દીધો.

શિલાનુ સિંહાસન બનાવવાનો વસુને મનોરથ જાગ્યો. તાબડતોબ શિલ્પીઓને બોલાવી સિંહાસન બનાવવાની આજ્ઞા કરી. શિલ્પીઓએ ખૂબ જ કળા અને ખંતથી અલ્પ કાળમાં જ સિંહાસન તૈયાર કરી દીધું.

વસુને બોલાવી સિંહાસન બતાવ્યું. વસુને સિંહાસન ખૂબ જ ગમી ગયું. પરંતુ સાથે સાથે વસુના ચિત્તમાં એક ભયંકર વિચાર સ્ફૂર્યો.

તેણે વિચાર્યું: 'આ રહસ્યમય સિંહાસનનુ રહસ્ય આ શિલ્પીઓ ગુપ્ત નહિ રાખે. અને જો સિંહાસનનું રહસ્ય પ્રગટ થઇ જાય તો તો પછી મારી બધી જ મુરાદ મનમાં રહી જાય. માટે આ શિલ્પીઓને જીવતા ન જ રહેવા દેવાય. તેમનો પણ ગુપ્ત રીતે વધ જ કરાવી દઉં....'

વસુએ કેવી ભયાનક કૃતઘ્ની વિચારણા કરી? આ જ છે સંસારની દારુણતા...આ જ છે સંસાર એના સાચા સ્વરૂપે...આ જ છે ઇન્દ્રિયોના વિષયોની સ્પૃહાનું વિનાશ તાંડવ...!

નારદજી લંકાપતિ રાવણને જરાય ખચકાયા વિના કહી દે છે:

'રાવણ! રાજાઓ કોઇના પણ સગા થાય નહિ. વસુએ કરપીણ રીતે શિલ્પીઓને મારીને ભૂમિમાં ભંડારી દીધા...'

-રાત્રીના સમયે રાજસભામાં તેણે આ સ્ફટિક-મય શિલાનું સિંહાસન બરાબર ગોઠવી દીધું.

કોઇને સિંહાસન દેખાય નહિ અને કોઇ સિંહા-સનને અડી શકે નહિ તેવી રીતે ખૂબ વ્યવસ્થિત બંદોબસ્ત કરી દીધો.

બીજે દિવસે રાજસભા ભરાણી. બધા જુએ છે તો રાજાનું સિંહાસન જ દેખાતું નથી. બધા તર્ક-વિતર્ક કરે છે. 'મહારાજા આજે કયાં બિરાજમાન થશે? સિંહાસન કેમ ઉઠાવી લીધું છે? આજે મહા-રાજા સભામાં નહિ પધારે?...'

ત્યાં તો પુરા ઠાઠમાઠથી વસુ રાજા રાજસભામાં પ્રવેશ્યો....અને જ્યાં ખાલી જગા દેખાતી હતી ત્યાં જ આકાશમાં પગથીયાં ચઢવા લાગ્યો!

સભા તો દિંગ થઇ ગઇ!

'મહારાજા વસુ ખરેખરા સત્યવાદી! સત્યના પ્રભાવથી દેવોની અદૃશ્ય સહાયથી આજે આકાશમાં કોઇ જ આધાર વિના બેઠા!'

કયાં કોઇને વસુના કપટની ગંધ પણ હતી?

વાતને તો વાયરો પોતાની પાંખે બેસાડી સારી ય પૃથ્વી પર ફેરવી આવ્યો. કેઇ રાજા...મહારાજાઓ વસુના આ દિવ્યપ્રભાવને જાણીને સ્વયં જ આધીન થવા લાગ્યા.

પ્રસિદ્ધિ! સાચી કે ખોટી પ્રસિદ્ધિ! પ્રસિદ્ધિ મનુષ્યને વિજય અપાવે છે.

બીજી બાજુ હું ફરતો ગુરુદેવ ક્ષીરકંદમ્બ ઉપા-ધ્યાયના આશ્રમમાં જઇ ચઢયો. ત્યાં ગુરુદેવના સ્થાને તેમનો પુત્ર પર્વત પ્રજ્ઞાવંતા શિષ્યોને ઋગ્વેદની વાચના આપતો હતો. '**अजैर्यष्टव्यम्**' આ વેદના વિધાનનો અર્થ તેણે શિષ્યોને સમજાવ્યો, '**अजैः** એટલે **मेषैः** : મેષ બકરાથી યજ્ઞ કરવો. મેષ નામના પશુ દ્વારા યજ્ઞ કરવો.' આ સાંભળી હું ચોંક્યો. મે પ્રેમથી કહ્યું:

'ભાઇ! વેદવાકયનો અર્થ કરવામાં કંઇક મને ભૂલ લાગે છે.'

'કઇ ભૂલ? તેણે ગર્વથી પૂછ્યું.

'**अजः** નો અર્થ **मेषः** નથી. પરંતુ આપણા ગુરુદેવે તો ત્રણ વર્ષ જુના ધાન્યને, કે જે વાવવાથી ઉગે નહિ, તેને '**अजः**' કહેલું. તે તું કેમ ભૂલી ગયો?'

'વાહ રે વાહ! ગુરુદેવ તો જેમ તમારા હતા તેમ મારા પણ હતા... ગુરુદેવે એવી વ્યાખ્યા કરી જ ન હતી; તેમણે તો 'અજ' નો અર્થ 'મેષ' જ કરેલો વળી કોશની અંદર પણ 'અજ' નો અર્થ 'મેષ' કરવામાં આવે છે.' પોતે કરેલા મિથ્યા પ્રતિપાદનને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરતા પર્વતે કહ્યું.

'શબ્દોનો અર્થ બે રીતે થાય. (૧) મુખ્ય, (૨) ગૌણ. ગુરુદેવે 'અજ' શબ્દનો મુખ્યાર્થ નથી કહ્યો પરંતુ ગૌણાર્થ કહેલો છે. મુખ્ય અર્થ ભલે 'મેષ' હોય પરંતુ અહીં યજ્ઞ કરવામાં 'અજ' શબ્દનો ગૌણ અર્થ કરવામાં આવ્યો છે, અર્થાત્ 'ત્રણ વર્ષનું જુનું ધાન્ય' એ 'અજ' શબ્દનો ગૌણાર્થ છે.' મેં કહ્યું.

મારી વાત સાંભળી પર્વત છેડાઇ પડયો; અને આગ્રહવશ થઇને બોલ્યો:

'બિલકુલ ખોટું. ગુરુદેવે 'અજ' નો અર્થ 'મેષ' જ કરેલો છે.'

જ્યારે મેં પર્વતને પોતાના મંતવ્યમાં અતિ આગ્રહવાળો જોયો ત્યારે મેં એને કહ્યું:

'મિત્ર! ગુરુ હંમેશાં ધર્મના જ ઉપદેશક હોય. યજ્ઞમાં બોકડાના વધનો ઉપદેશ ગુરુ ન આપે, જ્યારે 'અજ' નો અર્થ 'મેષ' કરવામાં તો અધર્મનો ઉપદેશ અપાય છે. વળી વેદશ્રુતિ ધર્મનું જ પ્રતિપાદન કરે. અધર્મ કરવાનું પ્રતિપાદન વેદશ્રુતિ ન કરે. તું જે અર્થ કરે છે તેથી તો શ્રુતિને પણ

અન્યાય થાય છે. અને આ રીતે મિથ્યા અર્થ કરવાથી તું પાપ બાંધી રહ્યો છે.'

અમારા બંને વચ્ચેનો વિવાદ ઉગ્ર બન્યો. આમ અમારા બંનેથી કોઇ એક નિર્ણય આવે એમ ન લાગ્યું ત્યાં તે જ બોલ્યો.

'આપણામાંથી જેની વાત મિથ્યા ઠરે તેની જીભનો છેદ થાય. બોલો, છે કબૂલ ?'

'મને કબૂલ છે. પરંતુ આપણો ન્યાય તોલનાર કોણ ?'

'આપણો સહાધ્યાયી રાજા વસુ.'

'મને કબૂલ છે!' મેં કહ્યું. સત્યવક્તાને વળી ક્ષોભ શાનો ? મને જરાય ભય ન હતો. પરંતુ અમારી આ ચર્ચા પર્વતની માતા સાંભળી રહી હતી; તેણે જ્યારે અમારી શરત સાંભળી ત્યારે તે ધ્રૂજી ઉઠી.

પર્વતની માતાએ પર્વતને એકાંતમાં બોલાવ્યો અને કહ્યું :

'મેં તમારા પિતાના મુખે સાંભળ્યું હતું કે 'અજ' એટલે 'ત્રણ વર્ષનું જુનું ધાન્ય.'

માટે નારદ કહે છે તે સાચું છે...'

'પણ મેં તો...'

'પ્રતિજ્ઞા કરી છે, તે અયોગ્ય કર્યું છે. અભિમાનમાં જિહ્વાચ્છેદની શરત કરીને તેં મહાન અનર્થ કર્યો છે...' માતાએ દુભાતા હૈયે કહ્યું.


ખરેખર, વિચાર્યા વિના, પુખ્ત વિચાર કર્યા વિના મનુષ્ય પગલું ભરે છે તો તે આપત્તિઓના ખાડામાં જ ધકેલાઇ જાય છે.

'મા, હવે જે થયું તે થયું...હવે તે મિથ્યા ન થઇ શકે...'

પર્વતની ભાવિ વિપત્તિની કલ્પનાથી માતા વિહ્વળ બની ગઇ.

(ક્રમશઃ)

કાર્યક્ષેત્ર
વર્ધમાન બોડેલી આશ્રમ, બોડેલી
(વાયા વડોદરા)



બોડેલી જિનાલય
મૂળનાયક શાસનપતિ શ્રી મહાવીરસ્વામી ભગવાન
જેનું કામ અધૂરું છે. મદદની જરૂર છે.
મદદ મોકલવાનું ઠેકાણું :
શેઠ વાડીલાલ રાઘવજી
૬૧ તાંબાકાંટા મુંબઇ-૩

પરમાર ક્ષત્રીય જૈનધર્મ પ્રચારક સભા
૪૫૭ સરદાર વલ્લભભાઇ પટેલ રોડ બીજે માળે, મુંબઈ-૪
બોડેલી તીર્થની યાત્રાએ જરૂર પધારો, ધર્મશાળા ભોજનશાળાની સગવડ છે.

બોડેલી તથા તેની આસપાસ પરમાર ક્ષત્રીયો આશરે ૮૦૦૦ માણસો જૈનધર્મ, અહિંસા ધર્મ પાળે છે. બીજા હજારો આકર્ષાયા છે, જે ધીમે ધીમે જેમ જેમ જ્ઞાન અને દર્શનનાં સાધનો અપાય છે, તેમ તેમ જોડાય છે. આ પ્રચાર પાઠશાળાઓ દ્વારા થાય છે. આસપાસનાં ગામોમાં ૯ પાઠશાળાઓ ચલાવાય છે, બીજી ૨૦ પાઠશાળાઓની જરૂર છે.

બોડેલીમાં વર્ધમાન બોડેલી આશ્રમ છે. તેમાં વિદ્યાર્થીઓને ખાવાપીવા ભણવાની વ્યવસ્થા છે. આ ક્ષેત્રના જિનાલયને, પાઠશાળા-આશ્રમને આંબીલશાળા, ધર્મશાળા, ભોજનશાળા અને સાધારણ ખાતાને જેટલી બને તેટલી વધુ મદદ આપી ધર્મપ્રચાર તથા ધર્મપ્રભાવનાના કાર્યને મદદ કરો.

બોડેલી સ્ટેશન
મિંયાગામથી વિશ્વામિત્રીથી વડોદરાના પ્રતાપનગર સ્ટેશનથી ટ્રેઇનો જાય છે.
વડોદરાથી બે વખત એસ. ટી.ની બસો જાય છે.

લિ૦
જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ
ઇશ્વરલાલ કસ્તુરચંદ સાળવી
માનદ-મંત્રીઓ

# જનતાના ખર્ચે ને જોખમે સેવા તથા એકતાની પોકળ વાતો!

શ્રી ગુણવંતરાય આચાર્ય

આજે ભારતમાં પં. જવાહરલાલજીથી માંડીને દરેક નેતાને બસ કોમવાદ ને જ્ઞાતિવાદની સામે જાણે નફરત પેદા થઈ છે. પણ કોમ અને જ્ઞાતિ પ્રથાએ તો દેશના વિકાસના ઘડતરમાં ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો છે. તે હકીકત આજે તેઓ સત્તાના નશામાં ભૂલી જાય છે. આજે વર્ષોથી કોમવાદ સામે, જ્ઞાતિવાદ સામે બૂમબરાડા પાડનારા દેશનાયકોએ ડગલે ને પગલે કોમવાદને જ ઉત્તેજન આપ્યું છે. જ્ઞાતિવાદને જ પોષેલ છે. ચૂંટણી લડવાની હોય ત્યારે તે કોમની જ્યાં બહુમતિ હોય ત્યાં કોંગ્રેસી સભ્ય તે કોમનો જ ઉભો કરે, તે જ્ઞાતિની બહુમતિ હોય ત્યારે કોંગ્રેસી સભ્ય ઉભો કરવામાં તે જ્ઞાતિ-વાળાને જ પ્રથમ પસંદગી આપે. મુંબઇની મ્યુનિસીપલ ચૂંટણી, કેરલની ધારાસભાની ચૂંટણીમાં આ જ નીતિ હજુ તાજેતરમાં જ અપનાવાઇ હતી. વળી હિંદુઓ માટે કાયદાઓ જુદા, મુસ્લીમો માટે કાયદાઓ જુદા, સામાજિક તથા ધાર્મિક બધી બાબતોમાં બન્ને કોમના કાયદાઓ જુદા, હરિજનો માટે જુદી સગવડ ને ઉચ્ચ વર્ણ માટે કેળવણીમાં પણ જુદું ધોરણ. આ રીતે જે જે ભેદભાવવાળી નીતિ કોંગ્રેસીતંત્રે હજુ સુધી ચાલુ રાખી છે, ને છતાં જોરશોરથી એકતા-એકતાની બૂમો પાડે છે. તાજેતરમાં દીલ્હી ખાતે એકતાપરિષદ ભારે ધામધૂમથી ભરાઇ ગઇ, ને તીખા તમતા હાવકાં ભાષણો પં. જવાહરલાલજીથી માંડીને બધાયે કર્યાં ને ત્રીજે દિવસે ઉત્તર પ્રદેશમાં કોમી તોફાનો પૂરજોશમાં ફાટી નીકળ્યા; આ વિસંવાદી પરિસ્થિતિ ખરેખર દેશના ભાવિ માટે ખતરનાક છે, પણ આના મૂલમાં કોણ જવાબદાર છે? ને આ બધી એકતાની વાતો કેટ-કેટલી પોકળ છે? તે આ લેખમાં મહાગૂજરાતના સુપ્રસિધ્ધ વાર્તા લેખક શ્રી આચાર્ય પોતાની કટાક્ષમય વાણીમાં જે મુદ્દાઓ રજૂ કરે છે, તે સર્વ કોઇએ સમજવા જેવા છે. જેથી આજે કોંગ્રેસી નેતાઓના ભાષણોમાં તથા તેમના આચારવિચારમાં વધતો જતો વિસંવાદ સમજી શકાય ને હાથીના દાંત ચાવવાના જુદા તથા બતાવવાના જુદા તે રીતિ તેઓ જે અખત્યાર કરી રહ્યા છે, તેથી જનતા ચેતીને ચાલે! એ દૃષ્ટિએ આ લેખ 'કલ્યાણ'ના વાચકોને ઉપયોગી થઇ પડશે.

⊙

એક સમે ઉંદરની એક સભા મળી, સભામાં વિષય હતો વિચાર કરવાનો–બિલાડીનો. બિલાડી ઉંદરોનો શિકાર કરે છે. એ અટકાવવાના રસ્તા વિચારવાનો.

એક જમાનાનો ખાધેલ બુઢા અને અનેક બિલાડીઓના પંજામાંથી છટકેલા ઉંદરે કહ્યું :

'ભાઈઓ આ સમય છે, આત્મસંશોધનનો. દરેક ઉંદરે પોતાની જાતને એક સવાલ પૂછવો જોઇએ. જે ઉંદરો ભગવાનમાં માનતા હોય એમણે ભગવાનને, જે ઉંદરો વિજ્ઞાનમાં માનતા હોય એમણે કુદરતને જે કોઇ પોતાની જ મોટપ સિવાય ભગવાન કે કુદરતમાં ન માનતા હોય એમણે પોતાની જાતને પૂછવું જોઇએ કે જગતનો ક્રમ એવો તે શા માટે કે બિલાડી બસ ઉંદરોનો જ શિકાર કરે? ઉંદર જાત પર શિકારનું શૂળ જ શા માટે? આપણી જાતનો

ક્યારેય કોઈનાથી કશો શિકાર થવો જ ના જોઇએ.'

બીજો ઉંદર કહે. 'આપની વાત સાચી પણ જો સમય આત્મસંશોધનનો હોય તો પછી આપણે થોડું આત્મસંશોધન કરીએ. જગતનો ક્રમ છે. જગતનો પાયો છે કે જેવું વાવો તેવું લણો. બાવળ વાવો તો આંબો ક્યારેય ઉગે નહિ.'

'એટલે તમે શું કહેવા માગો છો?' ત્રીજા ઉંદરે પૂછ્યું.

'એ ભાઈ કહેવા માગે છે કે આપણે જ કોઇના ગાદલાં કાતરીએ છીએ. કોઇના પગરખાં કાતરીએ છીએ. કોઈનાં ઘર કાણાં કરીએ છીએ, કોઇનાં ખીસ્સાં કાતરીએ છીએ. આપણેય આપણો ગજા જોગ શીકાર કરીએ છીએ, તો આપણો પણ શિકાર થાય. તરનારો સદાય પાણીમાં જ ડૂબે.'

'એ તમારી વાત સાચી નથી. સાચી નથી એટલા માટે કે એ તો ઉંદરોનો સ્વભાવ છે કે કાતરવું.'

ચોથા ઉંદરે કહ્યું : 'આ ભાઇ ક્યાંક કદાચ ઉંદરોના નેતા હશે ખરા. પણ મૂળ મુદ્દો ભૂલ્યા છે. આ સભા આપણો સ્વભાવ સુધારવા માટે છે જ નહિ. આ સભા બિલાડીનો સ્વભાવ સુધારવા માટે છે.'

પણ આઘાત પ્રત્યાઘાતનો સનાતન સિદ્ધાંત છે.

'આઘાતની વાત જ રહેવા દો. જે આપણા સ્વભાવમાં છે એજ કરતા રહેવાના છીએ. એટલે આઘાતનું નાડું મૂકી જ દો. પ્રત્યાઘાતની જ વાત કરો. પ્રત્યાઘાતી બિલાડીનું શું કરવું?'

એક જણે દરખાસ્ત કરી, 'બિલાડીને નવી કેળવણી આપો.'

બીજો કહે : 'બિલાડી સામે શિસ્તભંગનાં પગલાં લો.

ત્રીજો કહે: 'બિલાડીમાં નવા સંસ્કાર સીંચો.'

ચોથો કહે: 'રોજ સવારે બિલાડી પહેલાં પ્રાર્થના કરે. પ્રાર્થનાથી મન સુધરશે.'

પાંચમો કહે : 'બિલાડી પાસે પ્રતિજ્ઞા લેવરાવો.'

છઠ્ઠો કહે : 'આ બધાના કરતાં એમ કરો બિલાડીની ડોકમાં ઘંટ બાંધવો એટલે એ આવે કે તરત આપણને ખબર પડે.'

આ વાત બધાને ગમી. હવે સવાલ એ થયો કે, 'બિલાડીની કોટે ઘંટ બાંધવા જાય કોણ?' છેલ્લામાં છેલ્લી માહિતી છે કે, ઉંદરોની સભામાં હજુ સુધી આ સવાલનો ઉકેલ થયો નથી.

એકતા પરિષદ મળી ગઇ. છાપામાં એના લાંબા ને પહોળા બ્યાનો આવ્યાં ત્યારે મને ઈસપની ઉપરની બોધકથા યાદ આવી ગઈ.

આ દેશમાં કેળવણીને નામે જેટલી જેટલી વિદ્યાપીઠોની કચેરીઓ થઈ છે એ બધાના કરવૈયા કોણ હતા?

આ દેશમાં નાત, જાત, કોમવાદને નામે જે કંઈ થયું છે તે તમામ માટે જવાબદાર કોણ હતા?

જેમના હાથમાં જ્યારે જેટલી સત્તા હતી ત્યારે ત્યારે તેટલી સત્તાનો ઉપયોગ કેળવણીને બગાડવામાં, નાતજાત, સગાવાદને પોષવામાં, કોમવાદનો ફેલાવો કરવામાં પાછું વાળીને જોયું નથી.

એમણે ભાષા ભાષી ભૂતો જગાડ્યા છે. એમણે અંગ્રેજી ટકાવવાને તેર તેર ચૌદ ભાષાઓના ઉપયોગના બચાવ કર્યા છે. એમણે

નદીના પાણી માટે, રાજના સિમાડા માટે કજીયાઓ કર્યા છે.

મોટે માચડેથી બુલંદ અવાજે એકતાની ગુલબાંગ હાંકનારાઓ પાડોશના રાજ્ય સાથે પીવાના ને ખેતીના પાણીનો ઝગડો મીટાવી શકતા નથી.

એકતાની વાતો કરનારાઓએ હજી ભાષાકીય બહુમતી ને ભાષાકીય લઘુમતીમાંથી ઉંચા આવતા નથી.

એક લઘુમતિ આપણે ત્યાં હતી. એના કારણે આ દેશના બે ભાગલા પડયા. હવે એટલાથી એમને સંતોષ નથી થયો એટલે ચૌદ રાજ્યમાં ચૌદ લઘુમતિઓ નવી ઉમેરવી છે.

એટલે કે ઉંદરો પોતાનો સ્વભાવ ચાલુ રાખે એમનું કાતરવાનું કામ ચાલુ રાખે. માત્ર બીલાડીએ પોતાનું કામ બંધ કરવું. આવી વાતો થઈ.

હશે, જાતે સુધરવાનું જો ના બને તો પછી પારકાંને સુધારવાનું કામ હાથ ઉપર ના ધરવું એમ કહ્યું કોણે?

ચાલો રાષ્ટ્રીય એકીકરણનો વ્યવહાર નક્કી થયો. હવે આ દેશમાં ધર્મ, નાત, જાત, પંથ, ભાષાને કારણે જુદાઈના વ્યવહાર રાખવામાં નહિ આવે.

એટલે આપણે રાહ જોઇએ, કેમકે વ્યવહારની એકમાત્ર પરીક્ષા આચારમાં છે. ભાષણો ને ઠરાવોમાં નથી.

એટલે કે ધાર્મિક ટ્રસ્ટો ઉપર હમણાં હમણાં જ વેરાનો મહાબોજ લાદવામાં આવનાર છે. એ મુસ્લીમ વકફને પણ લાગુ પાડવામાં આવશે.

ચૂંટણીમાં કોઇપણ પક્ષનો ઉમેદવાર નાત જાતનો આશરો લેશે નહિ. નાત જોગી પત્રિકાઓ બહાર પાડશે નહિ.

મુસ્લીમ લીગ સાથેના જોડાણ હજી બંધ થયા નથી. ઇચ્છીએ છીએ કે બંધ થશે.

રાષ્ટ્રીયભાષા વગર રાષ્ટ્રીય એકતાની વાતો કરનારાઓ હજી પણ માને છે કે પ્રજાનું જોડાણ માનસિક એકતા ભાષા વગર થઈ શકે છે.

એટલે રાષ્ટ્રીય એકીકરણના વ્યવહારવાદીઓ હજી પણ અંગ્રેજીને જાળવી રાખવા માગે છે. ઇચ્છીએ કે સરકારી નોકરીમાં જુદા જુદા વર્ગના લોકો માટે જુદી જુદી લાયકાતનાં ધોરણો દૂર થશે.

વાત તો મજાની થઈ. ભાષણો એથીયે મજાનાં થયાં, ઠરાવ તો વળી એથીયે વધારે મજાના થયા. પણ ખાટલે મોટી ખોટ જેવી વાત. એકની ઉણપ છે. આ વ્યવહારનો ભંગ કોઇ કરે તો એની સામે કરવું શું? પારકાઓને પ્રતિજ્ઞા લેવરાવનારા પોતે કોઈ એકાદ પ્રતિજ્ઞા લીધી કે નહિ.

મને તમે નિરાશાવાદી કહેવો હોય તો કહી શકો છો. પણ મને તો આવી સભાઓ, ભાષણો, ઠરાવોમાં કોઇ શ્રદ્ધા નથી. ચૂંટણી વેળાએ માત્ર સસ્તી જાહેરાતો સિવાય મને તો કાંઇ વધારે લાગતું નથી. આ આખી સભાનો અને એકતાની વાતો ઠરાવોનો મારી નજરે તો એક માત્ર નિચોડ મને દેખાયો છે. એ છે કે, આ દેશમાં રાષ્ટ્રીય ભાષા કદી આવવાની નથી. સભાના યોજકો આવવા દેવાના નથી. ને અંગ્રેજી આ દેશ ઉપર મારી ઠોકીને બેસાડવાનું છે. પછી એકતાનું, રાષ્ટ્રનું ને અંગ્રેજી નહીં જાણનારા લોકોનું થવું હોય તે થાય.

# સાધક અને સાધનાશક્તિ

શ્રી કુમારી કસ્તૂરી યોગેશ

સાધક–આત્મ સાધનાના માર્ગે આગળ વધતો પ્રવાસી, પોતાની સાધનાને કઈ રીતે પ્રગતિમાન બનાવીને સાધનામાર્ગે વિકાસ સાધે છે? તે હકીકત અહિં પત્રાત્મક શૈલીએ આલેખાયેલી છે. લેખનશૈલી સરલ તથા ભાવવાહી છે, આપણે ઈચ્છીએ છીએ આજ શૈલીમાં આધ્યાત્મિક દૃષ્ટિને વિશદ કરતા લેખો લેખિકા લખવાનું ચાલુ રાખે!

⊙

પ્રિય સખી,

સ્નેહવંદન!

જુલે વર્ને લખેલા કેપ્ટન નેમોના Adventures–સાહસો વાંચી તું મુગ્ધ બની જાય છે ને? પણ એનાથી પણ અધિક Romantic–રોમાંચક સાહસો આત્મસાધનામાં પડેલા સાહસિકો–સાધકો કરે છે—અંતર માત્ર એટલું જ છે કે સાગરખેડુઓ અને ગિરિ–આરોહકોના સાહસો ભૌતિક ક્ષેત્ર પર હોય છે અને આત્મસાધનાના ખેડુઓ–સાધકોના સાહસો ચેતનાક્ષેત્ર–Plane of Consciousness–માં હોય છે. દરેક સાહસિકને, Whether he be 'a wordly explorer or spiritual aspirant, અનેક વિઘ્નોનો સામનો કરવો પડે છે, સંકટોને જીતવા પડે છે. ભૌતિક ક્ષેત્રના સાહસિકો ફતેહ કેમ મેળવે છે એ તો કોઈ જુલે વર્ન જેવા લેખક જ લખી શકે—અહિં આ તારી નમ્ર સખી તને કેવળ સાધકો કઈ શક્તિની સહાયથી વિજયી બને છે એના વિષે થોડું કંઈક લખે છે...

જ્યાં સુધી માનવી દિવ્યતા પ્રતિ વળતો નથી ત્યાં સુધી તેના સઘળા કાર્યો માનુષી શક્તિ પર અવલંબિત હોય છે. માનુષી શક્તિ સદા અર્ધજ્ઞાન તેમ જ અજ્ઞાનથી આવૃત, અંધકારપૂર્ણ અને અદિવ્ય હોય છે. માનુષી શક્તિથી કરેલા કાર્યો સ્ખલનાઓથી ભરેલા હોય છે—આ શક્તિ માણસને અંધકારમાં આખડાવે છે. પરંતુ માણસ જ્યારે દિવ્યતા પ્રતિ વળે છે, ઈશ્વર સાથે એ પોતાનું અંતર જોડે છે ત્યારે એની સાધનાનો આરંભ થાય છે અને એનામાં દિવ્ય શક્તિનો આવિર્ભાવ થાય છે. દિવ્યતાનો સંયોગ, ઈશ્વરનો યોગ થવાથી માનુષી શક્તિ

---

બાકી તો....બાકી તો....જ્યાં સુધી આ દેશમાં ધંધાદારી રાજકારણ છે ત્યાં સુધી મધ્યમ-વર્ગનાં વિશાળ લોકોએ એક જ વાત ધ્યાનમાં રાખવી ઘટે....આ દેશમાં લોકોના પરસેવાની તિજોરીમાંથી ધંધાદારી રાજકારણને નામે ને રાજકારણનો ધંધો કરનારાઓને હિસાબે પગાર, ભાડાં, ભથ્થાંને નામે દર પાંચ વરસે સાઠથી સીત્તેર કરોડ રૂપિયા ખરચાય છે. સરકારી તિજોરીમાંથી અપાય છે. તમારે ખર્ચે ને તમારે જોખમે તમને ગમે તેવી વાતો કરવામાં એમનું જાય શું? ને વાતનાં કાંઈ નાણાં દેવાં પડે છે? ઉલટાનાં સામાં મળે છે!

એટલે હું તો એક વાત માનું. લોકસેવા કરવા માટે લોકો પાસેથી પૈસા ન લે એ સાચો લોકસેવક, એ પૈસા વગર એનું ચાલે એમ ન હોય તો બાપલા પહેલાં તારો ઘરનો ધંધો કરીને તારી પોતાની જ સેવા કરને! પછી લોકોની સેવા કરવા નીકળજે!!

પણ....પણ....પણ જવા દો....

હાલ તો રાષ્ટ્રીય એકતાની વાતોનો જય હો! એનો વ્યવહાર કેવો થાય છે.... એ તો લાડી પાડી નીવડયે વખાણ!

રૂપાંતર પ્રાપ્ત કરે છે અને સાધકની પરિમિતતા એની અપરિમિતતામાં, એનું અર્ધજ્ઞાન ને અજ્ઞાન એના જ્ઞાનમાં, એનું અંધકાર જ્યોતિમાં અને એની અદિવ્યતા દિવ્યતામાં પરિવર્તિત થતી જાય છે.

Divinity—દિવ્યતાની સાધના કરવાથી, આપણા અન્તસ્તલને Infinity—અનંતતા સાથે જોડવાથી, Most High—પરમોચ્ચ પ્રતિ વળવાથી સાધકમાં જે શકિત પ્રગટે છે એને સાધનશકિત [ Force of Sadhana ] કહેવામાં આવે છે—માનવી પોતાની માનુષી શકિતથી જે કાર્યો નથી કરી શકતો એ કાર્યો તે પોતાની અંદર તેમજ બહાર, જગતમાં, આ સાધનાશકિતથી કરી શકે છે. કહેવાય છે ને કે ' Pen is mighter than sword '-તલવાર કરતા પણ કલમમાં વધુ બળ છે.' અને આ કલમનું બળ—The power of pen—એટલે હકીકતમાં તો જ્ઞાનનું જ બળ ને? જો જ્ઞાનમાં બળ છે તો વિજ્ઞાનમાં એનાથી પણ અધિક બળ છે—પણ, જો ગૂંચવણ ન કરતી, આ વિજ્ઞાન એટલું તારું હજી અંધકારમાં બાથોડિયાં ભરતું Science-ભૌતિક વિજ્ઞાન નહિં પણ વિજ્ઞાન, વિજ્ઞાન! વિજ્ઞાન એટલે દિવ્યતા Supernatural science, mind you, Madam! આ વિજ્ઞાનમાં, આ દિવ્યતામાં પ્રવેશ કરવાથી સાધકમાં પ્રગટતી સુક્ષ્મશકિત, સાધનાશકિત આગળ કલમનું બળ કંઈ જ નથી—Oh, dear, it is trivial nothing!—એ શકિત તો, મંજુ, આ જગતમાં અદ્ભુત કાર્યો કરી શકે છે અને કરી પણ રહી છે પરંતુ એ શી રીતે કરી રહી છે? એ તો આપણે ફરી કદી જોઈશું, અને ત્યારે તારા ખ્યાલમાં એ પણ આવશે કે જેના કારણે વિજ્ઞાનવેત્તાઓ આજે જગતને આંજી નાખતી શોધખોળો કરે છે તે પણ મૂળમાં તો આ જ શકિત છે અને એનો અનુચિત ઉપયોગ કરી વૈજ્ઞાનિકો એને Pervert—વકૃત કરી નાખે છે. લે! હવે આ વાત અહિં જ પડતી મૂકી આપણા મૂળ વિષય પર આવું છું.

આપણે એ તો જાણીએ છીએ કે આપણામાં અનેક દોષ-દુર્ગુણો રહેલા છે. કેટલીક વખત એમનાથી કંટાળી જઇ આપણે એમનાથી મુકિત ઈચ્છીએ છીએ—પણ એ આપણો એ રીતે પીછો નથી છોડતાં. એક ક્ષણ પહેલાં જ આપણે નિશ્ચય કર્યો હોય છે કે આપણે ક્રોધ, નિંદા ઈર્ષ્યા નહિ કરીએ પણ બીજી જ ક્ષણે પ્રસંગ પડતાં આપણો નિશ્ચય તૂટી જાય છે અને આપણે ક્રોધ કે ઇર્ષ્યા કરી બેસીએ છીએ, નિંદામાં પરિણત થઇએ છીએ. કયારેક પાછળથી દુઃખ પણ થાય છે કે આપણે આમ શા માટે કર્યું? —પણ આનો કંઈ જ ઉપાય નથી કેમ કે માનવી નિર્બળ છે અને અજ્ઞાન, અંધકાર, અદિવ્યતાના પૂર્વસંસ્કારોને વશ છે. પણ આત્મખેડુ સાધકો પોતાની આ નિર્બળતાને, વિવશતાને સામાન્ય-જનની જેમ સ્વીકારી લેતા નથી, તેઓ તો આમનાથી મુક્ત થવાના ઉપાયો વિચારે છે, યત્નો પણ કરે છે, તેઓ સાધના કરે છે અને સાધનાના પ્રભાવ-શકિતથી દોષો-દુર્ગુણો સામે થાય છે, લડે છે, વિજય મેળવે છે. સાધનાને કારણે એમનામાં એ શકિત પ્રગટ થાય છે કે જે એમને સ્ખલનાઓથી બચાવે છે. એટલું જ નહિ પણ એમનામાં રહેલા દોષો ને દુર્ગુણોને નિર્બલ કરતાં કરતાં એ તેમનો ધીમે-ધીમે નાશ પણ કરે છે.

આપણને આપણી બહાર જગતમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. કેટલાય અડચણો આપણને ઘણી જ સતાવે છે. કેટલાંક અવરોધો પ્રતિ તો આપણે તદ્દન અસહાય જ બની જઇએ છીએ. અનેક વિઘ્નકારક બાબતોનો આપણે કંઈ જ ઉપાય નથી શોધી શકતા—પણ સાધકો એ શોધી કાઢે છે. તેઓ મુશ્કેલીઓ ને અડચણો, અવરોધો અને વિઘ્નોથી રાહત મેળવવાને મુકત થવા એ શકિતની સહાયતા લે છે કે જે માનવીમાં સાધના કરવાથી પ્રગટે છે. સાધના-શકિત કેવળ આપણા અંદર જ નહિ પણ બહાર પણ પોતાનો પ્રભાવ નાંખે

છે, જગતમાં પણ એ પોતાનું કાર્ય કરે છે. એ સાધકોને અનેક મુશ્કેલીઓ અને વિઘ્નોથી પર કરે છે. એનો સંસ્પર્શ [Touch] અડચણોને સહાયતામાં અને અવરોધોને સુવિધાઓમાં પલટી નાખે છે—એનું પ્રાગટય સાધકમાં એની નિર્બળતાને સામર્થ્યમાં ફેરવી નાખે છે. એ શકિત ગમે તેવા પ્રતિપક્ષી બળ સામે જંગ ખેલે છે ને ફતેહ મેળવે છે. મંજુ, એ અતિ તેજસ્વી શકિત છે—સંસારના સમર્થ ગણાતા માણસો અને ગમે તેવા વિરોધક બળો પણ એની આગળ ટકી શકતા નથી, વિવશ બની જાય છે, હાર પામે છે. જયારે સાધકમાં આ શકિત પ્રગટે છે ત્યારે જ એનું સાચુ જીવન શરૂ થાય છે, એના મનુષ્યત્વનું ઇશ્વરત્વમાં પરિવર્તન થતું જાય છે અને અંતે એ શિવત્વને પામે છે.

જો, બહેન, આને તું કોઇ ટાઢા પહોરની ગપ ન ગણીશ—અધ્યાત્મનો આખો ઇતિહાસ એ હકીકતમાં આ જ શકિતની કથા છે. સામાન્ય માનવીની જેમ છીછરૂં, ઉપરછલ્લું [Superficial] જીવન સાધકનું નથી હોતું—એનું જીવન તો DeeP, Inner–ઊંડાણનું, અંતરનું હોય છે. એના સાહસો સહેલાઇથી સમજી નથી શકતા અને એમને સામાન્ય ભાષામાં જગતને સમજાવવા એ પણ એક અતિ દુ:શકય કાર્ય છે. બીજી એ પણ વાત ખ્યાલમાં લાવવાની છે કે સાચા સાધકો પોતાના સંવેદનો અને સાહસો વિષે અતિ અલ્પ જ બોલે છે—પણ હકીકતમાં તો એક સાધકે પણ આ શકિતની સહાયતાથી એવું કાર્ય કર્યું હોય છે કે આ સંસારના એક સો સાગરખેડુઓ અને પર્વત–આરોહકો પણ ન કરી શકે. એ સ્થૂલ ક્ષેત્રમાં વિચારનારા બિચારાઓ સાધકનાં સૂક્ષ્મ સંવેદનો, સંગ્રામો અને હાર-જીતો વિષે શું જાણી શકે? સાધકમાં થતી પ્રકાશ અને અંધકાર વચ્ચેની પટાબાજી, દિવ્ય અને અદિવ્ય બળો વચ્ચેનું ચાલતું યુદ્ધ અને એના પતન અને પુનરૂથાનનું આલેખન કોઇ એક જુદે વર્ણ પણ ન કરી શકે—એને સમજવા અને સમજાવવા તો, બહેન, કોઇ આત્મવેત્તા જ જોઇએ. અલબત્ત!

**Postscript:** અહો, જો, ઉતાવળના કારણે એક મહત્વની બાબત તો જણાવ્યા વિનાજ રહી ગઇ! તેં મને આપણામાં દયા, કરૂણા, પ્રેમ અને પ્રમોદભાવ કેમ પ્રગટાવવા એ વિષે પૂછયું હતું. બહેન, આ આપણા આંતરિક ગુણો છે અને એ આપણામાં બહારથી ઠાંસવાથી સહજપણે પ્રગટતા નથી—પણ જે આવરણો એમને આવૃત કરી બેઠા છે એમને દૂર કરવાથી એ સ્વયં જ પ્રગટે છે અને આપણા જીવનને ધન્ય બનાવી દે છે. એટલું સમજી લેજે કે કોઇ પણ સ્થૂલ પ્રયત્નથી આ ગુણો આપણામાં Permanent–કાયમી નથી બનતા—એના માટે તો આપણી ચેતનામાં વિશુદ્ધિ ફેલાવી પડે છે, ઊંડાણમાં ઉતરીને આવરણોને ઓગાળવા પડે છે. આ ઓગાળવાનું કાર્ય સાધનશક્તિ શીઘ્રપણે કરે છે—સાધનાનો અગ્નિ [Fire of Sadhana] ગાઢ આવરણોને પણ બાળીને ભસ્મ કરી દે છે.

આ આવરણો આપણી અજ્ઞ–ચેતના Your subconsciousness માં રહેલા છે અને એની પાછળ પ્રછન્ન રુપમાં આપણી દિવ્ય–ચેતના Superconsciousness રહેલી છે. સાધનાશકિત આ બન્ને ચેતનાસ્તરો [conscious realms] માં એક સાથે કાર્ય કરે છે—એ આપણી અજ્ઞ–ચેતનાને વિશુદ્ધ કરે છે અને સાથો–સાથ દિવ્ય–ચેતનાને પ્રગટ કરે છે. અને એ આ બન્ને રીતે આપણામાં ઉપરોકત ગુણો પ્રકાશિત કરે છે.

તેથી તું સમજી શકે છે કે કોઈપણ પ્રકારની કેવળ ઉપરછલ્લી હિલચાલ Superficial movements આવા ગુણોની પ્રાપ્તિમાં સફળ ન થાય અને એના માટે સાધના કરી ચેતના પર Pressure–દબાણ લાવવું અને સાધનાનો પ્રભાવ ચેતનામાં ફેલાવવો આવશ્યક રહે છે.

એજ તારી સહૃદય સખી **કસ્તૂરી**

## ઉજવો નૂતન વાણું

વર્ષ નહિ વસુધાને પલટો, પલટો માનવ ઉર
તંત્રો પલટો, મંત્રો પલટો, પલટો કાલનું પૂર.
પલટો યુગ યુગ કેરૂં ગાણું, આજ ઉગે નવ વર્ષનું વાણું....૧

માનવ-માનવ વચ્ચે ઉભા, ઉંડા અણગણ ભેદ
એ ભેદોનો છેદ ઉડાડી, જગવો જગત અભેદ.
સાચું નવયુગનું નજરાણું, આપી ઉજવો નૂતન વાણું....૨

—શ્રી કરશનદાસ માણેક

⊙

## કાયાનું કારખાનું

કાયાનું આ કારખાનું, ભાતીગળ ભાત એની ચોગઠું પુરાણું જી,
કાયાનું આ કારખાનું જી....૧

રેશમના તકિયા પર કે પડયું પગથારે, મહેલોમાં મહાલે કે વગડે વિરામે,
અટકયું કે ખટકયું તે દિ ભારે ડિંડવાણું જી.
કાયાનું આ કારખાનું જી....૨

અભ્યાગત આવ્યો રહેવા, માંડયું મજીયારૂં.
ન મળે કાંઇ લેવા દેવા, કરે મારૂં મારૂં.
પોપટને ભૂખ્યો રાખી, પિંજર શણગાર્યું જી.
કાયાનું આ કારખાનું જી....૩

આડેધડ હાલ્યું એનું, કુડું કારભારૂં.
તરભેટું આવ્યું ત્યારે, મનડું મૂંઝાણું.
માયાને વટોળીએ ઇ અમથું અફળાણું જી.
કાયાનું આ કારખાનું જી....૪

શ્વાસનું સરવૈયું જે દિ ચોપડે લખાણું,
લાકડાના ઢુંઢામાં ઇ ખાતે ખડકાણું,
પૂછયું નહિં ગાછયું નહિં ને, મેલ્યું રે ડુંભાણું જી.
કાયાનું આ કારખાનું જી....૫

—શ્રી ચતુર્ભુજ દોશી

⊙

# ચેતનને પ્રેરણા

(પૂ. મુનિવરના પત્રમાંથી)

દૂર-સુદૂર વ્યાપારાર્થે વસતા ધર્મશીલ, ધર્માનુરાગી આત્માને ઉદ્દેશીને એક શાંત તથા જ્ઞાની ત્યાગી મુનિવરે પાઠવેલ ધર્મોપદેશ અહિં 'કલ્યાણ'ના વાચકો માટે રજૂ થાય છે.

ધર્મલાભ,

ધર્મની મોસમ ગણાતા માનવભવની પ્રત્યેક ક્ષણને કરોડો કરતાં પણ અધિક ગણનારા, જૈનશાસનના ઉત્તમ આરાધક જીવો, આ જીવનની એક ક્ષણ પણ મોક્ષમાર્ગની વિશેષ આરાધના વિના જવા દેવા તૈયાર હોય નહિ.

પ્રમાદની પરવશતાના પ્રતાપે, જીવે જે, મુશ્કેલીઓ ભૂતકાલમાં અનુભવી છે, ચારગતિમાં જે પરિભ્રમણ કર્યું છે, અનિચ્છાએ, પરવશપણામાં જે વિટંબનાઓ સહન કરી છે, તે ક્ષણેક્ષણે યાદ રહે તો, જીવને પરમાત્માના માર્ગની આરાધનામાં એક ક્ષણ પ્રમાદ કરવાનું મન થાય નહિ.

દુનિયાદારીની, કમાવા, ખાવાની, ભોગવિલાસની, આશા તૃષ્ણાની આધીનતાની, જે જે પ્રવૃતિઓ જીવ મોહમહારાજાની આજ્ઞાથી કરી રહ્યો છે, તે સર્વ પ્રમાદમાં ગણાય છે.

સદ્ગુરૂની સોબત મલી, પુન્યોદયે સાધન સારાં મલ્યા, કાંઈક સમજ શક્તિ મલી શકે એવી બુદ્ધિ મળી. ભગવાનના માર્ગ પર રૂચિ પણ થઇ, આવું છતાં જીવ કોઇ વિચિત્ર મોહદશાના કારણે, સંસારની આધિ વ્યાધિ અને ઉપાધિની જાળમાંથી બચવાનો વિશેષ પુરૂષાર્થ ન કરે, તો ભવિષ્યમાં એને જ શોચવાનું રહે, આ વસ્તુ વિચારવા જેવી ગણાય.

જ્ઞાનીઓના શાસનમાં રત્નના ભંડાર છે, અને જેઓ જૈનશાસન ઉપર અનન્ય શ્રદ્ધા ધરાવે છે, એમના માટે એ મહાપુરૂષોના ભંડારો ખુલ્લાજ પડ્યા છે, એમ છતાં પોતાની નિદ્રા ઉડાડે નહિ અને સુખશીલતા તથા સંસાર વાસનામાં પડયો રહે તો આવેલો અવસર જાય.

'વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા'ની ભલામણ કરનારા, વૈરાગી, ત્યાગી, મહાત્માઓ સંસારની સર્વ પરિસ્થિતિ વીજળીના ઝબકારા જેવી જણાવે છે. માટે એની સફળતા કરવાની તક હાથમાંથી જવા ન દેવી એમાં ડહાપણ છે.

જેનામાં કાંઇક યોગ્યતા હોય, એની યોગ્યતા ખીલવવાની શાસ્ત્રકાર ભગવંતોની વિશેષ મહેનત હોય છે, અને સમજદારને એની જવાબદારી, વિશેષ ખ્યાલમાં રાખવાની સૂચના નિરંતર કરે છે. સુવિહિત સદ્ગુરુઓના સતત પરિચય વડે, આવેલા સુસંસ્કારો, આત્માને આ જીવનમાં સર્વ પાપોથી બચાવવામાં સહાયક બની જાય, એના જેવી ઉત્તમતા બીજી કોઇ નથી.

સંસારથી સાચા ઉદ્વેગને પામેલો, સંયમનો અભિલાષી, આ ભવમાં, શારીરિક પ્રતિકૂળતા અથવા કોઇ વિચિત્ર આસક્તિના કારણે મુનિપણું ન લઈ શકે તો પણ ભવાંતરમાં વહેલામાં વહેલું મુનિજીવન આવે, એના માટેની પૂર્વ તૈયારીઓ કરવા માટે એ સદા ઉજમાલ રહે છે.

અખૂટ શ્રદ્ધા, નિર્મલ અનુષ્ઠાન અને તત્વજ્ઞાન પામવાની ખરી ભૂખ આના વડે આત્મકલ્યાણના માર્ગમાં આગળ વધવાની સતત કોશીશ કરો, એજ શુભાશિષ.

# રૂધિરનો સાગર

**શ્રી પન્નાલાલ જ. મસાલીયા રાધનપુર**

'કલ્યાણ'ના વાચકોના માનનીય લેખક શ્રી મસાલીયા કલ્યાણ પ્રત્યેની આત્મીયતાથી પ્રેરાઈને પોતાની આગવી શાંત, સ્વસ્થ રસમયશૈલીયે અહિં ભારતમાં આજે કહેવાતી અહિંસક સરકાર દ્વારા કેવલ પૈસા પ્રાપ્ત કરવા માટે જે નિર્દોષ પશુ–પંખીઓની ક્રૂર કત્લેઆમ થઇ રહી છે; પરદેશમાં ક્રોડો મૂંગા પશુઓને પૈસા મેળવવા ખાતર જે રીતે રવાના કરાઈ રહ્યા છે: ને તેમના પર જે અમાનુષી અત્યાચારો ગુજરી રહ્યા છે; તે હકીકત દર્શાવીને તેઓ ભારતભૂમિના લોકોને પડકાર કરે છે.

લેખકની પાસે વિચારોનું ઉંડાણુ છે, ભાષાની ભવ્યતા છે, તથા શબ્દોનો ભંડાર છે, ને શૈલી છે. તેઓ વર્ષોથી 'કલ્યાણ' માટે લખી રહ્યા છે. 'કલ્યાણ' માટે નિયમિતરીતે તેઓ આત્મીયભાવે દર અંકે લેખો લખી મોકલાવશે. ને 'કલ્યાણ'ના વાચકોને તેઓના લેખો દર અંકે વાંચવા મલશે. વાચકો લેખકના લેખ માટે દર અંકે 'કલ્યાણ' વાંચવાનું રખે ચૂકે।

★

'આંદ્રી! ભલો થા, મહેરબાની કર અને આ શ્વેત મનોહર પંખીને પીંજરમાંથી મુક્ત કર!' ઇટાલીના એક અતિ સુવિખ્યાત વૈજ્ઞાનિક લિયોનાડો દ વિન્સીએ દુકાનદાર આંદ્રીને સમજાવવા માંડયો.

આંદ્રીએ પીંજરૂં નીચે ઉતાર્યું, તેનું બારણું ખોલ્યું અને ભયથી ફફડતા અને તરફડિયાં મારતા આ રૂપકડા પંખીને તેમાંથી બહાર ખેંચી કાઢયું. પછી લિયોનાડોને બતાવતાં સગર્વ કહ્યું, 'આ પંખીને સેકયા પછી મને તેની એક સોનામહોર ઉપજશે, મહાશય!'

માનવતાના પરમ ઉપાસક એવા વૃદ્ધ લિયોનાડોએ ભારે નિઃશ્વાસ નાંખ્યો, ઘડીભર વિજળીના ઝાટકા જેવા એક ભારે આંચકાથી તે કંપી ઉઠયો. તેણે જોયું કે પંખી આંદ્રીના ક્રૂર હાથમાંથી છૂટી પોતાના હાથલગી પહોંચવા ખૂબ તરફડિયાં મારી રહ્યું છે!

'સોનામહોર?' પંખીને એક હળવો સ્પર્શ કરતાં દયાળુ લિયોનાડો બોલી ઉઠયો.

'ચીંચીં...ચીં' સોનેરી રંગની છાંટવાળું આ મનોહર શ્વેત પંખી ગાતું નાચી ઉઠયું. એનાં મધુર સ્નેહ–સ્વરથી લિયોનાડો ત્યાંજ સ્થંભિત થઇ ગયો.

'હા, મહેરબાન, મારી પાસે આ જાતનું તે એકજ પંખી છે. આફ્રિકાના કોંગો પ્રદેશમાંથી તે લાવવામાં આવ્યું છે. પ્રખ્યાત હની ગાઈડ પંખીની તે એક જાત છે. આ પંખી ખૂબ દુર્લભ છે. એવું બીજું પંખી મારી દુકાનમાં નથી.'

'એક સોનામહોર? હું આ શું સાંભળી રહ્યો છું, આંદ્રી! જગતની નિર્દોષ અને અનુપમ શોભારૂપ આવાં અમૂલ્ય વન્ય પંખીનો નાશ કરી, તું એની એક સોનામહોર ઉપજાવીશ? હં, અને તે માનવતાને કલંકરૂપ નથી? અને આખર તો એ લોહીનાંજ પૈસા તો? એવા

નિઃશ્વાસ અને આહના પૈસા પેદા કરી તું સુખી થવા માંગે છે, ભાઈ!'

આંદ્રીએ જવાબ ન આપ્યો. અન્યમનસ્કપણે માત્ર થોડું હાસ્ય કર્યું.

લિયોનાડોએ આંદ્રીની પીઠ પર એનો પ્રેમાળ હાથ ફેરવતાં ધીમેથી કહ્યું, 'આંદ્રી!'

'હં.'

'ભાઈ! ઇશ્વરની ખાતર, ત્હારી લોહીથી તરબોળ તેજ છૂરીને મ્યાન કર! ઇશ્વરની ખાતર એને મ્યાન કર! આવાં નિર્દોષ પંખીઓને મુક્ત કર અને એમને વિશાળ નીલગગનમાં વિહરવા દે!'

'એટલે?'

'ચીંચીં....ચીં' પંખીનો અલૌકિક મધુર કંઠ ફરી ખીલી ઉઠયો. જાણે તે કહેતું હતું, 'લીલાંછમ વૃક્ષોને જ નહિ શુભ્ર તેજાંબર ગગનને જ નહિ, તમને માનવબાળોને પણ અમે મઝાનું મીઠું સંગીત પીરસી આનંદ આપીએ છીએ!'

'આ બે પાંખવાળું પંખીજ માત્ર નથી, છલાછલ આનંદ પણ છે. તે સંસારનું સહુથી વિશેષ કર્ણપ્રિય મધુરતમ સૂરનું પ્રતીક પણ છે. એનો વધ કરવો એટલે સંસારભરના સર્વ સુખ માત્રનો વિનાશ કરવો તે છે, આંદ્રી!'

'તે કેવી રીતે!'

'આંદ્રી! વિશ્વના સમગ્ર પંખીઓનો વિનાશ સર્જવામાં આવે તો આપણી મનુષ્ય જાતિનો ઘડી બે ઘડીમાં જ નાશ થઇ જાય, એનું કારણ એ છે કે અનેક પ્રકારની જીવાતોનો નાશ કરવાનો માર્ગ કુદરત આ પંખીઓ મારફત જ લે છે. લચી પડતાં ખેતરોનો પાક અને વિવિધ પ્રકારનાં તાજાં ફળ–ફૂલોને ખાઇ જતી જીવાત સામે આ પંખીઓ એક સરખો સંગ્રામ ખેલતા હોય છે. એટલે ફળ–ફૂલ અને અનાજના દાણા ખાઇ જતાં આ પંખીઓ પણ આપણાં પરમ મિત્રો છે. નહિતર તો આ પંખીઓ કરતાં આ જીવાતજ હજારો ગણો પાકનો નાશ કરી નાંખે તેમ છે. જગતના અનેક દેશોમાં જ્યારે આ નિર્દોષ પંખીઓનો મોટા પાયા ઉપર શિકાર ખેલવામાં આવે છે, ત્યારે તે તે દેશ ઉપર જીવાતનો ઉપદ્રવ મોટા પ્રમાણમાં વધી જાય છે, અને પરિણામે ત્યાં ભયંકર દુષ્કાળો સર્જાય છે.'

આંદ્રીએ જવાબમાં કેવળ નીચું જોઈ જણાવ્યું: 'મહેરબાન, પણ આ મારો ધંધો છે.'

'ધંધો છે?'

'હા, તે કોઇ રીતે બંધ કરી શકાય નહિ.'

'કેમ?'

'તેમ કરવામાં આવે તો અમે ભૂખે મરી જઇએ.'

'એમ?' લિયોનાડોએ ભવાં સંકોર્યાં: 'મહેરબાન દોસ્ત! તેં આવાં ઘણાં નિર્દોષ પંખીઓની જિંદગી ઝૂંટવી તેમને બેજાન બનાવી દીધાં છે. જંગલમાં મઝાથી ઉડતાં, કિલ્લોલ કરતાં અને મધુર સ્વરે ગાન કરતાં એવાં પ્યારાં પંખીઓની હત્યા કરી, ગમે તેટલું દ્રવ્ય પ્રાપ્ત કરવામાં આવે, અગર એ દ્રવ્યથી રાજભવન જેવા મનોહર પ્રાસાદો ઉભા કરવામાં આવે તો એથી શું છે? જેમ અગ્નિમાંથી શીતલતા કદી પ્રાપ્ત થતી નથી, તેમ ખૂનથી ખેલનારાં હિંસક માનવીઓના પ્રારબ્ધમાં આવા સુંદર મહાલયોમાં રહેવા છતાં સુખ પ્રાપ્ત થઈ શકતું નથી. યાદ રાખજે ભાઇ, કે બીજાનું સુખ છીનવી લેવા જતાં આપણું સુખ પહેલાં નાશ પામે છે.

જગત આજે દુઃખી છે, તેનું આ જ એક કારણ છે. કોઇપણ પ્રાણીનો વધ કરવો અથવા એમના આનંદમય જીવનમાં વિક્ષેપ કરવો એ સંસારની નરી અધમતા અને પાશવતા છે. જેને બીજાના જીવનની કિંમત નથી, તેને પોતાને જીવવાનો પણ કોઈ અધિકાર નથી, ભાઇ !' લિયોનાડોએ જણાવ્યું.

'હું આ શું સાંભળી રહ્યો છું, મહાશય લિયોનાડો ? આપના આ અત્યંત મધુર શબ્દો મારૂં અંતર આનંદમાં સ્થંભિત કરી દે છે !' આંદ્રીએ પ્રભાવિત થતાં કહ્યું. એના જીવનમાં જાણે ભારે પરિવર્તન આવી રહ્યું હોય તેમ લાગ્યું. તેનું પત્થર દિલ કરુણાના ઝૂલે-ઝૂલી રહ્યું હોય તેમ દેખાયું.

વાત્સલ્યતાની મીઠી ફોરમ ફેલાઇ ચૂકી હતી.

ભારે પોષાણહૃદય પણ આજે પવિત્ર પ્રેમના આસ્વાદને કરી આર્દ્ર બની દ્રવી રહ્યું હતું.

પંખીને ફરી એકવાર લિયોનાડોએ મૃદુ સ્પર્શ કર્યો, તે સાથે જ એનો પેલો ભય અને ગભરાટ જતો રહ્યો. આંદ્રીના હાથમાંથી પંખી પરમ સુહૃદય જેવા લિયોનાડોના હાથ પર જઇ બેઠું.

'ચીંચીં....ચીં' પંખીએ મઝાની મીઠી સીસોટી મારવી ચાલુ કરી.

આંદ્રીએ શરમના માર્યા સર ઝુકાવતાં કહ્યું, 'મહેરબાન સાહેબ, આ હની ગાઇડ પંખીને જ નહિ, પીંજરામાં કેદ રહેલાં બધાંજ ભૂરાં, સફેદ પંખીઓને હું હવે ઉરાડી મૂકું છું. મુક્ત ગગનમાં તેઓ હવે ભલે આનંદથી ઉડે ! કોઇને પણ દુઃખ પડે એવું કાર્ય હવે પછી હું કરીશ નહિ !'

'શાબાશ !' અતુલ સુખની પ્રાપ્તિ થઇ હોય તેમ લિયોનાડો બોલી ઉઠયો. તેનું મુખ આનંદથી મરક મરક હસી રહ્યું હતું. લિયોનાડોને પશુ પંખીઓ પ્રત્યે એટલી બધી અનુકંપા હતી કે જ્યાં જ્યાં આ મૂક જીવો ઉપર ત્રાસ કે જુલ્મ ગુજરતો હોય ત્યાં ત્યાં ઘણી ત્વરાથી પહોંચી જતો અને હિંસાના આડધડા માર્ગપર જતા પંથભૂલેલા માનવ બંધુઓને બની શકે તો સમજાવીને અને નહિતર છેવટ પૈસા આપીને પણ તે જીવોની તેમની પાસેથી રક્ષા કરતો.

આવો દયાળુ આત્મા હતો દ વિન્સી લિયોનાડો ઇટાલીનો મહાન વૈજ્ઞાનિક અને સાથે કલાકાર પણ. ત્યારે હાય રે જીવ પ્યારા ભારત દેશની આજે શું દશા છે, તે જરા જોઇએ !

વિશ્વસમગ્રના ઇતિહાસમાં કદાચ સર્વથી પ્રથમ જ વાર આવી ઘોર હિંસા વાજ આવી ગઈ છે. આજે તો દુનિયાનો આત્માજ જાણે સાવ સત્વહિન બની ગુમાઈ ગયો હોય તેમ લાગે છે. હિંસાથી આજનું જગત બદલાઇ સાવ નર્કાગાર જેવું બની ગયું હોય તેમ દેખાય છે. ભારતમાતાનું સસ્મિતલ મુખ પણ આ ઘોર રક્તપાતથી કેવું મ્લાન બની ગયું છે ? આ વિરાટ વિશ્વમાંથી જાણે 'કરુણા'નું અમૂલ્ય તત્વજ સાતમા પાતાલમાં ઓઝલ થઇ ગયું હોય તેમ લાગે છે.

હાથ ગ્રહી હથિયાર નીસરી હિંસા, પડી મયદાને
સરિતા રક્તની વહેવા લાગી,
કોણ નર ને નાર, આર્ય અનાર્ય ભૂલી ભાન
નીતિ આર્યકુલ તણી ત્યાગી.

અફશોષ, હજારવાર અફશોષ છે કે આપણું

પવિત્ર ભારતવર્ષ આજે બીજા અનાર્ય દેશો કરતાં પણ હિંસાને વધારે અને વધારે આધીન જાય થતું છે. સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા બાદ તો આપણે એના સાવ ગુલામ જ બની ગયા છીએ!

સન્ ૧૯૫૩ થી ૧૯૫૬ સુધીના માત્ર ચાર વર્ષમાં જ કુલ લગભગ ત્રણ લાખ વાંદરાઓ આપણા દેશમાંથી અમેરિકામાં ચડાવી દેવામાં આવ્યા છે. સન્ ૧૯૫૩–૫૪ના વર્ષમાં એક હજાર કરતાં વધારે વાંદરાઓ ભારતમાંથી પરદેશ લઇ જતાં રસ્તામાં જ અકાળ મરણ પામ્યા હતા. અને એનાથી કંઇ ગુણા વિશેષ તો જે ક્રેટોમાં તેઓને બંદીવાન બનાવી કેદ પુરવામાં આવ્યા હતા તેમાં સખ્ત રીતે ઘાયલ થયા હતા. કેટલાકનાં બિચારાઓના હાથપગ કપાઇ જવા પામ્યા હતા તો કેટલાકનાં મ્હોં છૂંદાઈ ચૂરો થઇ ગયા હતા. કેટલાકની આખીને આખી પૂંછડીઓ જ કપાઇ ગઇ હતી, ત્યારે કેટલીક ગર્ભવતી વાંદરીઓને ભય અને ગભરામણથી આ બંધ ક્રેટોમાંજ ગર્ભપાત થઈ ગયો હતો. આ બધી ક્રેટોમાં એટલી બધી અસહ્ય દુર્ગંધ વ્યાપ્ત બની ગઇ હતી કે તેને સંભાળનારાઓ પણ હવે તેનાથી દૂર ભાગતા હતા. કેટલાક બિચારાઓને તો ભયથી ઝાડા જ થઇ ગયા હતા, ત્યારે બાકીના વાંદરાઓ ન્યુમોનિયા, શરદી આદિ અનેક રોગોમાં ફસડાઈ પડયા હતા! જે હવાઇ જહાઝોમાં તેઓને કેદ કરી લઇ જવામાં આવ્યાં હતા, તે તેમને માટે તો જીવતા દોઝખ સમાન થઇ પડયાં હતાં. માનવતાનું આથી બીજું વિશેષ લિલામ શું હોઇ શકે, વારુ?

વાંદરાઓની જેમ પક્ષીઓ ઉપર પણ આવાજ કારમા અત્યાચારો ગુજારવામાં આવ્યા છે. અહીંથી કેટલાક પક્ષીઓને પકડી યુરોપના કોઈ દેશમાં મોકલતાં પહેલાં તેમના દેહને અનેક રંગ વડે રંગવામાં આવ્યાં હતાં. શા માટે આ ગરીબ પ્રાણીઓ ઉપર આવો જુલ્મ ગુજારવામાં આવતો હશે? બિચારાં બધાં પંખીઓ રસ્તામાં જ મરણ પામ્યા! થોડા પૈસાના પ્રલોભન માટે આપણે કેટલું બધું પાપાચરણ કરી રહ્યા છીએ? અંતરાત્માને આપણે છેતરતા નથી? કર્મસત્તા આપણને માફ કરશે ખરી?

અને છતાં આપણે તે બધું ભૂલી હજુ બાકી હોય તેમ દર વર્ષે બીજા અઢી લાખ વાંદરાઓની લાંબી કતારને તેની કારમી હત્યા માટે ઈંગ્લંડ, અમેરિકા, ઇટાલી, જર્મની, ફ્રાંસ, પોલાંડ, સ્વીડન અને ડેન્માર્ક આદિ આસુરી ધરા પર મોકલવાનું નક્કી કર્યું છે. રે, ધન, ત્હારે માટે અમારે કેટલાં બધાં પાપ આચરવાનાં રહેશે?

હમણાં જ એક સમાચાર પ્રાપ્ત થયા છે, સન્ ૧૯૬૧ના એપ્રિલ માસમાં ૮૬ હજાર રતલ દેડકાનાં પગ (એકલા પગ)ની ભારતે અમેરિકા ખાતે નિકાસ કરી છે! રામ, કૃષ્ણ, બુદ્ધ, પ્રભુશ્રી મહાવીર અને પ્રભુશ્રી પાર્શ્વનાથની આ પવિત્ર, આધ્યાત્મિક અને અહિંસામય ધરાનું શું થવા બેઠું છે, તેજ સમજાતું નથી. અંધકારના ભયંકર ઓળા જેવી આજની હવામાં હવે તો ફરીફરીને એજ કહેવાનું રહેશે કે, ઊંડા અંધારેથી પ્રભુ! પરમ તેજે તું લઈ જા!

માત્ર થોડી અર્થપ્રાપ્તિમાં આ બધા ગરીબ, અનાથ, અસહાય અને મૂક પ્રાણીઓ ઉપર કેવો અમાપ જુલ્મ ગુજારી રહ્યા છીએ! ઈશ્વર

અને ધર્મ છે કે નહિ? અને છે તો આપણે માનીએ છીએ ખરા? કે અત્યારે તો આ પૈસાનેજ આપણે ઈશ્વર તરીકે સ્વીકાર્યો છે?

ભર્તૃહરિએ ખરૂંજ કહ્યું છે–

જાતિ જાય રસાતલે, ગુણ ગણો તેથીય ઉંડે ટળો,
પડો પહાડ થકી જ શીલ, જ્વલને કુલીનતા પ્રજ્વળો,
વૈરી શૌર્ય પરેય વજ્જર પડો; લક્ષ્મી હજો કેવલ,
જેના એક વિના ગુણો તણખલા–તોલે નર્યા નિષ્ફલ.

આ માનવેતર મૂક જનાવરો જે સૃષ્ટિની અમૂલ શોભા રૂપ છે, તે આપણને પૂછી શકે છે કે ભલા, તમે માણસ છો કે રાક્ષસ છો? અથવા તો પછી એથીયે કંઈક વિશેષ છો? તમે વાતો તો દેવદૂતોના જેવી મીઠી વિશ્વપ્રેમની કરો છો અને કાર્ય યમદૂતોનાં જેવાં કરતાં તમારૂં હૃદય (જો તે હોય તો) કંઈ હચમચી પણ ઉઠતું નથી? શું આજ તમારી વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના? આ તમારો ઋષિ, મુનિઓ અને વિશ્વોદ્ધારક તીર્થંકર દેવોનો લતાકુંજ જેવો પવિત્ર ભારત દેશ? કે પછી તમારા દેશમાંથી પ્રતિ વર્ષે ૪૬ લાખ ટન માંસ (લક્ષ્યાંક તો ૯૨ લાખ ટનનું છે) અને તે સાથે કરોડો મણ માછલાંઓ પરદેશ જતાં હોવાથી તે જગતનું માંસ બજાર છે?

રે, પ્રાચીન ભારતના દેવાનુંપ્રિય વંશજો! તમારા પૂર્વજોનો તો જરા વિચાર કરો, તેઓ વનસ્પતિ, અને નાનાં નાનાં જીવજંતુઓ સુદ્ધાંનું રક્ષણ કરતા. પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના સુક્ષ્માતિસૂક્ષ્મ જીવો પર પણ પ્રેમવારિનું સિંચન કરતા અને તમે? તમે આજે શું કરો છો? તમે કોના સંગદોષથી આવા સંહારકો બની ગયા છો? અંતરાત્માય સાબૂત છે કે નહિ? અથવા તો આંતર્ધ્વનિ સાંભળવાને માટે બધિર તો નથી? તમારા દેશની પ્રાણવાન અને સમૃદ્ધ અહિંસામય સંસ્કૃતિની આ ભૂંડી દશા?

ભારતના ઓ પ્યારા આર્યકુલોત્પન્ન સંતાનો! સાંભળો! સાંભળો!! તમે અમને અનંત સાગરને પાર મોકલો છો તો ખરા, પણ ઉપર આભ અને નીચે ધરતી સિવાય ત્યાં અમારૂં કોઈ છે, ખરૂં? ત્યાં અમારા પર સિતમના કેવા કોરડાઓ વીંઝાશે, તે જાણો છો? બીલકુલ હાલીચાલી ન શકીએ તે રીતે અમને રસ્સીથી મુશ્કેટાટ બાંધી અમારા ઉપર ભયંકર, જંગાલિયતભર્યા પ્રયોગો શરૂ કરશે. અમારા અંગેઅંગ અને પ્રત્યાંગો ને છેદી ભેદી તેના રાઈ રાઇ જેવડા ખંડ કરી, તે પર એક્ષરેથી બારીક નિરીક્ષણ કરશે. અનેક પ્રકારના રોગનાં જંતુ અને વિષાણુયુક્ત ઇન્જેકશનો આપી અમારા કોમળ દેહમાં અનેક પ્રકારની કાળી પારાવાર યાતનાઓ ઉત્પન્ન કરશે. કયારેક વળી ઠંડા બરફ જેવા શીતળ જળમાં ડૂબાવી–કે બરફના ટુકડાઓમાં થીજાવી અમારા પ્રાણનું હરણ કરશે. અથવા અમારા દેહમાં ક્ષય, કેન્સર, જલોદર, સંધીવા, મેલેરિયા, પીળો તાવ કે બાલ પક્ષઘાત જેવા અનેક રોગો દાખલ કરશે. અથવા તો કયારેક કોઈ બંધ જગ્યામાં અનેક પ્રકારના ઝેરી ગેસ ભરી તેમાં અમને ધકેલી ગુંગળાવી દેવામાં આવશે. તો વળી કયારેક અમારાં અંગ–પ્રત્યાંગોને છેદી ટુકડા કરી, તેને બીજા પ્રાણીઓનાં દેહ પર ચીટકાવી દેવાની અનધિકાર ચેષ્ટાઓ કરવામાં આવશે. યાવત્ અમારા દેહ પર અણુ, હાઈડ્રોજન અગર કોબાલ્ટ બોંબ અથવા તો એવાં બીજાં ક્ષયંકર શસ્ત્રાસ્ત્રો ફોડી વિનાશક ઝાપલીલાઓ આદરવામાં આવશે. આ

બધું લજ્જાસ્પદ અને કલંકિત કાર્ય માનવ કલ્યાણના નામ ઉપર જ કરવામાં આવશે, કે જેથી કોઇ ચોંકી ઉઠે નહિ! ત્યારે સુરાસુર પૂજિત ભારત દેશ કદાચ થોડા લાખ રૂપીયા કમાયાનો હર્ષ અનુભવશે! કઠણમાં કઠણ ગણાતું કાળજું પણ કંપી ઉઠે, તેવી આ હકીકત નથી?

ટોરંટો (કેનેડા) યુનિવર્સિટીની મેડિકલ રિસર્ચ પ્રયોગશાલામાં અઢાર હજાર વાંદરાઓને ભારતમાંથી મોકલવામાં આવ્યા છે. તેમાંથી રોજ સાઠ વાંદરાઓને મારી તેનાં મૂત્રપિંડ કાઢી, તેનાં ખંડ ખંડ ટુકડાઓ કરી, તે પર પ્રયોગ કરવામાં આવે છે.

એકલાં વાંદરાઓજ નહિ, પક્ષીઓ, ઉંદર, બિલાડા, ઘેટાં, બકરાં, ઘોડા, ખચ્ચર, ગાય, સાંઢ, ડુક્કર, સસલાં અને અનેક પ્રકારનાં જીવડાંઓ ઉપર પણ આ અંગવિચ્છેદન આદિ અનેક પ્રકારના નિર્દય અને ઘાતકી પ્રયોગો ચાલી રહ્યા છે. દિવસ ઉગે નવાં યાંત્રિક કત્તલખાનાઓની વાતો સ્થાનિક દૈનિકોમાં વાંચવામાં આવે છે. સમુદ્ર, નદી અને સરોવરોમાં નિર્દોષ જીવન જીવતાં માછલાંઓ (હવે દેડકાંઓ પણ) ની કત્તલેઆમને તો 'ઉદ્યોગ' અને 'વ્યવસાય'નાં રૂપકડાં અને ફૂટડાં નામ આપી સમસ્ત આર્યજીવનને ભૂલાવામાં નાંખવામાં આવે છે. પ્રોમ્ફ્રેટસ, જ્યુફીશ, પ્રોન્સ, ઇન્ડીયન સાલબટ આદિ આ બધાં માછલાંઓનો સંહાર વાળી કાંતો દરિયાપારના અનાર્યદેશોમાં ચઢાવાશે અગર એનું તેલ કાઢી થોડું ધન પ્રાપ્ત કરવામાં આવશે, હજુ હિંસા અધૂરી રહી ગઇ હોય એમ મરઘાં, બતકાં વગેરેને ઉછેરી ઇડાનો ઉપયોગ શરૂ કરાવાશે. બીજાનું જીવન લૂંટી, આપણે સુખ, શાંતિ અને આનંદ મેળવવાં છે, તે કલ્પાંતે પણ મળશે ખરાં?

પોતાને સર્વશ્રેષ્ઠ માનનારા યુરોપ અમેરિકાના અહંકારી દેશો તો આ જીવસૃષ્ટિમાં 'આત્મા' કે એવું કશું માનતા નથી કે આવી પિશાચ લીલાઓમાં પાપ પણ સમજતા નથી પણ કરુણામય ઋષિ મુનિઓ અને અહિંસાની પ્રગટમૂર્તિ જેવા તીર્થંકરોની આ પવિત્ર ધરા પણ મૈત્રી, કરુણા, પ્રેમ કે સમર્પણ જેવું કંઇ માને છે કે નહિ?

ન્યાય માંગતી દુનિયાએ ન્યાય આપવા તૈયાર રહેવું જોઇએ, પણ જગતના કોઇ ખૂણે ન્યાય રહ્યો છે ખરો? કે વિશ્વ સમસ્ત ચોરોની હકમ જેવું બની ગયું છે!

(ક્રમશઃ)

---

દહેરાસરો માટે સ્પેશીયલ સુવાસિત

## દિવ્ય અગરબત્તી

તથા

## કાશ્મીરી અગરબત્તી

પવિત્ર અને સુંદર વાતાવરણ સર્જે છે.

— નમુના માટે લખો —

**ધી નડીયાદ અગરબત્તી વર્કસ**

ઠે. સ્ટેશન રોડ, નડીયાદ (ગુજરાત)

---

## લવાજમ ભરવાનું સ્થળઃ—

શ્રી વેજલપુર જૈન યુવક પ્રગતિ મંડળ

**શાહ રસીકલાલ જીવણલાલ કારેલાવાળા**

કતેપર બજાર ભરૂચ

# જીવનનો અલંકાર

પૂ. પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવર

જીવનને મંગલરૂપ બનાવવા માટે માનવે આજે ઉદારદિલ બનવાની જરૂર છે. ઉદારતા એ જીવનનું શુભતત્ત્વ છે. ફૂલની શોભા તેના રૂપ કે રંગ પર નિર્ભર નથી પણ તેની સુવાસ પર રહેલી છે. માનવ મન, વાણી કે કાયાથી ઉદાર બને તો તે ખરેખર સંસારને આશિર્વાદ બની શકે છે. અન્ય કોઇના પણ આપણાથી ભિન્ન વિચારો, વાણી કે વર્તનને ઉદારભાવે મનની સહનશીલતાથી વધાવી લેવા સજ્જ થવું, એ ન્હાની વાત નથી. ગાળ દેનારને, અપ્રિય ઉચ્ચાર આપણાથી વિરૂદ્ધ વર્તન કરનારને પ્રસન્ન ચિત્તે ખમી ખાવામાંજ જીવનની મહત્તા છે. સહનશીલતા સંસારનો શણગાર છે. આજે કલેશ, કલહ તથા કંકાસો સંસારમાં ઘેર ઘેર જે વધી રહ્યા છે તે માનસિક અનુદારતાનું જ પરિણામ છે. કુસંપ તથા અથડામણો મનની અસહિષ્ણુતાને આભારી છે. સ્હામાના કટુ, તથા અનિષ્ટ વ્યવહારને પચાવી લેવામાં જ મનની મોટાઇ છે. આજે મનના મોટાઓની સમાજમાં તથા સંસારમાં જરૂર છે.

મનને હંમેશાં સ્વચ્છ તથા શીતળ રાખો, સ્વાર્થાંધ મનોવૃત્તિથી દૂર રહો, કોઇના પણ અરે દુશ્મનના–આપણું ખરાબ કરનારના પણ હિતની કાળજી રાખો, વિચારોની સંકુચિતતા મૂકી દો, મનની આ ઉદારતા સંસારનું કલ્યાણ કરે છે બંગલા વાડી વજીફા કે મોટરોથી માનવની મોટાઇનું માપ નથી નીકળતું, માનવ મોટો છે એ કારણે કે કોઇના દુઃખમાં એ દ્રવતો હોય, અનુકંપા તથા કરૂણા એનાં હૈયામાં વસતી હોય, દુઃખીને જોઇને અડધી રાતે એને આશ્વાસન આપવા દિલાસો આપવા એ દોડયો જતો હોય, અડધામાંથી અડધો રોટલો એને આપતાં જેને આનંદ થતો હોય તો સમજવું કે 'આ માનવ મોટો છે.'

આજે તો સંસારમાં એ કમનશીબ પરિસ્થિતિ દિન-પ્રતિદિન સર્જાઈ રહી છે કે કોઇને પણ દુઃખી જોઈ સુખી, સમર્થ ને બે પૈસે પહોંચતા માનવોના હૈયામાં કરૂણા કે અનુકંપા જાગતી નથી. દુઃખિતો કે પીડિતો, આપત્તિગ્રસ્તોને જોઇને હમદર્દી જાગવી એ માનવતા છે. કોઇને પણ સુખી જોઇ, દુશ્મનને પણ સુખી જોઇ હૈયુ ઠરવું જોઇએ, ને કોઇને પણ દુઃખી જોઇ હૈયામાં કોમળતા આવવી જોઇએ

આજે ભારતમાં દયા અને અનુકંપા ઘટતી જાય છે, દીન, હીન, ગરીબ, અનાથ તથા અશરણ જીવો પ્રત્યે હમદર્દી કેળવો, એનાં સુખને માટે પ્રયત્ન કરો, તેના દુઃખો, વિપત્તિઓ કે સંતાપો ટાળવા પ્રયત્નશીલ બનો. સર્વ કોઇ સુખી બનો તે ભાવના કેળવો. આજે ભારતમાં આવા સર્વોદયવાદની જરૂર છે, બીજા બધા વાદો કરતાં આજે સર્વોદયવાદની જરૂર ભારતને વિશેષ છે. ભારતદેશની સંસ્કૃતિ અન્યના સુખમાં સુખી બનવાનું ને કોઇના પણ દુઃખમાં દુખી બનવાનું ઉદ્બોધે છે. તમારે સુખી બનવું છે? દુઃખ નથી જોઈતુ? આ બરાબર છે તો એટલું જ કરો! કોઇના સુખમાં વિક્ષેપ ન નાંખો! કોઇનાં સુખની ઈર્ષ્યા ન કરો! કોઇને સુખી જોઇને ઠરતા રહો! ને કોઈના જીવનમાં દુઃખ ન આપો! દુઃખીને જોઇ હમદર્દ બનો! કરૂણા તથા અનુકંપાભાવ રાખો! ને કોઈનાં પણ દુઃખને ટાળવા સજ્જ રહો!

આ છે જીવનને ઉન્નત બનાવનારી માનવ મનની ઉદારતા! જેને જીવનમાં સર્વ કોઈએ તાણાવાણાની જેમ વણવાની જરૂર છે તો જીવન અવશ્ય ઉન્નત અને ઉર્ધ્વગામી બનશે એ નિઃશંક છે. ('જીવનનો અલંકાર' એ વિષય પર તાજેતરમાં આપેલ જાહેર પ્રવચન પરથી)

# નિવેદન

'કલ્યાણ પ્રકાશન મંદિર'ની વ્યવસ્થા તથા તેનો વહિવટ મેં કાર્યવાહક કમિટિ તરફથી ભાઈ સોમચંદ ડી. શાહ પાસેથી સંભાળી લીધો છે. તેમણે વ્યવસ્થા તથા વહિવટ કરકસરપૂર્વક ને પ્રમાણિકપણે કર્યો છે, તે મારે કહેવું જોઈએ. પણ તેઓ પોતાના વ્યવસાયની પ્રવૃત્તિમાં; બહોળા તથા વિશાલ એવા 'કલ્યાણ' સંસ્થાના વહિવટને ન સંભાળી શકે તેમ હોવાથી કાર્યવાહક કમિટિને તેને અંગે સ્વતંત્ર કાર્યાલય ઇત્યાદિની વ્યવસ્થા 'કલ્યાણ' સંસ્થાના વિકાસ માટે રાખવાની આવશ્યકતા લાગતાં, ને તે બધી વ્યવસ્થા માટે વઢવાણ ખાતે કાર્યાલય રાખવું, સંસ્થાના હિતની દૃષ્ટિયે ઉચિત લાગતાં; તેઓ પોતાના વ્યવસાયના કારણે પાલીતાણા છોડી શકે તેમ નહિ હોવાથી સ્વેચ્છાયે નિવૃત્ત થયા છે. છતાં કલ્યાણ પ્રત્યે તેઓનો સહકાર ચાલુ છે.

અલબત્ત 'કલ્યાણ' સંસ્થાના વિકાસમાં તેમનો ફાળો છે, તેજ રીતે તેઓના વિકાસમાં પ્રત્યક્ષ-પરોક્ષ ભાવે 'કલ્યાણ'નો ફાળો છે. 'કલ્યાણ'નું સંપાદન, કમિટિએ શ્રી કીરચંદ જે. શેઠને સોંપેલ છે. તેઓએ માનદ-સેવાભાવે સંપાદક સ્થાન સ્વીકાર્યું છે, આથી પૂર્વવત્ 'કલ્યાણ'નુ સંપાદન, વહિવટ તથા વ્યવસ્થા ચાલુ રહેશે, ને ઉત્તરોત્તર વધુ ને વધુ તે વિકાસ સાધશે. તેને અંગે અમે દરેક રીતે પ્રયત્નશીલ છીએ. ને દરેક રીતે નિશ્ચિંત છીએ!

'કલ્યાણ'ના ઑગસ્ટ, ૧૯૬૧ ના વિશેષાંકમાં વ્યવસ્થાપક કમિટિનું નિવેદન પ્રસિદ્ધ થયા પછી, જે જે સંખ્યાબંધ શુભેચ્છકોએ 'કલ્યાણ'ના વિકાસ માટે અમને દરેક રીતે સહકાર આપવા આત્મીયભાવે લાગણીભર્યા પત્રો પાઠવ્યા છે, તેમજ માનદ સંપાદક શ્રી કીરચંદ જે. શેઠ પર જે સહાનુભૂતિના સંદેશા પાઠવ્યા છે, તે સર્વને વ્યક્તિગત પ્રત્યુત્તર આપવાનુ શકય નહિ હોવાથી, વ્ય. કમિટિ તરફથી હું તે સર્વનો આ પ્રસંગે આભાર માનુ છું. ને આશા રાખું છું કે, આ રીતે સર્વ શુભેચ્છકો, વાચકો ને ગ્રાહકો 'કલ્યાણ' પ્રત્યે પૂર્ણ આત્મીય-ભાવે પોતાનો સહકાર આપવાનું ચાલુ રાખશે એજ એક શુભેચ્છા. શાસનદેવ અમને અમારા માર્ગમાં સહાયક બનો.

શુભેચ્છક :

**શેઠ અમરચંદ કુંવરજી**
પ્રમુખ વ્ય. કમિટિ
**કલ્યાણ પ્રકાશન મંદિર**

તા. ૨૨-૯-૬૧

## આભાર-દર્શન

'કલ્યાણ' માસિકમાંથી નિવૃત્ત થવા અંગેનું મારું નિવેદન ઓગષ્ટ, ૧૯૬૧ ના વિશેષાંકમાં પ્રસિદ્ધ થયા પછી અનેક શુભેચ્છકો, પ્રશંસકો, ગ્રાહકો અને વાંચકોના લાગણીભર્યા પત્રો મને મળ્યા છે, તે દરેકના પત્રનો જવાબ ખુલાસાવાર વ્યક્તિગત રીતે આપવાનું શકય ન બને, એથી આ તકે દરેક શુભેચ્છકોનો સહૃદયપણે આભાર માનું છું અને મારા પ્રત્યે જેવી મમતા, લાગણી સહકાર અને શુભેચ્છા દાખવી છે તેવી સદાને માટે રાખતા રહેશો એવી અપેક્ષા સાથે ફરી એક વાર આપ સૌનો આભાર માનું છું.

લિ. આપનો ઋણી
**સોમચંદ ડી. શાહ**

**પાલીતાણા**
તા. ૨૪-૯-૬૧

# પરમાત્મ ભાવનો પ્રતિનિધિ

અધ્યાપક શ્રી દલપતલાલ સી. શાહ

मित्ती मे सव्व भूएसु वेरं मज्झ न केणइ

**મા**રે સર્વ ભૂતગણુ સાથે મૈત્રી છે, કો 'થી પણુ મારે વૈર નથી,' કેવી છે આ મંગળ ગાથા? કેવું ગુંજે છે એમાં વિશ્વસ્નેહનું પરમ મંગળ સંગીત...!

કર્મ પારતંત્ર્યથી જકડાયેલા વિશ્વ ચૈતન્ય સાથેની આવી ઉદાત્ત ભાવનામાં ઘણાં ઘણાં ગૂઢ-તત્ત્વો છૂપાયેલાં છે. એમાં 'કૃતજ્ઞતા'નો મહાનાદ ગાજે છે. 'પરાર્થ વ્યસનિતા'ની સૌરભ પ્રસરે છે. એમાં...'વિશ્વપ્રણયની' સ્વિકૃતિ અને તેમાંથી મુકિતની અત્યુચ્ચ ઉત્કંઠા વ્યક્ત થાય છે. આત્માના 'સહજમળ' (રાગ–દ્વેષ)ના હ્રાસ અને 'તથા ભવ્યત્વ ભાવ'–'મુકિતગમન યોગ્યત્વ' ના પ્રાગટય તેમજ વિકાસનાં દિવ્યતેજ ઝળહળે છે, 'વિશ્વબંધુ–'જગદીશ્વર' શ્રી અરિહંત દેવ સાથે 'સ્વાત્મ મિલન'ની તાલાવેલી, તથા સર્વજીવયોનિ સાથે 'સ્વાત્મ સમ દર્શન'ની ઝંખનાની એમાં ઝાંખી થાય છે.

કર્મયુકત સર્વ જીવ રાશીમાં માનવીનું સ્થાન ઉંચુ છે, શ્રેષ્ઠ છે. કારણુ કે એનામાં 'સ્વ પર હિત કાર્ય,'–'કર્મ બંધન હર્તુત્વ' મહાન સામર્થ્યના સંપૂર્ણ વિકાસની પરિપૂર્ણ યોગ્યતા છુપાયેલી છે. સ્વાત્માને પરમાત્મા સાથે જોડવાની અને સમગ્ર વિશ્વ ચૈતન્યની સાથે સ્વાત્મ તુલ્ય સંબંધ બાંધવાની પૂર્ણ યોગ્યતાના પ્રગટીકરણુ માટે આવશ્યક એવી મન-વાણી અને દેહ ઇદ્રિયો આદિ વિવિધ પ્રકારની શકિતઓ તથા વિશિષ્ઠ પ્રકારની સામગ્રીઓ તેને જન્મથી જ પ્રાપ્ત થાય છે. જેના વડે જો તે ધારે તો સમગ્ર જીવ રાશી સાથેના જનમજનમના ઋણાનુબંધથી મુકત બની શકે છે. એટલે કે સ્વ વિષયિક પૌદ્ગલિક સુખો તથા સામગ્રીઓની મૂર્છા ટાળી, બહિરાત્મભાવના અંધાપાનો ત્યાગ કરી, જડ-તત્વ પ્રત્યેના અપ્રશસ્ત રાગને ચેતનતત્વ તરફ ફેર બદલી કરી, પ્રશસ્ત બનાવી અંતે તેનો ધ્વંશ પણુ કરી શકે છે.

જ્યાં સુધી અનાદિસિધ્ધ જડ પ્રત્યેનો 'રાગ' અને 'જીવ પ્રત્યે દ્વેષ,' તથા સ્વવિષયિક સુખનીજ ચિંતાઓ ત્યજાય નહિં, ત્યાં સુધી અધ્યાત્મ પંથમાં વિઘ્નભૂત એવા 'ભય, દ્વેષ અને ખેદ' રૂપ અશુભ દુર્ધ્યાન હટે નહિ. અને ત્યાં સુધી 'સર્વજીવ હિત ચિંતકત્વ' તથા 'આત્મ સમ-દર્શિત્વ' રૂપ અનાદિ સિધ્ધ આત્મ સ્વભાવ પ્રગટાવવાની તાલાવેલી કઇ રીતે જાગે?

જે આત્માને સ્વસ્વરૂપની સ્હેજ પણુ ઝાંખી થાય કે તરત જ તે પરમાત્મ તત્વની સન્મુખ બનવાનો પછી એને ફકત 'સ્વ' વિષયિક દેહ-જન્મ સુખ–દુ:ખોમાં રાચવું–રૂસવું નહિ ગમે. સ્વાર્થ પરાયણુતા અને તેને માટે કરાતા જીવ-રાશી સાથેના અમાનુષી વર્તાવ તરફ એને નફરત થશે. સમગ્ર જીવ સમુહના પોતાના ઉપર થઈ રહેલા અને થઇ ગયેલા અનેકવિધ ઉપ-કારો તરફ એનાં અંતરમાં કૃતજ્ઞ ભાવ જાગૃત થશે. અનેક જન્મોમાં કરેલ એ જીવતત્વ સાથેના અન્યાયી વર્તાવની ક્ષમા યાચનાના ઉદ્ગારોથી હૈયુ હચમચી ઉઠશે.

પશ્ચાતાપનું ઘમ વલોણું એના ઉર આંગણીયે ઘેઘૂર નાદે ઘમકી ઉઠશે... અને... એમાંથી 'વિશ્વમૈત્રીભાવ' વિશ્વપ્રેમનું અમીભર્યું નવનીત પ્રગટશે. અને...એ નવનીતની પ્રભાવના સમગ્ર વિશ્વલોકમાં થશે. એથી સર્વ દેહસ્થ જીવોને અભયની પ્રાપ્તિ થશે. આત્મ દર્શનનાં વિઘ્નો દૂર થતાં, શિવપંથની મંગળ યાત્રાસહુનીયે વહેલી વહેલી સરળ–સુગમ રીતે પાર પડશે. સહુનાં હૈયાં વૈરમુક્ત બની પ્રેમયુક્ત બનશે. સહુ કોઇ પરસ્પર આત્મહિત ચિંતામાં તત્પર બનશે.

જ્યારે એક પણુ આત્મા પરમાત્મતત્વની સન્મુખ બની, પ્રભુની સાથે ભાવાનુસંધાન કરે છે, ત્યારે સમગ્ર વિશ્વની જીવરાશી પર કેવી ગજબ અસરો પહોંચે છે?

પરમાત્માને સમગ્ર વિશ્વ લોક સાથે પૂર્ણ સંબંધ છે. એટલે એમની સાથે સંબંધ જોડનાર પૂન્યવાન આત્માને સર્વ વિશ્વચૈતન્યની

# વ્રતપાલનની દઢતા !

**શ્રી સુધાવર્ષી**

ધર્મનો પ્રભાવ તથા વ્રતપાલનની દૃઢતાને સમજાવતી આ ટુંકી તથા બોધક કથા અનેક રીતે મનનીય તથા પ્રેરક છે. લેખકની લેખનશૈલી સરલ તથા સ્પષ્ટપણે વસ્તુને કહેવા સાથે પ્રાસંગિક રીતે બોધ તથા જીવનોપયોગી પ્રેરણા આપે છે.

⊙

ગગનાંગણ અસંખ્ય તારાઓના આછાશા તેજથી શોભી રહ્યું છે. ચાંદનીનો શીતલ પ્રકાશ ચોમેર પથરાઇ ચૂકયો છે. નિશારાણીએ સમસ્ત પૃથ્વીપર પોતાનો પાલવ બિછાવ્યો છે. એ બિછાયેલાં પાલવમાં મહાધનાઢય વિદ્યાપતિ શ્રેષ્ઠી નિદ્રાદેવી સાથે સ્વપ્નના હિંડોળે ઝુલી રહ્યા છે. તે સમયે લક્ષ્મીદેવીનું આગમન થયું અને સ્વપ્નમાં આવી શ્રેષ્ઠીને કહ્યું, 'શ્રેષ્ઠીન્? આજથી દશમે દિવસે તારા ઘરમાંથી હું જવાની છું,' આમ આટલા શબ્દો કહી લક્ષ્મીદેવી ચાલી ગયા. પ્રાતઃકાળ થતાં નિદ્રાવસ્થામાંથી શ્રેષ્ઠી જાગૃત થઇ પોતાની પત્નીને રાત્રિનો સ્વપ્નવૃતાંત જણાવ્યો. ત્યારે ધર્માત્મા પત્ની શું કહે છે! 'પ્રિય જ્યારે લક્ષ્મી પોતેજ નિશ્ચિત ચાલી જવાની છે તો આપણે આપણા સ્વહસ્તે જ આ બધું ધન ધર્મમાર્ગમાં વાપરી દઇએ તો સારૂં ને? કે જેથી ભવાંતરમાં આપણે ધર્મપ્રભાવે સુખી થઇએ. કેમકે લક્ષ્મી તો કહી જ ગઇ છે કે હું જવાની છું તો પછી આપણે એ લક્ષ્મીથી લાભ લેવાનું કેમ ચૂકીએ?' જુઓ! પત્ની કેવી વિવેકી, સુશીલ, શાણી અને સમજુ છે કે પોતાના પતિને કેવા સુંદર વચનોનો રસથાળ પીરસી રહી છે, આ સ્થાને નિર્વિવેકી અને અણસમજુ સ્ત્રી હોત તો કેવો હૈયા બળાપો કરત! કેટલો કલ્પાંત કરત? 'અરરર શું, લક્ષ્મી ચાલી જશે? શું ખાશું? શું પીશું? આદિ અનેક ચિંતાઓમાં વ્યાપ્ત બનત! આ તો શાણી અને વિવેકી જ છે કે જે વસ્તુ જવા બેઠી છે,—સ્વયં જવાની છે–તેને તો પ્રથમથી જ આપણે વળાવી દેવી એનું જ નામ ડહાપણ છે. પુન્યયોગે બન્ને પતિ–પત્નીને એક જ વિચારમાં સમ્મત થઈ ગયા. સમ્મત થઇ ગયા એટલું જ નહિ પણ તેજ દિવસે બધું ધન સાતે ક્ષેત્રમાં ખૂબ ખૂબ ઉલ્લાસપૂર્વક વાપરી દીધું. હવે શેઠ શેઠાણી બન્ને જાણે ત્યાગી થઇને ન બેઠા હોય, તેમ બનીને પરિગ્રહ પરિમાણ કરી, વધારે રાખવાનો ત્યાગ કરી સામાન્ય બીછાના બિછાવી બીજે દિવસે રાત્રીના સમયે સુખપૂર્વક સુઈ ગયા.

---

સાથે શુભ સંબંધ જોડાય, અને એની પ્રત્યેક શુભ પ્રવૃત્તિઓની અસરો સમસ્ત પ્રાણીગણ ઉપર પણ પડે, એ એક સ્વભાવિક હકિકત છે.

વિશ્વમૈત્રી ભાવનો વિકાસ એજ પરમાત્મ ભાવ.

પરમાત્મ ભાવની પરાકષ્ઠા એજ પરમાત્મ સ્વભાવની સિદ્ધિ એટલે કે પરમાત્મપણાના મૂળ બીજ તરીકે 'સર્વજીવહિતચિંતન' રૂપ 'વિશ્વમૈત્રીભાવ' ને જ સ્થાન આપી શકાય.

સ્વાર્થ, કુસંપ, ઈર્ષ્યા, અસુયા, દીનતા, ભૌતિક તૃષ્ણા અને 'અહંભાવ' રૂપી કાદવ કિચ્ચડમાં ખુંચી ગયેલાં આપણાં તથા સર્વકોઈ મનધારી પ્રાણી ગણનાં મનડાંને 'વિશ્વમૈત્રી' રૂપ પરમાત્મભાવના અમૃતસિંચન વડે નિર્મળ નિર્દોષ-નિષ્કલંક બનાવીએ. પ્રેમ ભાવસભર બની, પરમોપકારી પરમ કરૂણાનિધાન–પરમાત્મા સાથે અંતર મિલન યોજી સહુ શિવપંથના પથિક બનીએ....! शिवमस्तु सर्व जगतः ॥

પંખીઓનાં કિલકિલારવવડે વાતાવરણ સ્તબ્ધ થતાં પ્રભાત કાળ થયો. શેઠ શેઠાણી બંને નવકારમંત્રના સ્મરણપૂર્વક જાગૃત થયા. જ્યાં ગૃહભૂમિપર દૃષ્ટિપાત કરે છે, ત્યાં પ્રથમ જેટલી સમગ્ર ઘરની સામગ્રી સન્મુખ ખડી થઇ. બન્ને જણાં આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. થાય જ ને? આવો અજબ ધર્મનો પ્રભાવ જુવે અને આશ્ચર્ય થયા વિના રહે! પણ હવે તેઓ શું કરે છે? તણખલા માત્ર પણ કંઇ અડકતા નથી ને વાપરતાં નથી. કેમ? પરિ-ગ્રહ પરિમાણવ્રતને સ્વીકારેલ છે. સ્વીકારેલ છે એટલું જ નહિં પણ, પાલનની પરિપૂર્ણ દઢતા છે. કેવી 'અદ્ભુત વ્રત દઢતા!' નહિંતર ભલભલાને પણ સંપત્તિ જોઇ ડગમગતા વાર ન લાગે! પણ આતો તે વસ્તુની સન્મુખ પણ નહિં જોતા પોતાની પાસે જે ઠીકરાના-માટીના વાસણ છે તેમાં રસોઈ બનાવી જમે છે. બાદ બન્નેને વિચાર સ્ફૂર્યો કે પરિગ્રહનો ત્યાગ તો આપણે આપણા અંગભોગમાં વાપરવાના ઉપયોગમાં લેવાનો કર્યો છે, પણ ધર્મમાર્ગમાં વાપરવાનો ત્યાગ નથી કર્યો! માટે આપણે આ ધનધાન્ય, હીરા, માણેક આદિ જે સામગ્રી પ્રાપ્ત થઈ છે તેનો ફરી ધર્મમાર્ગે વ્યય કરવો એજ હિતાવહ છે. એમ વિચારી બીજે દિવસે સમગ્ર લક્ષ્મીને બપોરથી સાંજ સુધી સાતક્ષેત્રમાં વાપરી બંન્નેએ અત્યંત પુણ્ય ઉપાર્જન કર્યું. તેમાં કેટલા દીન, હીન જનો તથા દુઃખી શ્રાવકોને તો એવા સંપત્તિવાળા બનાવી દીધાં કે તેઓ પણ તે શ્રેષ્ઠીની પ્રશંસા કરતાં થાકતા ન હતાં. રાત્રિનો સમય થયો, પાછા બંન્ને સુખપૂર્વક **નમસ્કારમંત્રનું** સ્મરણ કરી સુઈ ગયા. અને જ્યાં સવાર પડી કે ત્યાં પાછી એની એ જ સર્વ સામગ્રીયુક્ત સંપત્તિ દીઠી, તે જ વસ્ત્રો, તે જ આભૂષણ, તે જ અલં-કાર, તે જ વાસણ, ઈ. જેમ પ્રથમ પડ્યા હતાં તેમ જ દીઠાં, પણ જૈનશાસનને પામેલા તેઓ સંપત્તિ જોઇ ભાનભૂલા નથી બનતાં!

મળેલી સર્વ સંપત્તિ ધર્મકાર્યમાં વાપરી નાંખવી, ને પાછી તે જ સંપત્તિ પ્રત્યક્ષ થઇને સામી ઉભી રહે, છતાં ય તે સમયે-અંતરના ખુણામાં પણ જેની ગ્રહણ કરવાની તુચ્છ દૃષ્ટિ નથી તે આત્માઓ કેટલા ધન્યવાદને પાત્ર છે; તે આ પ્રસંગ પરથી સમજાય છે. આમ ને આમ આ રીતે ત્રણ દિવસ, ચાર દિવસ, ૫ દિવસ, છેવટે નવ દિવસ સુધી એની એજ પરિસ્થિતિ રહી, અઢળક સંપત્તિઓની છોળો વણમાગ્યે ઉભરાતી ગઇ, અને હોંશે હોંશે કોઇ પ્રકારની ખામી વગર શ્રેષ્ઠીનાં હાથે પુણ્ય-કાર્યમાં વપરાતી ગઇ.

દશમા દિવસે રાત્રિના લક્ષ્મીદેવીનું પુનઃ આગમન થયું. અને કહેવા લાગ્યા, 'વાહ રે ભાગ્યશાળી? આ તેં શું કર્યું? ગજબ કર્યો? જ્યારે હું તમને અગાઉથી જણાવવા આવી ત્યારે તમે આવું કર્યું ને? હવે હું ક્યાં જાઉ? તેં જે આટલા પુણ્યકાર્યો કર્યા એથી હવે મારે તો તારા ઘરથી જવાને બદલે સ્થિર થઇને જ રહેવાનું નક્કી થયું. માટે હવે કાઢશો તો ય હું જવાની નહિ.' ત્યારે શેઠ બોલ્યા કે, 'હવે અમારે જરૂર નથી. કારણ કે, અમે તો અમારી ભાવના પ્રમાણે બન્નેએ પરિગ્રહનો ત્યાગ કરી દીધો છે.' આ વાત સુણી લક્ષ્મીદેવી બોલ્યા, 'તમે ગમે તેમ કહો પણ હવે હું તમારૂં ઘર છોડી શકવાની સ્થિતિમાં નથી. કેવો રંગ જામ્યો છે! શેઠ શેઠાણી લેવા માટે ના કહે છે, લક્ષ્મીદેવી આપવા માટે આગ્રહ કરે છે. કેવું છે જૈન-

શાસન! "માંગે તેને ભાગે, અને ત્યાગે તેને આગે,' તે યુક્તિ બરાબર છે ને? આમ ઘણો વિવાદ થયા બાદ શેઠશેઠાણી ઘણા શોકાતુર બની ગયા, હા! હા! હવે કેમ કરવું! શી રીતે આને સમજાવવી! આ તો ખરેખર પાછી સામી આવીને જ ઉભી રહી. આમાં જો આપણે લપટાયા તો જરૂર આપણા લીધેલા નિયમનો ભંગ થશે, અને મહાપાપ લાગશે. માટે આપણે નવ દિવસમાં જે દાનપુણ્ય કર્યું તે ખુબ જ સારૂં કર્યું, પણ હવે તો આ ઘર છોડીને બીજે ચાલ્યા જવામાં જ હિત છે. જો અહીં રહ્યા તો કંઇક અંશે પણ પાપના ભાગી બન્યા વિના નહિ રહીએ. કેટકેટલીક હૃદયની નિર્મળતા! ધર્મપ્રત્યેની કેટલી અડગ શ્રદ્ધા! પાપનો કેટલો ભય! ખરેખર વસુંધરા આવા રત્નોથી ભરપૂર છે. આ સ્થાને કોઇ કાચો પોલો વ્રત પાળનારો હોત તો શું વિચાર કરત! 'ભાઇ! આપણે શું કરીએ! આપણે તો તેને કાઢવા ખુબ પ્રયત્ન કર્યો છતાં આપણા નસીબમાં હશે એટલે સામી આવી આવીને ઉભી રહે છે! માટે આમાં હવે આપણો કોઇ દોષ નહિં,' એમ પોતે ને પોતે મનમાં વિચાર કરી લક્ષ્મીને ભેટવા તત્પર થઇ જાયને?

પણ નહિં! આ તો અતિ ઉચ્ચ ધર્માત્મા છે. ખુબ બારીકાઇથી વિચાર કરી બન્ને પતિ પત્ની અઢળક ધન-સંપત્તિ ઈ. થી ભરેલા ઘરને એમ ને એમ ઉઘાડા મુકી તત્કાળ ત્યાંથી ચાલી ગયા. એકગામથી બીજે ગામ જતાં જતાં એક ગામના દરવાજા પાસે વિશ્રામ લેવા બેઠાં, તેટલામાં શું બન્યું? તે ગામનો રાજા અપુત્રિયો મૃત્યું પામ્યો હોવાથી નગરમાં હાહાકાર થયો. રાજ્યધુરાને વહન કરનાર કોઇ ન હતું. તેથી શું કરવું? છેવટે મંત્રાધિવાસિત હાથી જેનાપર કળશવડે અભિષેક કરે તે આ નગરનો રાજા થાય એમ નક્કી થયું. આ બાજુ જ્યાં શ્રેષ્ઠી ગામના દરવાજા પાસે વિશ્રામ લેવા બેઠાં હતાં ત્યાં હાથી આવી તેના પર અભિષેક કર્યો, અને તેને ઉપાડી પોતાની સ્કંધ ઉપર બેસાડી દીધો. છત્ર ચામરાદિ રાજચિન્હો પ્રગટ થયાં. જેથી તે શ્રેષ્ઠી રાજાધિરાજ બની ગયો. આ બાજુ વ્રતપાલનમાં અતિ દૃઢ વિદ્યાપતિ શ્રેષ્ઠી વિચારે છે કે, 'હવે હું શું કરૂં? જ્યાં સમગ્ર લક્ષ્મીને છોડવાનો આ મારો પ્રયાસ છે. એના માટે ઘરબાર છોડયા, ત્યાં આ શું ગજબ આશ્ચર્ય!' આ પ્રમાણે ચિંતાસાગરમાં ડુબી ગયા. તે સમયે આકાશમાંથી દેવવાણી થઇ કે 'હે ધર્માત્મા શ્રેષ્ઠીન્! શ્રી જિનેશ્વરની પ્રતિમાને રાજઆસને સ્થાપન કરીને તેના નામની આણા મનાવી તારા લીધેલા વ્રતને પાળતાં રાજ્ય ચલાવવામાં તને જરાપણ દોષ લાગવાનો નથી.' આ રીતે દેવવાણી સાંભળ્યા બાદ તે શ્રેષ્ઠીએ રાજ્યધુરાને અંગીકાર કરી, પણ પોતે લીધેલા વ્રતનું, મન, વચન, કાયાની એકાગ્રતાથી જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી પરિપૂર્ણપણે પાલન કર્યું. પ્રાંતે શેઠશેઠાણી ધર્મારાધનામાં વિશેષ તત્પર થઈ, સ્વર્ગીય સુખ અનુભવી, પાંચમા ભવમાં અનંત અક્ષયઅજરામર સુખના ભોકતા બનશે.

કેવો ધર્મનો અજબ પ્રભાવ! અલૌકિક પ્રભાવ!

જગતમાં ધર્મનો પ્રભાવ કોઈ અચિંત્ય છે. સર્વજીવો ધર્મરસિક બનો!

# શ્રી કુલ્પાજીતીર્થની યાત્રાયેઃ

અધ્યાપક : **શ્રી પ્રભુલાલ એસ. મહેતા**

સિકન્દ્રાબાદથી બસ દ્વારા શ્રી કુલ્પાકજીતીર્થની યાત્રાર્થે જતાં લેખકે તે તીર્થ અંગે ઉપયોગી હકીકત અહિં રજૂ કરી છે.

શું આજનો ગુલાબી મનોહર દિવસ. ગગન-મંડપમાં મેઘરાજા પોતાનો ગર્જારવ કરી રહ્યા હતા સાથે સાથે ઝરમર વર્ષાને વર્ષાવી રહ્યા...

ત્યાં તો યાત્રાર્થે જવા બધા તૈયાર થયા. બસની સીટી વાગી. સૌ પોતપોતાનો સામાન વ. લઈ. યોગ્ય સ્થાને ગોઠવાઈ ગયા. કુલ્પાકજીતીર્થ સિકન્દ્રાબાદથી લગભગ ૫૦ માઇલ દૂર જંગલમાં શોભી રહ્યું છે. બસ તથા રેલ્વેની સગવડતા મળે છે. જો રેલ્વે લાઈન પરથી જવું હોય તો સિકન્દ્રાબાદથી બેજવાડા જતા વચ્ચે આલેર સ્ટેશન આવે છે. ત્યાં ઉતરવું. સ્ટેશન ઉપર તીર્થજીનો એક માણસ ત્યાં કાયમ રહે છે. તે બસ, બેલગાડી, વિ. ની સગવડ કરી આપે છે. અને સ્ટેશનથી કુલ્પાકજી લગભગ ચાર માઈલ છે.

શ્રી કુલ્પાકજી તીર્થ અતિપ્રાચીન વિશાળ અને બગીચાની વચ્ચે દીપી રહ્યું છે. મંદીરને ફરતી મોટી ચારે તરફ ધર્મશાળા છે. લગભગ સીત્તેર જેટલા રૂમો છે. લાઇટ પાણી ઇ.ની સગવડતા સુંદર અને પ્રશંસનીય છે.

દેરાસરની આજુબાજુ બે મંદિર છે. એકમાં ચૌમુખજી તથા બીજા મંદિરમાં દાદાસાહેબના પગલાં શોભી રહ્યા છે. બગીચામાં વૃક્ષો, જેવાં કે ફૂલના તથા જામફળ તથા નાળીયેરના શોભે છે.

મૂળનાયકશ્રી આદીશ્વર ભગવાનની શ્યામ-વર્ણી અર્ધ પદ્માસન વાલી, અતિમનોહર એવી પ્રતિમા શોભે છે. આ સિવાય ત્યાં બીજીપણ શ્યામવર્ણી શાંતિનાથ, મહાવીર સ્વામિ, સુપાર્શ્વ-નાથ, ચંદ્રપ્રભુ, શીતળનાથસ્વામિ ઈ.ની પ્રતિમા છે. અને એક કાઉસ્સગ્ગ મુદ્રાએ શ્યામવર્ણી પાર્શ્વનાથજી પ્રભુની પ્રતિમા છે...રંગ મંડપ અતિ વિશાળ અને સ્તંભોના ઘેરાવાથી વધારે વિશાળ દેખાઇ રહ્યો છે, ઉપરના ભાગમાં કાચની બારીઓ છે.

દેરાસરમાં પ્રવેશતા પહેલાં પગથીઆ પાસે એક તરફ પત્થરનો વાઘ અને હાથી વ. કોતરેલ છે. તથા બહારના ભાગમાં ખંડિત પ્રતિમાઓ છે. દેરાસરજીને મુખ્ય મોટા ત્રણ દ્વાર છે. દેરાસરજીનું શિખર ચોખંડ અને પગથીઆ ચડીએ તેવી રીતનું છે તેથી પ્રાચીનતા જણાઇ આવે છે દેરાસરમાં પ્રવેશતા ડાબા હાથ બાજુ દરવાજા પાસે ભીંત ઉપર (સર્વતો ભદ્રયંત્ર) કોતરેલ છે.

ખાસ જોવા લાયકમાં શ્રી મહાવીર પ્રભુની ફેરૂજા રંગમાં અર્ધપદ્માસન અને હસ્તામુખવાલી પ્રતિમા જોવા જેવા દર્શનીય પ્રતિમા ચપાટ છે. અહિં આ પ્રતિમાજી આગળ એક દીપક રાખ-વામાં આવે છે. અને કહેવાય છે કે જ્યારે આ પ્રતિમાજી આગળ આરતિ ઉતારવામાં આવે છે ત્યારે દીપકની જ્યોત ઝગમગ ઝગમગ ઝગહળે છે. અમે બધાએ આ જ્યોત જોઇ હતી.

દર વર્ષે અહિં ચૈત્ર સુદ તેરસથી પૂર્ણિમા સુધી મોટો મેળો ભરાય છે. દેરાસરની બહાર બગીચામાં ઓટલા ઉપર એક સ્તંભ છે તે ઉપર વીતરાગ ભગવંતની પ્રતિમા કોતરેલ છે. લેખ બરોબર વંચાતો નથી...તે સિવાય બીજો પણ સ્તંભ છે તે પગથીઆ આગળ જ છે...

ત્યાં એક હિરાબાગ છે જોવાલાયક છે.... દેરાસરજીનો વહિવટ શ્રી હિરાચંદ પુનમચંદ ઈ. કરે છે. પૂજા વિ. ભણાવવા માટે વાજીંત્રો વ. ની. સગવડતા પણ છે....મંદિર એક નગર

જેવું મોટું વિશાળ છે...ગામ બહાર એક બાણુ ગંગા છે....કહેવાય છે કે રામ અને સીતાજી જંગલમાં ફરતા અત્રે આવ્યા અને સીતાજીને... પાણીની જરૂર પડી. આટલામાં કયાંય પાણી ન દેખાયું તેથી રામે જમીનમાં બાણુ માર્યું અને પાણી નીકળ્યું. આજે પણ ત્યાં પાણી નીકળ્યા જ કરે છે. નાના નાના સાત ઝરણાં વહે છે તે બાણુ ગંગા કહેવાય છે.

પ્રાચીન ઇતિહાસ પરથી જાણુવા મળે છે કે,

શ્રી ઋષભદેવ સ્વામિજીના પુત્ર શ્રી ભરત ચક્રવર્તીએ અષ્ટાપદજી ઉપર ચોવીસે પ્રભુની પ્રતિમાજી ભરાવી હતી તેજ સમયે પોતાની આંગલીની વીંટીનું (નીલમ અગર માણેક) પાંચી રત્ન કાઢી પ્રભુ ઋષભદેવસ્વામીની પ્રતિમા ભરાવી હતી અને તેનું નામ માણિકયસ્વામિ રાખ્યું હતું. આ પ્રતિમાજીને વિદ્યાધરો પોતાની શ્રેણીમાં લઇ આવ્યા અને ત્યાર બાદ ઇન્દ્ર પોતાના વિમાનમાં લઈ ગયા. એક દિવસે રાવણે શક્રનું આરાધન કરી માણિકયસ્વામિના બિંબની માંગણી કરી અને પોતાની પ્રાણપ્રિયા પટ્ટરાણી મંદોદરીને તે આપ્યું. તે બિંબ ઘણા વખત સુધી લંકામાં પૂજાયું પણ જ્યારે લંકાનો નાશ થયો ત્યારે આ બિંબ સમુદ્રાધિષ્ઠાયક દેવ પાસે આવ્યું અને કર્ણાટકના શંકર રાજાએ પદ્માવતી દેવીના કહેણુથી તે બિંબ મેળવ્યું અને રાજા સમુદ્રાધિષ્ઠાયકદેવના કહેવા પ્રમાણે માણિકય દેવને પોતાની પીઠ ઉપર સ્થાપી સૈન્ય સાથે પોતાની રાજધાની તરફ ચાલવા લાગ્યો. રસ્તામાં કુલપાકનગર પાસે આવતા રાજાને શંકા થઇ કે મને જિનપ્રતિમાનો ભાર નથી લાગતો તો શું પ્રતિમાજી છે કે નથી એ પ્રમાણે સંદેહ થતા માણિકય દેવનું બિંબ ત્યાં જ સ્થિર થઈ ગયું અને ત્યારથી ૬૮૦ વર્ષ સુધી ગગન મંડપમાં નિરાધારપણે રહ્યું હતું. શંકર રાજાને આ દેવની પૂજાના પ્રભાવથી મરકી વ. ના રોગો શાંત થયા હતા. તેથી તેની પૂજા માટે રાજાએ બાર ગામ આપ્યા. અને ત્યારથી તે કુલ્પાકનગર શ્રી માણિકયસ્વામિના તીર્થ તરીકે પ્રખ્યાત થયું વળી ઔરંગઝેબના પુત્ર બહાદર શાહના સુબેદાર મુહમ્મદ યુસુફખા બાદશાહના વખતમાં પંડીત કેશરકુશળ ગણીવરે આ મંદિરનો સંવત ૧૬૩૨માં પુનઃ નવો જીર્ણોદ્ધાર કરાવી સં. ૧૭૬૭ના ચૈત્ર સુદી ૧૦ના દિને વિજય મુહુર્તે પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવો છે. એમ શિલાલેખ ઉપરથી માલુમ પડે છે. આ તીર્થ દક્ષિણ પ્રાંતમાં આવેલ છે. આ પ્રતિમા જેવી કયાંય પણ પ્રતિમા જોવામાં આવતા નથી.

અમે બધા સવારે આઠ વાગે નિકળ્યા. અગ્યાર વાગે બગીચામાં આવી પૂજા વ. કરી. ભોજનની તૈયારી કરી. સૌ જમી પરવારી બપોરે રાા વાગે શેઠ કિશોરચંદ પુનમચંદ તરફથી પૂજા હોવાથી પૂજા ભણાવી. સાંજે ભોજન નાસ્તો વિ. કરી સૌ ફરવા ગયા. સાંજે આરતિ ઉતારી. બીજે દિવસે બપોરે પૂજા. વ. ભણાવી. ભોજન કરી સૌ ઘર તરફ જવા માટે બસમાં બેસી ગયા. રાત્રે અગ્યાર વાગે સિકન્દ્રાબાદ આવ્યા.

સૌએ આ તીર્થની યાત્રા કરવા જેવી છે.

---

## ભારત સરકાર દ્વારા રજીસ્ટર્ડ

આ કોઢની દવા હજારો માણસોએ વાપરી સંતોષ વ્યક્ત કરેલ છે.

## સફેદ દાગ : મૂલ્ય રૂા. ૫-૦૦

માહિતી મફત મંગાવો. નકલથી સાવધાન!

સૂચના : પત્રવ્યવહાર હિંદી તથા અંગ્રેજીમાં કરવો.

**શ્રી વૈદ કે. આર. બોરકર,**
૪૦૩, આયુર્વેદ ભવન,
મુ. પો. મગરૂલપીર. (જી. આકોલા મહારાષ્ટ્ર)

# દયા કરો દયા ધરો!

શ્રી નવીન મ. શાહ-અમદાવાદ

દયા શબ્દની પાછળના ભાવમાં, સમજમાં અને આચારમાં માનવ જીવનનું શ્રેય રહેલું છે. દયા એટલે શું ? દયા કોને કહેવાય ? કોઇ પણ જીવને મન, વચન, કાયાથી ન દુભવવું તે દયા પરંતુ એથી પણ આગળ વધીને શાસ્ત્રકારોએ સ્વદયાને ગણાવી છે. આ ચાર ગતિ રૂપ સંસારમાં પોતાના આત્માની જે સતત વિચારણા કરે, પોતે હિંસા, કપટ, ચોરી, મૈથૂન ઇત્યાદિને ટાળે તે 'સ્વદયા' ગણાય.

'દયા' અન્ય જીવને ન દુભવવું એમ એનો અર્થ સ્ફૂટ થાય છે. ત્રણ 'દ' માં પણ દયા, દાન, દમનનો જ સમાવેશ કરવામાં આવ્યો છે. એક ગુણને વિકસાવવો હોય તો એનો ચારે બાજુથી વિચાર કરવો જરૂરી બને છે.

માનવીનું આયુષ્ય અલ્પ છે, અને આ ગુણ કેળવવાથી એ ઉત્તમ પ્રકારની પુણ્યાઇ બાંધે છે. આ સંસાર અનંત દુખ, શોક, મોહથી સભર છે. એમાં દયારૂપી ઔષધનું સેવન કરવામાં ન આવે તો ભવરોગ ટળે નહિ. 'દયા'માં 'દાન' પણ આવી જ જાય છે, એમાં પણ અભયદાનને શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે. કોઈ ભૂખ્યાને અન્ન આપવું, તરસ્યાને પાણી પાવું, વસ્ત્ર વિહિનને વસ્ત્ર આપવા, એ દયાનો આવિષ્કાર છે. પરંતુ એ સમયે આપવાની સ્થિતિ જ ના હોય તો આપવાની ભાવના તો સદૈવ રહેવી જ જોઇએ. કારણ કે એમાં આપનારે, ઇચ્છા રાખનારે સામાની પુણ્યાઇ વિચારવાની છે, પણ પોતાનો 'અહમ્' પ્રકટાવવાનો નથી, અથવા નામના કે કીર્તિ ખાતર આપવાનુ નથી. જીવનની નાનામાં નાની બાબત પ્રતિ સજાગ રહીએ તો જ નમ્રતાનો ગુણ આવે છે. આજે તો દાન કરનારાઓ નથી એમ નહિ. પણ એને સાથે ખોટા 'અહમ્'નું પ્રાકટ્ય વધતું જાય છે. દયા કરનાર, દાન આપનાર પોતે એમ સમજે કે હું જે કાંઇ પણ કરુ છું, તે આત્મવિકાસ, સમજ અને મહિમૂર્છાના ત્યાગ માટે છે, પણ **Publicity** માટે નહિ, એ જરૂરતું બન્યું છે.

દયાને ધર્મનો પાયો મૂળ ગણાવ્યો છે. એનું કારણ પણ એ જ છે 'જીવ અનાદિકાળથી સ્વમાન ગુમાવી બેઠો છે. રાગદ્વેષમાં અટવાય છે એને આ ગુણ કેળવવાથી અન્ય ગુણો પણ સાથે સાથે વિકસે છે. પારકાની ચીજ એને પત્થર તૂલ્ય લાગે છે. સંગ્રહવૃત્તિ અને થતી નથી એને જીવનનો સામાન્ય વ્યવહાર એ સત્યયૂક્ત વાણીથી નભાવે છે, કારણ કે એને 'આ ભવ પરભવની ભીતિ હોય છે,' વીતરાગના વચનનું મૂલ્ય એને સો ટકા છે. જ્યાં સુધી મનુષ્ય જીવનમાં આ કરુણા સમગ્ર પ્રાણી માત્ર રાગ પ્રત્યે નહિ જાગે ત્યાં સુધી વિશ્વશાંતિ અસંભવ છે.

મૂંગા પ્રાણીને સંહારવા એનું મન કદી તૈયાર ન હોય. ધનની અતિ લોલુપતા ન હોય. મિથ્યાવાણી ન હોય એ તો સ્થિતપ્રજ્ઞ હોય. આત્મગુણોના વિકાસ માટે સદા તત્પર હોય. ધર્મભાવથી એનું હૃદય સભર હોય. 'મારા તારાથી પર હોય' આવો આત્મા સ્વદયામાં ઓતપ્રોત, વગર ભાષણે વગર લેખે, કે ઉપદેશે, જીવનાચારથી પરહિત-પરમાર્થ જ કરી રહેલો છે.

શાસ્ત્રકારોએ જે વાતો, કથાઓ કહી છે તે આત્મા પોતે સારી રીતે સમજીને જીવનમાં ઉતારે તે માટે આપણે કૌટુંબિક જીવનમાં, સામાન્ય જીવનમાં કેવી રીતે વર્તવું તે ઉપર એ નિર્ભર છે. મોટા ઉપદેશો આપીએ અથવા સાંભરીએ, પણ અંદર ક્રોધ કષાય, માન, વિકાર, વિષય સેવન ઇત્યાદિ ભાવ હોય તો એ 'દયા' નથી પણ વિભાવભાવ, અજ્ઞાન ગણાય છે. દયાવાન તો સમગ્ર જગતના પ્રાણી પ્રત્યે 'અવૈર દૃષ્ટિ' રાખે છે. એનો આત્મ સાગર જેવો અગાધ, અને અનંત છે, જ્યાં ગુણોની લહેરો વાયા કરે છે, અને પુરુષાર્થના જોરે એ વધારે દઢ બને છે.

મારૂં જીવન હું એવી રીતે વ્યતીત કરૂં કે જેથી અન્યને અડચણ ના પડે, દુઃખ ના થાય. થાય તો હૃદયમાં પશ્ચાતાપ થાય, આવું શીદને થયું ? મારાથી કેમ ભૂલ થાય છે ? વિતરાગ પ્રભુ મને તારૂં શરણ હો. સાચે જ આ સંસારમાં કોઇ કોઈનું નથી. આમ 'દયા' એ જ આત્મતપ છે, એ શીલ પણ છે. અને સ્વદયાનું ચરમ સેવન મુકિતપદ આપી શકે એવી એ સમર્થ અને તાકાતવાન ભાવના છે.

દયા કરો, દયા ધરો, સ્વદયામાં કરો.

# માનવતાનો મહાશત્રુ

શ્રી એન. બી. શાહ

ભૌતિક સુખો અને નાશવંત પદાર્થોની પકડ માટે એક એક માનવ આજે આંધળી દોટ કરી રહ્યો છે. પોતાના સ્વાર્થમાં એ એટલો અંધ બની ગયો છે કે તેની સિદ્ધિનું અંતિમ પરિણામ વિચારવાને તેને ફુરસદજ નથી

આંજે જ્યાં જુઓ ત્યાં અશાંતિ સિવાય શું જોવા મળે છે? આજના નેતાઓ પરસ્પર રાષ્ટ્રોમાં શાંતિની સ્થાપના કરવાની બૂમો પાડી રહ્યા છે, પ્રયત્ન પણ કરી રહ્યા છે. શાંતિના દૂતો બનીને ભારતના વડાપ્રધાન વિદેશોની સફરે કેઈવાર જઇ આવ્યા. અને તેવીજ રીતે વિદેશી પ્રધાનો (નેતાઓ) ભારતની સફરે કેઇવાર આવી ગયા. પરંતુ શાંતિના જરા પણ એંધાણ જણાય છે ખરાં? **'આ તો દુઃખે માથું અને કૂટવું છે પેટ'** એના જેવા અવળા ઉપાયોથી શાંતિની વાતો કરનારા જનતાની આંખોમાં ધૂળ નાંખી રહ્યા છે.

જગતભરમાં શાંતિ સ્થાપવી હોય તો માનવજાતના મહાનશત્રુને પીછાણવાની જરૂર છે. અને તોજ શાંતિની સ્થાપના આપણે કરી શકીશું.

આજે આખીયે દુનિયા પરિગ્રહમાં ગરકાવ થઇ રહી છે. અને પરિગ્રહવૃત્તિના મૂળમાં ઉંડા ઉતરીએ તો શું જણાય છે? એક એક માણસ શા માટે વધુ ને વધુ ધન એકઠું કરવાની કોશીષ કરતો રહે છે? કોઇ કહેશે એ અસંતોષી છે માટે! પણ શામાટે અસંતોષી છે? કારણ કે, તેને શ્રદ્ધા નથી તેના ભાગ્ય ઉપર. પરમાત્મા ઉપર તો નથી જ પરંતુ પોતાની જાત પર પણ નથી જ, અને પોતાની આસપાસના માણસો પર તો હરગીજ નથી. એટલે એની બે ચાર પેઢી સુધી ચાલે એટલું ધન મેળવવાના ફાંફાં માર્યા વગર એનાથી રહેવાતું જ નથી. આવાં ફાંફાંમાં એ પોતાને બેચેન, અશાંત ધાંધલીયો, ધમાલીયો, વ્યગ્ર અને આક્રમક બનાવી મૂકે છે. અને પોતાની આસપાસના સમાજને પોતાના વિષે સાશંક બનાવી મૂકે છે.

આવી વ્યક્તિઓ, (આક્રમણ અને સાશંક) મળીને તે સમાજ બને તે સમાજ કેવો હોય? અને આવા સમાજો મળીને, જે રાષ્ટ્ર નિર્માય તે રાષ્ટ્ર કેવું હોય?

વ્યક્તિગત ભીતિ, સંઘરાખોરી, આશંકા, અને આક્રમણવૃત્તિ અને સામાજિક તેમજ રાષ્ટ્રીય લૂંટફાટ, યુધ્ધોની નશાખોરી આ બધાં એ અનિષ્ટતત્ત્વોનું જન્મસ્થાન જો કોઇ હોય તો ફક્ત **પરિગ્રહજ છે.**

એટલે દુનિયાભરમાં શાંતિ સ્થાપવી હશે તો પરિગ્રહવૃત્તિનો અવરોધ કરવો જ પડશે. ઠેર ઠેર અપરિગ્રહનાં મૂલ્ય અને ફાયદા સમજાવવાને મેદાને પડવું પડશે.

જૈનધર્માચાર્યોએ પરિગ્રહવૃત્તિને તેથી જ આવકારી નથી ને? 'જેટલો પરિગ્રહ વધારે તેટલોજ દુઃખનો બોજો વધારે' આ ટંકશાળી સૂત્ર જ્ઞાનીઓએ શાસ્ત્રમાં જે ટાંક્યું છે તેમાં પણ અસત્ય નથી.

જૈનેતર દર્શનકારોમાં શ્રી શંકરાચાર્ય જેવા મહાન વિદ્વાન પુરૂષ એક પુસ્તકમાં જણાવે છે કે 'कौपीनवन्तः खलु भाग्यवन्तः' એટલે કે ઓછામાં ઓછો પરિગ્રહ રાખનારા લોકો ખરેખર ભાગ્યશાળી છે. કેવળ તેમને પોતાને જ માટે નહિ, પણ જે જગતમાં જેઓ વસે છે, તે જગતને માટે પણ તેઓ એટલાજ ભાગ્યશાળી છે.

માણસ અપરિગ્રહી બને છે, એની સાથે જ એની કાયિક, વાચિક, માનસિક, આધ્યાત્મિક, બધીજ શકિતઓ જે અત્યાર સુધી, એના પોતાના અર્થ લાભને માટેજ વપરાતી હતી, તે હવે પોતાની આસપાસના સમાજના કલ્યાણ અર્થે વપરાશે એટલે પરિગ્રહ ત્યાગની સાથે એક તરફ ધન લાલસાના પરિણામે સરજાતાં અનિષ્ટો આપોઆપ બંધ થશે. અને બીજી

# દાન અને સ્નાન

**શ્રી ચંદુલાલ એસ. શાહ અમદાવાદ**

'કલ્યાણ'ના વાચકો માટે આજના અંકથી એક નવી કસાયેલી કલમનો કસબ ઉમેરાય છે. ચંદુલાલ શાહ શાંત તથા સ્વસ્થ વિચારશૈલી ધરાવે છે, તેમની લેખન શૈલી પણ સચોટ છે. તેઓ અહિં કેસરીચંદ શેઠનાં જીવનનાં રહસ્યને જે રીતે પ્રગટ કરે છે તે બોધક તથા અનેક રીતે પ્રેરક છે. કેસરીચંદ શેઠ 'સ્નાન' શબ્દપર વારંવાર જે ભાર મૂકે છે તેમાં તે શેઠની ધર્મભાવના, સમજણ તથા ઉંડી વિચારણા જે રહી છે તે આ કથા વાંચતાં તમને જાણવા મલશે. 'કલ્યાણ'ના વાચકોને દર અંકે લેખકની અનેક વિષયો પર આલેખાયેલી કથા વાર્તા તમને દર 'કલ્યાણ'માં વાંચવા મલશે. 'કલ્યાણ' પ્રત્યે આત્મીયભાવે પ્રેરાઇને તેઓ દર અંકે લખવાનું ચાલુ રાખશે એમ આપણે ઇચ્છીએ!

⊙

**પરોપકારાર્થે** ફંડ-ફાળો ઉઘરાવનારા સજ્જનોએ કેશરીચંદ શેઠના નામનું સ્નાન કરી નાખ્યું!

મહાજનના બટકબોલા અગ્રેસર અભેચંદભાઇએ તો કેશરીચંદ શેઠનું નામ પણ બદલી નાંખ્યું. કોઇપણ સત્કાર્ય અંગે ટીપ કરવાની વાત આવે અને કેશરીચંદને ત્યાં જવાની વાત ભૂલેચૂકેય કોઈ ઉચ્ચારે, ત્યારે અભેચંદભાઇનો રોષ પ્રગટ થઇ જાય. તેઓ બોલી ઉઠે :—

'મૂકો એ સનાનચંદનું નામ!'

વાત એમ બનેલી, કે કોઇ પણ શુભકાર્ય માટે ફંડફાળો કે ટીપ ઉઘરાવવા કેશરીચંદને ત્યાં જ્યારે પણ જવાનું થાય, ત્યારે કેશરીચંદ શેઠનો એક જ જવાબ હોય :–

'સ્નાન કરો ભાઈ, સ્નાન કરો!'

દાનધર્મનો મહિમા એમને કોઈ સંભળાવે, તો સાંભળે ખરા; પણ પછી મિઠું હસીને, કેશરીચંદ, 'સ્નાન' કરવાની વાત કરે!

બોલવામાં ભારે મિઠા. વ્યાપાર એમનો ગોળનો. એમના ગુમાસ્તાઓ પણ ટીખળમાં ક્યારેક ક્યારેક કહે, કે 'શેઠ તો સૌને ગોળના પાણીએ સનાન કરાવે છે!'

સાંજે દુકાન મંગળ કરીને ઘેર જવાની વેળા થાય, ત્યારે ગુમાસ્તા સાથે ચોપડા, શેઠ ઘેર મોકલાવે અને શેઠાણી માટે સંદેશો મોકલાવે કે 'સ્નાન કરીને શેઠ આવશે!'

પરિણામ એવું આવેલું, કે કેશરીચંદ શેઠનો આ 'સ્નાન' શબ્દ, સૌ કોઇ માટે એક કોયડો બની ગએલો.

એવું જ એક બીજું આશ્ચર્ય એ હતું, કે લોકો તેમની નિંદા કરે, તેમના મોઢે ચડીને તેમને 'ખરેખરી' સંભળાવે ત્યારે પણ

---

તરફ માનવીની મુકત થએલી શક્તિ સર્વોદયના કાર્યમાં પ્રવૃત્ત થઈ જશે. વ્યકિતની અપરિગ્રહ વૃત્તિનું, આમ એવડું શુભ પરિણામ આવે છે. ધર્મની પરિભાષામાં બોલીએ તો, પરિગ્રહની ભીંસથી મુકત બનેલ માનવી, અભ્યુદય અને નિઃશ્રેયસ, બંનેને સમતોલતાથી સાધી શકે છે. અભ્યુદય–પ્રગતિ જગતની અને નિઃશ્રેયસ–અભ્યંતર શાંતિ પોતાની.

માટે જગતમાં જો શાંતિ લાવવી હશે તો માનવજાતના મહાનશત્રુ પરિગ્રહને પંપાળનારા અને એની પાછળ ઘેલા બનનારાઓએ સવેળા જાગૃત બનવું પડશે.

સહુ કોઇને, જગતના કલ્યાણની ખાતર પણ મળેલી લક્ષ્મીનો છુટે હાથે કલ્યાણના કાર્યમાં સદ્વ્યય કરવાની સદ્બુદ્ધિ જાગો એજ હાર્દિક ભાવના.

કેશરીચંદ તો હસતા જ હોય. ગુસ્સો કરે નહિ, બે હાથ જોડી હસીને વાત કરે.

ક્યારેક ગુમાસ્તાઓ અંદરઅંદર ચર્ચા કરે:–

'સવારે તો શેઠ સ્નાન કરે છે, જિન-મંદિરમાં જઈ પૂજા કરે છે અને વ્રતનિયમ પણ પાળે છે. પછી, આ સાંજે સ્નાન કરવા જવાની વાત કેમ કરે છે?'

'આથમાં નહાવા જતા હશે?'

'ના રે ના; દરરોજ જુદી જુદી દિશામાં જાય છે. દાળમાં જરૂર કંઇક કાળું હશે!'

આમ, જ્યારે શેઠની અપકીર્તિ ખૂબ થવા લાગી, ત્યારે તેમના મુખ્ય મુનીમ મંગળદાસથી રહેવાયું નહિ.

શેઠના ઘેર જઈને, શેઠાણી કંકુબાઈ પાસે, એમણે પોતાના મનનો ઉભરો ઠાલવ્યો.

'હોય ભાઇ, એ જે કરતા હશે, તે સમજીને કરતા હશે.' શેઠાણીએ ઠંડે પેટે જવાબ આપ્યો.

'શું ધૂળ સમજીને કરતા હશે? લોકો કેટલી નિંદા કરે છે, એની તમને ખબર છે?' મુનીમ બોલી ઉઠ્યા.

'નિંદા તો ઘણી થાય છે. ગામનાં બૈરાં, મારી પાસે આવીને, ઘણી વાતો કરી જાય છે. પણ ગામના મોઢે કંઇ ગળણું બંધાય છે?' શેઠાણીએ જવાબ આપ્યો.

'પણ તમેય તે એમને કંઇ કહેતાં નથી?'

'એક વાર કહી જોયું, તો મને કહે, કે નિંદક બાબાબીર હમારા, બિન હી કૌડી બહે બિચારા.'

પોતાના પતિની થતી નિંદા પરત્વે, આ બાઈ, જે ટાઢે કાળજે વાત કરી રહી, તે જોઇને મંગળદાસને ભારે આશ્ચર્ય થયું. એમણે એક નવો દાવ અજમાવ્યો :

'પણ બા, આ સ્નાન કરવા જાઉં છું' એમ કહીને શેઠ દરરોજ સાંજે ક્યાં જાય છે?' પછી, જરા ઝીણી આંખ કરીને અને ધીમા સાદે, મંગળદાસ ફરીથી બોલ્યા; 'કશુક આડુંઅવળું....'

શેઠાણીએ એમને આગળ બોલવા ન દીધા. 'તમેય તે શું મંગળદાસભાઈ, આવી વાત તમારાથી થાય? અને તેય તે પાછી મારી પાસે? આટલાં વરસથી મુનીમગીરી કરો છો........'

કકુંબાઇને એમની વાત ત્યાં જ અટકાવવી પડી; કેમકે, કેશરીચંદ શેઠનાં પગલાં સંભળાયાં.

શેઠને આવતા જોઇને મંગળદાસ પણ ક્ષોભ અનુભવી રહ્યા.

'કેમ? શું માંડયું છે? તમે બે જણ ભેગાં થઇને શું કારસ્તાન કરી રહ્યાં છો?' કેશરીચંદ શેઠે આવતાં વ્હેંત જ, એમની લાક્ષણિક ઢબે સ્મિત કરતાં કરતાં પ્રશ્ન પૂછયો.

મંગળદાસ નીચું જોઈ ગયા. શેઠાણી હસી પડયાં,

'હું તમને કેટલાયે દિવસથી કીધા કરું છું, કે આ વાતનો હવે કંઇક ફોડ પાડો તો ઠીક, આ મંગળદાસભાઇ પણ હવે તો અકળાઇ ગયા છે.' કંકુબાઇએ એમના પતિને મિઠા-શથી કહ્યું.

'શાનો ફોડ પાડવાનો છે?'

'આ તમારા 'સનાન'નો!' આટલું બોલીને શેઠાણી ફરીથી હસી પડયાં. 'હવે તો ગામનાં બૈરાંયે મને ચૂંટી ખાય છે!' એમણે ઉમેર્યું.

કેશરીચંદ ફરીથી હસી પડયા, આ વખતે ખડખડાટ હસ્યા.

'બૈરાંના પેટમાં વાત રહેતી નથી, એટલે

મેં તો ધાર્યું હતું, કે તમે આપણું પોલ આ મંગળદાસ પાસે ખોલી નાંખ્યું હશે!' શેઠાણી સામે જોઇ, સ્મિત કરીને કેશરીચંદ બોલ્યા.

'મારા મોઢે તો તમે તો તાળું દેવરાવ્યું છે! તમારી આજ્ઞા ના હોત તો, છાપરે ચડીને હું ક્યારનીયે બોલી હોત!' શેઠાણીએ જવાબ આપ્યો.

શેઠ-શેઠાણી વચ્ચે થતી આ વાતચીત મંગળદાસની મુંઝવણ વધારી રહી હતી. એમને સમજ નહોતી પડતી, કે આ બધી શું વાત છે. શું બોલવું તે પણ એમને સમજાતું નહોતું.

પણ કેશરીચંદ શેઠને, પોતાના આ વફાદાર અને પ્રમાણિક મુનીમ ઉપર, ભારે સ્નેહ હતો. એમણે હવે મુનીમ સાથે વાત કરવા માંડી :–

'રોજ સવારે તમે સ્નાન તો કરતા જ હશો.'

'એમાં શું શક છે?'

'શા માટે સ્નાન કરો છો?'

'શરીરનો મેલ ધોવા.'

'સ્નાન કર્યા પછી શું થાય છે?'

'શરીર હલકું ફૂલ બની જાય છે.'

'એવી જ રીતે, આત્માને, સ્નાન કરાવીને હલકો ફૂલ જેવો બનાવવાનું આવશ્યક ખરૂં કે નહિ?'

કેશરીચંદ શેઠનો આ પ્રશ્ન સાંભળીને મંગળદાસ વિચારમાં પડી ગયા.

'કહેવા જ બેઠા છો, ત્યારે વાતમાં મોણ નાંખ્યા વગર સીધેસીધું કહી નાંખશો તો વધાર કંઇ બળી નહિ જાય!' કંકુબાઇ વચ્ચે જ મમરો મૂક્યો.

કેશરીચંદ હવે જરા ગંભીર બની ગયા. બે મિનિટ મૌન જાળવી, તે દરમિયાનમાં બાર વખત, મનમાં ને મનમાં, નવકાર ગણીને તેમણે વાત શરૂ કરી.

'જુઓ મંગળદાસ, આજે જે વાત હું તમને કરૂં છું, તે ફકત તમારા સંતોષ માટે જ છે. તમારે એ વાત બીજા કોઇને કરવાની નહિ.'

'કબુલ.'

'ત્યારે સાંભળો, એ વાતને આજે દસ વર્ષ થવા આવ્યાં. આપણા આચાર્ય મહારાજ અહિં ચાતુર્માસે આવેલા. એમની પાસે, એમના સદુપદેશથી પ્રેરાઇને, મેં પરિગ્રહની બાધા લીધી હતી, તે વખતે આચાર્ય મહારાજે મને કહેલું, કે નક્કી કરેલી રકમથી જે કંઇ વધારે આવક થાય, તે રોજનીરોજ સારા માર્ગે વાપરી નાંખવી.'

'દરરોજ?' મંગળદાસે આશ્ચર્યથી પૂછ્યું.

'હા, દરરોજ. એમણે મને કહ્યું હતું, કે રકમને જો મોટી થવા દઇએ, તો પછી, મમત્વ જાગવાનો અને વ્રતભંગ થવાનો સંભવ ઉભો થાય છે, એટલે દરરોજ વ્યાપારમાં જે નફો થાય, તેમાંથી ધારેલી રકમ ઉપરાંતનું બધું રોજ ને રોજ વાપરી નાંખવું.'

'પણ એમાં આ સ્નાનવાળી વાત ક્યાં આવી?' મંગળદાસે પૂછ્યું.

'આપણે જ્યારે સ્નાન કરીએ છીએ, ત્યારે શરીરના મેલનો 'ત્યાગ' કરીએ છીએ. એવી જ રીતે, ખપ કરતાં વધારે લક્ષ્મી જો આપણે ભેગી કરીએ, તો આત્માને એનો મેલ લાગે છે, એ મેલ જો રોજેરોજ ધોઇ નાંખીએ, તો પછી બાઝો મળ જામવાનો ભય રહેતો

નથી. આચાર્ય મહારાજે એને માટે સ્નાન–આત્માને સ્નાન–કરાવવું, એવો શબ્દ વાપર્યો હતો, આ 'સ્નાન' એટલે 'ત્યાગ.'

'પણ તો પછી ફંડફાળામાં કે ટીપમાં તો તમે એક દમડી પણ લખાવતા નથી; એનું શું?'

'એનાં કારણ બે. એક તો મોટી રકમ લખાવી શકાય એટલું હું ભેગું થવા જ દેતો નથી. બીજી વાત એ, કે કીર્તિની લાલચથી જાહેર રીતે દાન કરવામાં, 'રાગનું પોષણ થાય છે.' એમ કરવાથી આત્માને વધારે મેલ વળગે છે. આપણું કામ મેલને વળગાડવાનું નથી પણ મેલનો ત્યાગ કરવાનું છે. અને તે પણ; શરીરનો મેલ ધોઇએ છીએ, એવા સહજ ભાવથી. આચાર્ય મહારાજે કહ્યું હતું કે કીર્તિદાન એ 'રાગ' છે અને ગુપ્તદાન તે 'ત્યાગ' છે, એમણે વધારામાં કહ્યું હતું, કે સુપાત્ર જોઇને જ્યારે કંઇ પણ આપો, ત્યારે એનો સ્વીકાર કરનાર તમારી ઉપર ઉપકાર કરે છે, એવી ભાવના ભાવીને આપજો.'

'તો પછી, દાનમાં પરોપકારની ભાવના ક્યાં રહી?' મંગળદાસે પૂછ્યું.

'પરોપકારની ભાવના તો ખરી જ. ફરક એટલો કે આમાં આપનાર પોતે પરોપકાર કરે છે, એવી ભાવના રાખવાને બદલે, 'લેનાર મારા ઉપર ઉપકાર કરે છે' એવી ભાવના રાખીએ, તો તેથી આત્માનું વિશેષ હિત થાય છે. એ રીતે વિચારવાથી, મોટામાં મોટા શત્રુ, 'હુંપદ'માંથી પણ છૂટી શકાય છે. બાકી સાચી પરોપકારવૃત્તિ તો જીવ માત્ર તરફ કરૂણા અને મૈત્રીભાવ રાખવામાં છે. થોડાક રૂપીયા આમતેમ ઉછાળ્યા, તેથી કંઈ આપણે પરોપકારી બની જતા નથી.'

'પરન્તુ લોકો નિંદા કરે એટલી હદ સુધી.......'

મુનીમને બોલતાં વચ્ચેથી જ અટકાવીને કેશરીચંદ હસી પડ્યા. 'મારા ભાઇ,' તેઓ બોલ્યા, 'એ નિંદા તો આપણા સમભાવની કસોટી કરે છે. કીર્તિ અને વાહવાહ મેળવવાની ભાવનાથીયે જે લોકો દાન કરે છે, એ લોકો કંઇ ખોટું કામ નથી કરતા. અન્ય ઉપર ઉપકાર તો તેથી થાય જ છે; પરન્તુ, જો કીર્તિ અને નામનો મોહ છોડીને ગુપ્તદાન કરવામાં આવે તો તેથી થતો લાભ વિશેષ હોય છે. આ રીતે ગુપ્તદાન આપવાની ભાવના જો ના થાય તો પ્રગટ, દાન તો આપવું જ જોઇએ. તેથી પણ હૃદયનાં પરિણામ કુણાં રહી શકે.'

'ત્યારે તમે દરરોજ સાંજે જે સ્નાન, કરવા જતા હતા....'

'દરરોજની વધારાની આવકનો ત્યાગ કરવા જતો હતો.' આટલું કહીને શેઠ પાછા બે મિનિટ મૌન બની ગયા.

આ વખતે શેઠાણી, જરાક મલકાઇને બોલી ઉઠ્યા :

'ને મંગળદાસભાઇ, જે લોકો ફંડફાળા કે ટીપ માટે આવતા હતા, તેમાં જ્યાં જ્યાં આપવા જેવું લાગતું હતું, ત્યાં વગર નામે કઇ ને કંઈ રકમ ગુપચુપ પહોંચી જ જતી હતી, હોં!'

આ સાંભળીને કેશરીચંદ જરાક ગમગીન બની ગયા. ક્ષણવારમાંજ એ ગમગીનીને ખંખેરી નાંખીને, પાછા તેઓ હસી પડ્યા. હસતાં હસતાં જ બોલ્યા :–

'હું નહોતો કહેતો? પેટમાં કંઇ વાત ટકે છે? આખર બૈરાંની જ જાત!'

# —અને એ તોતીંગ બારણા સ્વયમેવ ઉઘડી ગયા!

શ્રી પાર્શ્વકુમાર

પ્રભુ પ્રત્યેની નિષ્કામ સુવિશુદ્ધ ત્રિકરણયોગે થતી ભક્તિ, ભક્તોની ભીડ ભાંગનારી બને છે, મનોવાંછિત સિદ્ધિને આપનારી બને છે. એ હકીકત જૈન ઇતિહાસના પાને આલેખાયેલી ઐતિહાસિક ઘટનાના આધારે સરલ, ભાવવાહી તથા સ્વચ્છ શૈલીયે અહિં આલેખાય છે. પ્રભુનાં દર્શનની આડે આવતાં વિઘ્નો તથા આવરણોને ભકત આત્માઓ પોતાની ભકિતના બળે કઈ રીતે હઠાવે છે? ને આવા ભકતોને અધિષ્ઠાયક દેવો કઈ રીતે સહાયક બને છે? તે જાણવા આ રસમય ઐતિહાસિક કથા તમે જરૂર વાંચી જશો, તમને તેથી પ્રભુ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ પ્રત્યે અનન્ય ભકિતભાવ દઢ બનશે!

ખંભાતથી પૂ. ઉપાધ્યાયશ્રી ઉદયરત્નજીની નિશ્રામાં યાત્રાર્થે નીકળેલો પગપાળો વિશાલકાય સંઘ આજે શ્રી શંખેશ્વર ગામના પાદરમાં આવી લાગ્યો હતો. અને તેણે ગામ બહાર જ પોતાનો પડાવ નાંખ્યો હતો.

પણ...ખંભાતથી સંઘે જ્યારે પ્રસ્થાન કર્યું, ત્યારથી આરંભીને આજ લગી, પ્રત્યેક નરનારીના હૃદયમાં જે આનંદ હિલોળા લેતો હતો તે આજે મરી પરવાર્યો હતો. મ્હોં પરની સુરખી વિલાઇ ગઇ હતી.

જે પરમતારકના નામની માળા જપતાં જપતાં જીભ સૂકવી નાખી, જેમને યાદ કરી કરીને વિકટ-પંથોને આજ લગી સરલ બનાવ્યા, માર્ગમાં આવેલી સર્વ આપત્તિઓને હસતે મ્હોંએ વધાવી લીધી અને મનમાં કંઇ કંઈ આશાઓની ઇમારતો ચણી, તે પરમતારકનાં પ્રત્યક્ષ દર્શન કરવાની અણુમોલ તક જ્યારે આજે આવી લાગી ત્યાં આજેજ આ શું થયું?

શરદપૂનમનો ચાંદ સોળે કળાએ ખીલી, દુનિયાને પોતાના અમૃતથી તરબોળ અને આનંદવિભોર કરવા આવી લાગે અને ત્યાંજ ઘટાટોપ કાળાડિબાંગ વાદળના દળકટક તેને પોતાનામાં ઢાંકી દે તેવું જ અહીં બન્યું હતું. વાત એમ હતી કે—

જ્યારથી યવનોના દુર્ભાગી કદમો આ ભારત-ભૂમિને અને તેમાંય વિશેષ કરીને નંદનવન સમી ગુર્જરભૂમિને ધમરોળી વળ્યા, ત્યારથી આ ભૂમિનું સૌભાગ્ય ઝૂંટવાઇ ગયું હતું. એના કંકણ નંદવાઇ ગયા હતા. એનું કુંકુમ તિલક ભૂંસાઇ ગયું હતું.

એ ગુર્જરીના નૂપુરનાદ સમો દેવમંદિરોનો ઘંટા-નાદ પણ બંધ થઇ ગયો હતો. મંદિરોમાં મૂર્તિઓ સલામત ન હતી, ઘરોમાં રૂપસુંદર સ્ત્રીઓ સલામત ન હતી અને દુકાનોમાં ધન સલામત ન હતું.

હા, બે ચીજો અવશ્ય સલામત હતી અને તે મસ્જિદો અને યવનો. આવા કપરા કાળમાં કંઇક ભાવુકોને પોતાના પ્રાણસમી મૂર્તિઓ પોતાના સગા હાથે જ રડતે દિલે જમીનમાં ભંડારી દેવી પડી હતી.

તેવી રીતે ભગવાન શ્રી શંખેશ્વરનાથના તીર્થની અસલામત દશા પણ ભાવુકો સ્પષ્ટ રીતે જોઇ શકયા.

અને આ પરમાત્માની કરોડો-અરે અબજો-ના; ના; અસંખ્યાત વર્ષો જૂની પ્રતિમાને અગમચેતી વાપરીને રડતે દિલે મંદિરમાંથી ઉઠાવી લીધી અને આ મૂર્તિ, પાપી મૂર્તિભંજકોની નજરે ન પડે તે હેતુથી એક પેટીમાં પધરાવી ગામના મુખીના ઘરમાં સંતાડી દીધી.

અને......

જે ધારણા હતી તે જ બન્યું.

સમુદ્રના પૂરની માફક ધસમસતા મ્લેચ્છોના પૂર ચોગરદમથી આવ્યા. આવીને મંદિરનો વિનાશ કર્યો. જિનમૂર્તિઓ તો મંદિરમાં ન હતી. તેથી થાંભલાઓ પરની દેવદેવી અને કિન્નરોની મૂર્તિઓ તોડીને તેમણે આનંદ માન્યો. મૂલનાયકની મૂર્તિ માટે શોધ કરી, ઘણા ફાંફા માર્યા, પણ તે ન મલી. આખાય ગામ પર અને ચારે તરફ વિનાશની વૃષ્ટિ વરસાવીને આ જીવતા યમરાજો આવ્યા તેવા ચાલ્યા ગયા.

વર્ષો વીતી ગયા.

ધીમે ધીમે મ્લેચ્છોનો ત્રાસ ઓછો થવાના નિશાન વરતાવા લાગ્યા. આ અસંખ્ય જીવોના તારક વ્હાલા પ્રભુનાં દર્શન વિના તલસતા અને વ્યથિત

બનતા ભક્ત હૃદયોનાં આવાગમન પુનઃ શરૂ થવા લાગ્યા.

સંઘો પણ આવવાની શરૂઆત થઇ.

જ્યાં સ્મશાન શાંતિ હતી ત્યાં ધીમે ધીમે જન કોલાહલ વધવા લાગ્યો.

ભગવાન શ્રી શંખેશ્વરનાથની જયના પોકારો પુનઃ વાતાવરણમાં ગૂંજી રહ્યા.

પણ...

એક નુકશાન અવશ્ય થયું હતું.

જેમનાં હાથમાં આ મૂર્તિ સોંપાઇ હતી તેમને એક પાપી વિચાર સ્પર્શી ગયો હતો. તેમણે વિચાર્યું કે 'જે ભગવાનના આટલા ભક્તો છે તે પ્રભુની મૂર્તિના દર્શન માટે જો થોડીક રકમ ઠરાવાય અને પછી જ સૌને દર્શન કરાવાય તો આપણી રોટી સહેલાઇથી નીકળે અને આ વિચાર મુજબ તેમણે આ નવો દર્શન કર ચાલુ ય કર્યો. એકલદોકલ ધાર્મિકો યા તો બહુ નાના નાના જથ્થામાં જ્યારે સંઘો આવતા, અને પ્રભુના દર્શનની માંગણી કરતા ત્યારે આ મૂર્તિરક્ષકો તેમની પાસેથી આ કર લેતા અને પછી જ પ્રભુના દર્શન કરાવતા.

આ એક શિરસ્તો ચાલુ થઇ ગયો :

ઘણાય મનમાં સમસમી ઉઠતા કે અમારા પ્રભુનાં દર્શનનાય અમારે પૈસા દેવાના ? આપણા નાથ અને આપણી વચ્ચે અસંગત એવું આ ધનનું વ્યવધાન ?

પણ......

નાનો સમુદાય શું કરે ? કરે તો વળેય શું ?

અને જેને દર્શન કરીને ચલતી પકડવી છે તે આ બધી પંચાતમાંય ક્યાં પડે ?

આ પરિસ્થિતિ ચાલુ હતી અને ખંભાતથી આ મોટો સંઘ આવી લાગ્યો હતો.

આ વિશાલ સંઘમાં બહુ સંખ્યક મુનિવરો હતા. વિપુલ શ્રમણીગણ હતો.

અને આ બધાથી તો કંઇક ગણો વિશાલ શ્રાવક શ્રાવિકા ગણ હતો. વાહનો આદિ સામગ્રી તો એટલી બધી હતી કે સંઘનો પડાવ જોનારને શંખેશ્વર ગામ એ આ વિશાલ સંઘ નગરનું કોઇ નાનકડું પરૂં હોય તેમ લાગતું હતું. ચૈત્ર સુદ પૂનમની સવાર હતી.

ઉષાદેવીના આગમનની એંધાણીયો પૂર્વાકાશમાં દેખાવા લાગી ત્યારથી યાત્રિક ગણનાં હૃદયો એ વ્હાલા, ભક્તવત્સલ નાથનાં દર્શન માટે થનથન નાચી રહ્યા હતાં.

પરંતુ......

સંઘ જ્યાં દર્શનાર્થે આવ્યો ત્યાં મૂર્તિરક્ષકો આડા આવીને ઉભા રહ્યા. તેમને તો આજે ઘણું ધન ભેગું થશે એવી ધારણા હતી. અને તેથી તેઓ તો એકપણ યાત્રિકને વિના મૂલ્યે, દર્શન કરવા તો શું પણ પ્રભુથી અધિષ્ઠિત થયેલી પેટી પાસે પણ આવવા દેવા તૈયાર ન હતાં.

સંઘ આખો વિમાસણમાં મૂકાયો.

ત્યારે આવા પવિત્ર કાર્યમાં કોઇનું દિલ દૂભવવું એ યોગ્ય ન હતું નહિંતર આટલા મોટા સંઘ સમુદાય આગળ આ રક્ષકો બિચારાં કયી ગણત્રીમાં હતા ? ઝાપટ મારીને પેટી ઝૂંટવી લેવી કે રક્ષકોને ભોંય ભેગા કરવા તે કાંઇ મોટી વાત ન હતી.

સંઘે વિચાર કર્યો કે, 'શું મૂલ્ય આપીને દર્શન કરવા ? ના; ના; તો તો આ એક ક્રમ ભવિષ્ય માટે બની જાય તેમ હતો કે જે કદી મિટાવીજ ન શકાય ? ત્યારે શું કરવું ? મૂર્તિરક્ષકોને સલૂકાઇથી સમજાવવામાં આવ્યા, પણ જેણે નક્કી જ કર્યું છે કે મારે નથી જ સમજવું, તેને કોણ સમજાવનારૂં પાક્યું છે ભલા ?

જ્યારે ઘણીય સમજાવટને અંતે પણ કશું જ પરિણામ ન દેખાયું ત્યારે સહુની આશા, આ યાત્રા સંઘના મુખ્ય શ્રી ઉદયરત્ન વાચકવર પર બંધાઇ. સૌને હતું કે આ વડીલ પુરુષ કાંઈ માર્ગ કાઢશે.

તે પણ આજે પ્રભુ દર્શન વિના દુઃખી હતા. તેમનાં વૃદ્ધ ચહેરા પર વેદનાની વાદળીઓ દોડી રહી હતી. સકલ સંઘે તે મહાપુરુષને માર્ગ કાઢવા વિનંતિ કરી.

તેમને લાગ્યું કે ધન આપીને દર્શન ન કરવાનો સંઘનો નિર્ણય ડહાપણભર્યો હતો. ત્યારે સામે મૂર્તિરક્ષકો પણ ટસથી મસ થવા તૈયાર ન હતા. તેમને આજે ધનનો ગાઢ લોભ ઘેરી વળ્યો હતો અને

પૈસાનો ગાઢ લોભ એવી બુરી ચીજ છે કે જેને એ વળગે છે તે સારાસારનું ભાન પણ ગુમાવી દે છે નહીંતર જેમને વિશ્વાસુ માનીને આ મૂર્તિની રક્ષા સોંપી હતી તે આજે દર્શનાર્થીઓ અને ભગવાન જિનેશ્વરદેવ વચ્ચે દિવાલ બનીને ઉભા રહે ખરા? ખૂબ ખૂબ સમજાવટ છતાં કશો નિકાલ ન જ આવ્યો ત્યારે ગામના મુખીએ કહ્યું કે, 'જો આટલી બધી દર્શનની તાલાવેલી છે અને પૈસા પણ નથી દેવા તો પછી અહીં બેસી રહો. ભગવાન ખુદ જ દર્શન દેવા આવે તેની રાહ જોયા કરો. તમારી તીવ્ર ભક્તિથી ભગવાનને ખુદને નહીં આવવું પડે?' મશ્કરી અને વ્યંગમાં આ શબ્દો બોલાયાં હતાં. આ શબ્દો પાછળ સ્પષ્ટ મજાક દેખાતી હતી. આ વાત મશ્કરીમાં બોલાઇ છે તે સમજવા છતાં સૌ ભક્તોને આ વાત હાડોહાડ લાગી ગઇ. પોતાની ભક્તિની ક્રૂર મશ્કરી કયું નિખાલસ ભક્તહૃદય વેઠી શકે?

પૂ. શ્રી ઉદયરત્નજી મહારાજને લાગ્યું કે, 'આ શબ્દો મશ્કરી કરનારાના મ્હોંમાં પાછા પેસાડવા જોઇએ. સંઘની ભક્તિ પરની આ નિર્દય મશ્કરીનો પ્રતિકાર કરવો જોઇએ. અને સંઘના વડીલ તરીકે રહેલા અમારા જેવા જો અવસરે સંઘના યોગક્ષેમની ચિંતા ન કરે, સંઘની આપત્તિઓ વિદારવામાં પોતાની શક્તિને કામે ન લગાડે તો અમને મળેલી મોટાઈ સંસારમાં રૂલાવનારી જ બને. આ તકે મારે મારી શક્તિને પ્રગટ કરવી જ જોઇએ.' તેમણે મનથી કશોક નિર્ણય કરી લીધો. આંખો મીંચી પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી શંખેશ્વરનાથને પ્રત્યક્ષ કર્યા અને મૂર્તિરક્ષકોને ઉદ્દેશીને તેઓશ્રી બોલ્યા—

'સાંભળો આજે હું પ્રતિજ્ઞા કરૂં છું કે ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની મૂર્તિ જ્યાં લગી મને સ્વયમેવ દર્શન નહિ આપે ત્યાં લગી મારો આ વૃદ્ધ દેહ અહીંથી ઉઠનાર નથી ભલે ગમે તેટલો સમય વીતી જાય–'

આ નિર્ણય એકત્ર થયેલા સકલ સંઘે સાંભળ્યો. અને તેને પણ એક દિશા જાણે કે સૂઝી ગઇ. સંઘે પરસ્પર થોડી વિચારણા કરી કશોક નિર્ણય કર્યો. અને સૌ બોલ્યા—

'હે અપાર કરૂણાવંત! ઉદ્ધાર ચૂડામણિ! કલિકાલ કલ્પતરુ! અનંત ગુણોના સાગર! ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામિ! તારાં દર્શન કાજે અમે દૂરદૂરથી અહીં આવ્યા છીએ, પણ અમારા કમભાગ્યે તારા રક્ષકો આજે તારી અને અમારી વચ્ચે દીવાલ બનીને ઉભા છે. કોને કહીએ? કયાં પોકાર કરીએ? અમે તારા દર્શન વિના પાછા જનાર નથી. અમે તો નિર્ણય કર્યો છે કે અમારો નાથ તું આજે અમને દર્શન આપ. જો અમારી ભક્તિની ખાત્રીથી યા અમારા કોઇ અપરાધથી તું અમને દર્શન નહિ આપે તો અમે ભૂખ્યા ને તરસ્યા તારૂં નામ જપતાં જપતાં તારાં દ્વારે અમારાં જીવનને ખતમ કરી નાખીશું. અમારી પાસે બીજો માર્ગ નથી.

તું બાપ છો. અમે તારા બાલુડા તારા દર્શન વિના ટટળીએ છીએ અને તું નિરાંતે બેસી રહે તે કેમ ચાલશે? નાથ, ઝટ દર્શન દે.'

અને સકલ સંઘ એ પેટી પાસે મરવાનો નિશ્ચય કરીને બેસી ગયો.

માનવી પોતાના ઇષ્ટની સિદ્ધિ માટે દરેક વસ્તુનો ભોગ આપવાનો જ્યારે નિર્ણય કરે છે, ત્યારે દુનિયામાં એવી કયી ચીજ છે કે જે પ્રાપ્ત ન થાય? અહીં પણ આવી જ એક વિરાટ શક્તિ એકત્ર થઈ હતી.

મૂર્તિરક્ષકોએ પણ આવા પરિણામની કલ્પના કરી ન હતી. તેમના મુખ પર પણ ભય વંચાતો હતો પણ છતાં યે તે પીગળ્યા ન હતા.

સેકંડો અને મિનિટો કદી વહી જતી અટકી છે? કે અહીં પણ અટકે? સમય ધીમે ધીમે વીતવા લાગ્યો, સૌના મુખમાં એક જ નામ છે.

ભગવાન શંખેશ્વરનાથ! ભગવાન શંખેશ્વરનાથ!

અને

ઉપાધ્યાય ઉદયરત્નજી મહારાજે આંખો મીંચી દીધી. તેમના ચહેરા પર અજબ કાંતિ પથરાઈ ગઇ હતી. પોતાનાં કર્તવ્યનું પાલન કરવા જતા શૂરવીર યોદ્ધાના મુખ પર જે આનંદ હોય તેવો જ આનંદ તેમના મુખ પર સ્પષ્ટ વંચાતો હતો અને તેમણે એક સ્તોત્ર શરૂ કર્યું.

" પાસ શંખેશ્વરા, સાર કર સેવકા,
દેવ કાં આવડી વાર લાગે. "

અને આ નૂતન સ્તવનાને આખા સંઘે ઝીલી લીધી. હજારો નરનારીઓના ગળામાંથી જ્યારે આ સ્વર બહાર પડયા ત્યારે તે મહાપુંજ રૂપ ધારણ કરી ચૂક્યા હતા.

જોનારાને ભય લાગતો હતો કે હમણાં શું થશે. દિશાઓ ડોલી રહી હતી. વાતાવરણ ધૂંધળું બની રહ્યું હતું. અને સ્તવના આગળ ધપી રહી હતી.

" પ્રગટ થા પાસજી મેલી પડદો પરો ! "

વાતાવરણમાં ગંભીરતા હતી. પ્રભુજી વાળી પેટી જાણે કે હાલી રહી હતી. યાત્રિકોમાં અવનવું તેજ પથરાતું હતું.

પૂ. ઉદયરત્નજી મહારાજની આંખો બંધ હતી. લાગતું હતું કે તે કોઈ બીજી દુનિયામાં જ વિચરી રહ્યા હતા. તેમનાં મુખ પરનો પ્રકાશ વધતો જતો હતો.

" જગતમાં દેવ જગદીશ તું જાગતો,
આજ શું એમ જિનરાજ ઉંઘે."

વ્હાલા બાળકો પોતાના પિતાને વ્હાલથી જગાડવા ઘેરી વળ્યા હોય એવી સ્થિતિ હતી. અને પેટીમાં ચેતન આવ્યું. પેટીના મજબૂત દ્વારો ઊંચા નીચા થવા લાગ્યા–આકાશમાં મેઘ ચઢી આવ્યા હોય અને વીજળીના સબાકા થાય તેવો પ્રકાશપુંજ ચારે તરફથી ચમકારા મારી રહ્યો હતો. સૌની આંખો મીંચાઇ જતી હતી અને...

વળી એક મહા પ્રકાશનો ચમકારો થયો. ભયંકર અવાજ થયો અને કિચૂડ કિચૂડ કરતા નગરના દરવાજાને જેમ એક વિશાલ ગજસેના તોડી નાખે તેમ આ પેટીના દ્વારોને આ સ્તવના અને તેની પાછળની સુવિશુદ્ધ ભક્તિએ તોડી નાખ્યા. અધિષ્ઠાયક દેવે આ રીતે ભક્તોને સાનિધ્ય કર્યું.

સૌએ આંખો ખોલી ત્યાં તો ભગવાન શંખેશ્વરનાથ પાર્શ્વનાથ સામે જ પ્રત્યક્ષ આવીને બિરાજમાન હતા. સંઘના નેત્રોમાંથી હર્ષના આંસુ વહી રહ્યા હતા.

મૂર્તિરક્ષકોના મ્હોં પર કાળી મેશ ઢોળાઇ ગઇ હતી. તે લોકો શ્રી ઉદયરત્નજીના પગમાં પડયા. અને બોલ્યા—

' હે પ્રભુ ! બચાવો, અમારા અપરાધ માફ કરો !

તેમણે કહ્યું કે, સૌના અપરાધ માફ કરનારો આ પરમતારક પિતા જ છે. તેને ચરણે પડો. દયાળુ સૌના પર કરૂણાવંત છે. ' અને તે સૌ પ્રભુનાં ચરણે પડયા.

સંઘના આનંદની આજે અવધિ ન હતી. પરમ કરૂણાનિધાને આજે સૌને જીવતદાન આપ્યું હતું. પોતાના બાળકોને કોઇ બાપ મરવા દે ખરો ? ત્યારે આ તો ત્રણેય લોકનો પિતા. તે કોઇનેય કેમ મરવા દે ?

સૌએ મન ભરીને દર્શન પૂજન, અને વંદન કર્યાં. અને સંઘે શંખેશ્વરથી વિદાય લીધો.

ત્યારથી સદા માટે એ પરમેશ્વરના દર્શન આડેના અંતરાયો દૂર થયા. અને આજે પણ તે ત્રિલોકનાથનાં દર્શન કરી અનેક આત્માઓ મુક્તિની નજીક આવી રહ્યા છે. આપણા મનમાં પણ એ જ ઇચ્છા હોવી જોઇએ કે તે અનંત ગુણના સાગર પ્રતિ આપણા હૃદયમાં એવી ઉત્કટ ભકિત પ્રગટે કે જેના યોગે આપણા પણ કર્મનાં બંધનો વિલીન થાય.

**જય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ! જયશ્રી-શંખેશ્વર પાર્શ્વનાથ !**


## શ્રી વર્ધમાનતપની ૫૦ મી ઓળી કે તેથી અધિક ઓળી કરનારને —

# ભેટ મળે છે.

**શ્રી વર્ધમાનતપ માહાત્મ્ય** નામનું લગભગ ૪૦૦ પાનાનું પુસ્તક **શેઠશ્રી જેચંદભાઇ કેવળદાસ** અમદાવાદવાળા તરફથી ભેટ મળશે, પુસ્તક મંગાવવાની સાથે કેટલામી ઓળી ચાલે છે તે જણાવવું જરૂરી છે, સીરનામું પુરેપુરૂં લખશો. પુસ્તક મંગાવવાનું સ્થળ:–

**કલ્યાણ પ્રકાશન મંદિર – વઢવાણ શહેર**



**લવાજમ ભરવાનું સ્થળ**

**શ્રી ખેતસીભાઇ પી. શાહ**

C/o. સાગર સ્ટોર્સ ૨૧૩-૧ ચરની રોડ
મુંબઇ–૪

# સમાચાર સાર

ગતાંક માટે પ્રસિદ્ધિને અર્થે મળેલ આ સમાચારો સ્થલસંકોચના કારણે રહી ગયેલા તે આ અંકમાં અમે પ્રસિદ્ધ કરી રહ્યા છીએ ! માસિક માટે સમાચાર વિભાગ પ્રસિદ્ધ કરવાનું કાર્ય અતિ કપરૂં છે. કેટલીક વાર તો મહિના બે મહિના પહેલાંના સમાચાર 'કલ્યાણ'માં પ્રસિદ્ધ થતા હોય છે. છતાં જે પ્રદેશમાં 'કલ્યાણ' સિવાય અન્ય સામયિકો જતા નથી. તે પ્રદેશના હજારો વાચકો સમાજમાં બનતા બનાવો, પ્રસંગો તથા અનુમોદનીય સમાચારોથી માહિતગાર રહે તે દૃષ્ટિયે આ વિભાગ અનેક રીતે આવશ્યક છે. આ વિભાગમાં સમાચાર મોકલનારા શુભેચ્છકો અમને ટુંકમાં મુદ્દાસરના સમાચાર મોકલતા રહે તે એક વિનંતિ !

⊙

## સ્વર્ગારોહણને અંગે મહોત્સવો, આરાધના તથા અન્યાન્ય સમાચારો

**પાલીતાણા :** અત્રે આરીસાભુવનમાં પરમ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.ના કાળધર્મ અંગે પૂજ્ય પં. શ્રી ભક્તિવિજયજી મ. પૂ. પદ્મવિજયજી મ. સા. તથા પૂ. પં. મહિમાવિજયજી મ. તથા પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી મ. સા. આદિની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ ઉજવવામાં આવેલ. શાંતિસ્નાત્ર ભણાતા માણસો સારી સંખ્યામાં ભાગ લીધેલ. ઉત્સાહી વાતાવરણ વચ્ચે મહોત્સવની પૂર્ણાહુતી થઇ હતી.

**બીજાપુર :** પ. પૂ. ૧૦૦૮ આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મ. સા. તથા આચાર્ય દેવ શ્રીમદ્ વિજયદાનસાગરસૂરીજી મ. સા.ના કાળધર્મ પામ્યાના સમાચાર મળતાં, શોકની ઘેરી લાગણી પ્રવર્તેલ છે. પંચકલ્યાણક મહોત્સવ રાખવામાં આવેલ.

**છાણી :** પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મ. સા. ના સ્વર્ગારોહણ નિમીત્તે અષ્ટાન્હિકા શાંતિસ્નાત્ર મહોત્સવ ઉજવવામાં આવેલ.

**ખંભાત :** સ્વ. પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી. મ. સા. ના સ્વર્ગારોહણ નિમીત્તે નગરશેઠ શ્રી ચંદુલાલ બાપુલાલ શાહના પ્રમુખપણા નીચે જાહેર સભા રાખવામાં આવેલ શરૂઆતમાં શ્રી મૂલચંદભાઈ દલાલે પૂજ્યશ્રીના જીવન અંગે ટુંક વર્ણન કરેલ, ત્યાર બાદ જુદા જુદા વકતાઓએ આચાર્યદેવને ભવ્યાંજલિ અર્પેલ.

**અમલનેર :** પૂ. મુ. શ્રી ચંદ્રવિજયજી મ. આદિની નિશ્રામાં; મુંબઇમાં થયેલ આચાર્યદેવોના સ્વર્ગારોહણ નિમિત્તે દેવવંદન, સભા, આયંબિલ, પૂજા વ. ધાર્મિક ક્રિયાઓ થયેલ. અઠ્ઠાઇ મહોત્સવ તથા શાંતિસ્નાત્ર ભણાવવા સંઘે નિર્ણય કરેલ છે.

**સાદડી :** પૂ. આચાર્ય મ. શ્રીમદ્ વિજય લબ્ધિસૂરિજી મ. સા. ના સ્વર્ગારોહણ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ યોજવામાં આવેલ સ્વ. આચાર્ય દેવશ્રીને શોકાંજલિ અર્પવામાં આવેલ.

**ડભોઈ :** મુંબઇમાં પૂ. આ. દેવશ્રી વિજય લબ્ધિસૂરિજી. મ. સા. ના કાળધર્મના સમાચાર અત્રે મળતાં સકલ સંઘે આઘાત અનુભવેલ છે. પૂ. આચાય દેવ શ્રીમદ્ વિજયજંબૂસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં દેવવંદન કરવામાં આવેલ. પૂજા પણ ભણાવવામાં આવેલ.

**સિદ્ધપુર :** પૂ. આચાર્યદેવોશ્રીના થયેલ સ્વર્ગારોહણ નિમિત્તે શોકસભા રાખવામાં આવેલ.

**છોટાઉદેપુર :** પૂ. પાદ આચાર્યદેવોશ્રીના થયેલ સ્વર્ગારોહણના સમાચાર મળતાં ગામમાં હડતાલ પાડવામાં આવેલ. શોકસભા રાખવામાં આવેલ.

**પૂના :** પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી તથા પૂ. આ. શ્રી દાનસાગરજીના કાળધર્મ અંગે તે પૂણ્યાત્માઓને શ્રદ્ધાંજલિ અર્પવા શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ તથા અન્ય સંસ્થાઓ તરફથી શોકસભા યોજવામાં આવેલ. પૂ. આચાર્ય દેવોનાં જીવનને અંજલિ આપતાં ભાષણો થયા હતાં.

**ઈડર :** પૂ. જૈનાચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. ના કાળધર્મ પામ્યાના સમાચાર જાણી

અત્રેની પાંજરપોળ સંસ્થામાં શોકની લાગણી ફેલાયેલ અને શોકાંજલિ અર્પતો ઠરાવ પસાર કરવામાં આવેલ તેમજ સંઘમાં પણ શોકાંજલિ અર્પતો ઠરાવ કરવામાં આવેલ.

**જુન્નર :** પ. પૂ. આ. દેવશ્રી લબ્ધિસૂરીશ્વરજી મ. ના સ્વર્ગવાસ નિમિત્તે શ્રી મહારાષ્ટ્રિય જૈન વિદ્યાભુવને ઉંડો ખેદ દર્શાવેલ.

**વલ્લભીપુર :** પૂ. પાદ લબ્ધિસૂરીશ્વરજી મ. સા. કાળધર્મ પામતાં સવાલાખ મંત્રનો જાપ તથા પૂજા ભણાવવામાં આવેલ.

**મુંબઇ ( વિલેપાર્લે : )** પૂ. પં. શ્રી. કીર્તિવિજયજી ગણિવરની નિશ્રામાં પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મ. ના સ્વર્ગારોહણ નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ. આઠે દિવસ પૂજા, ભાવના તથા આંગીઓ રચવામાં આવલ.

**ચાણસ્મા :** પૂ. આ. દેવશ્રી લબ્ધિસૂરીશ્વરજી મ. સા. ના સ્વર્ગારોહણના સમાચાર મળતાં દેવવંદન, પાંચ દિવસ ઉત્સવ, પૂજા, પ્રભાવના, આંગી આદી કાર્યો થયા હતાં.

**રાજપુર :** અત્રે શેઠ નાગરદાસ જેઠાભાઇ તરફથી અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર મહોત્સવ ઉજવાયો તેમજ નવકારમંત્રના એકાસણા કરાવવામાં આવેલ. પૂ. આ. દેવશ્રી લબ્ધિસૂરીશ્વરજી મ. નાં સ્વર્ગારોહણ નિમિત્તે દેવવંદનાદિ થયેલ તેમજ પૂ. પં. શ્રી પદ્મવિજયજી મ.ના કાળધર્મ નિમીત્તે પૂજા વિ. ધાર્મિક ક્રિયાઓ થયેલ.

**ખંભાત :** પૂ. આચાર્ય દેવશ્રી લબ્ધિસૂરીશ્વરજી મ. મુંબઇ મુકામે સ્વર્ગવાસ પામતાં આ પ્રસંગને અનુલક્ષીને શાંતિસ્નાત્ર સમેત અષ્ટાન્હિકા મહોત્સવ પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. ની. નિશ્રામાં ઉજવવામાં આવેલ આઠે દિવસ પૂજા, આંગી, પ્રભાવના આદિ થયેલ.

**બોટાદ :** પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ બુદ્ધિસાગરજી-સૂરીશ્વરજી. મ. ની સ્વર્ગારોહણ તિથિ ઘણા જ ઠાઠથી ઉજવવામાં આવેલ. પૂ. મુ. શ્રી. ભાસ્કરવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી કંચનસાગરજી મ. ની નિશ્રામાં પર્યુષણ દરમ્યાન સારી તપશ્ચર્યા થયેલ.

**ભાભર :** પૂ. આ. દેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. ના સ્વર્ગારોહણના સમાચાર મળતાં પૂ. આ. શ્રીમદ્ વિજય શાંતિચંદ્રસૂરીશ્વરજી મ. સાથે સકલ સંઘે દેવવંદન કરેલ.

ચાતુર્માસ દરમ્યાન તપ-આરાધના સારી થઇ છે.


**તમારી કિંમતી ફાઉન્ટનપેનનું**
**આયુષ્ય લંબાવતી ઉત્તમ શાહી**

**હ રિ હ ર**

**ફ્લ્યુડ :** કિંમતી પેન માટે ઉત્તમ છે.
**શાહી :** લખવા માટે સુંદર છે.
**ગુંદર :** ઓફીસ વપરાશમાં કરકસરવાળો છે.

**દરેક વેપારીને ત્યાં મળશે.**

એજન્ટો તથા સ્ટોકીસ્ટો જોઇએ છે.

બનાવનાર : **હરિહર રીસર્ચ વર્કસ**
ઠે૦ માંડવી પોળ, **અમદાવાદ.**

યક્ષરાટ્ ઇષ્ટપ્રાપ્તિ યંત્ર

**શ્રી ઘંટાકર્ણ મહાવીર**

ત્રિરંગી ચિત્ર
પોસ્ટેજ સાડું ૨૫ ન. પૈસા
૭½"×૧૦"
કિંમત ૫૦ ન. પૈસા

આધિ-વ્યાધિ-ઉપાધિ
તાત્કાલિક દૂર કરવા જાતેજ
ચમત્કાર અનુભવી લો

**શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**
બુક સેલર્સ અને પબ્લીશર્સ
કીકા સ્ટ્રીટ-ગોડીજી ચાલ-મુંબઇ ૨.

**પૂનાસીટી:** પૂ. પં. શ્રી રંજનવિજયજી ગણિવર આદિની નિશ્રામાં શ્રીમદ્ જિતવિજયજી મ. સા. ની સ્વર્ગારોહણ તિથી ભવ્ય રીતે ઉજવાયેલ. બાર અંગના તપમાં આરાધકો જોડાયા હતા. આયંબિલ પૂર્વક નવલાખ નવકાર મંત્રનો જાપ કરાવવામાં આવતાં લગભગ ૯૦૦ વ્યક્તિ જોડાયેલ.

**વલસાડ:** અત્રે ઘોઘારી જૈન પાઠશાળાની છ માસિક પરિક્ષા લેવાતાં ૯૩ ટકા પરિણામ આવેલ છે. ધારશીભાઇ નાગરદાસ શાહના પ્રમુખસ્થાને ઈનામી સમારંભ યોજાયેલ.

**જામનગર:** ડેલાવાળા પૂ. મુ. શ્રી ભદ્રંકરવિજયજીની નિશ્રામાં તપ જપ સારા થયા છે. વૈરાગ્ય કલ્પલતા ગ્રંથ અને સમરાદિત્ય કેવલી ચરિત્ર વાંચવામાં આવે છે.

**બલ્લારી:** પૂ. પં. શ્રી શુભંકરવિજયજી મ. ની નિશ્રામાં સંઘમાં ખૂબજ શાસન પ્રભાવના થયેલ. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમ તપની આરાધનામાં ખૂબ જ ઉત્સાહ હતો. શ્રી ભગવતિસૂત્રનો વરઘોડો ૧૦૮ આયંબિલપૂર્વક કાઢવામાં આવેલ. શ્રી પચરંગી તપ, શ્રી સ્વસ્તિક તપની આરાધના સુંદર પ્રમાણમાં થવા પામેલ દરેક તપ-જપમાં લોકો ઉત્સાહથી ભાગ લે છે.

**સુરત:** ગોપીપુરા જૈન ઉપાશ્રયે બિરાજતાં પૂ. આ. મ. વિજ્ઞાનસૂરીશ્વરજી મ. પૂ. કસ્તુરસૂરીશ્વરજી મ. આદીની નિશ્રામાં અત્રે એકલાખ નવકાર મંત્રનો જાપ કરવામાં આવેલ. લગભગ ૧૩૦૦ આરાધકોએ ભાગ લીધેલ. શ્રી શાંતિનાથ ભગવાનને ૧ લાખ ફુલની આંગી કરવામાં આવેલ. દેવવંદન, સ્નાત્રપૂજા, જ્ઞાન દર્શન ચારિત્રની રચના તથા પૂજા કરવામાં આવેલ ધર્મની પ્રભાવના સારી થવા પામેલ છે.

પેસાબની પથરી અને હાડકાનાં સર્જન તથા સ્પેશ્યાલીસ્ટ. જૈન સાધુ-સાધ્વીઓને વીઝીટ ફી વગર સેવા કરવા ગમે ત્યારે બોલાવો.

**શ્રી ડો. ઘેવરચંદ રૂપચંદ નાહટા. M.S.**
સુપ્રીન્ટેન્ડેન્ટ, એસ. કે. પાટીલ આરોગ્યધામ,
મલાડ-ઇસ્ટ મુંબઈ-૬૪

## ધન્ય બાળ તપસ્વીઓ !



સીકન્દ્રાબાદમાં કુમારી જયશ્રી જેની ઉંમર ૬॥ વર્ષ છે તેણે ૬ આયંબિલ તથા કુમારી ભારતીએ જેની ઉંમર વ. ૮ છે તેણે ઓળી કરેલ છે.

**સાબરમતી:** અત્રે પૂ. ઉ. શ્રી મેરૂવિજયજી મ.ની નિશ્રામાં તપશ્ચર્યા સારી થવા પામેલ છે. તેમજ પાઠશાળાનો મેળાવડો શ્રી પુનમચંદ જેસાજીના પ્રમુખપણા હેઠળ યોજવામાં આવતાં તેઓએ રૂા. ૪૩૧ ભેટ આપેલ. દિવાળી બાદ શુભ મુહૂર્તે ઉપધાન તપ કરવાનું નક્કિ કરવામાં આવેલ છે.

**ખીવાન્દી:** વિશ્વશાંતિ માટે ૩૦૦ આયંબિલ તથા દોઢ લાખ નવકાર મહામંત્રનો જાપ કરાવવામાં આવ્યો હતો. વિશ્વશાંતિની ભાવનાને લઇને મહિનામાં બેચાર વખત સામુદાયિક જપ-તપ કરવાનું નક્કિ થયેલ છે.

**ખંભાત:** ગીમટીમાં હાલમાં બંધાયેલ નૂતન મહાવીરસ્વામિ ભગવાનના જિનાલયમાં ભગવાનના પ્રવેશ મહોત્સવ અંગે ગાંધી રતિલાલ ચુનિલાલ અને મહોલ્લાવાળા તરફથી ઉત્સવ કરાયેલ. પ્રવેશ મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ. અભિષેક કર્યા બાદ બે કલાક અમીઝરણાં થયા હતાં. જૈન જૈનેતરો આ જોવા ટોળાબંધ આવતા હતા. દરરોજ પૂજા, ભાવના આંગી ઈ. થતાં હતાં. એક સાધર્મિક ભોજન સમારંભ પણ યોજવામાં આવ્યો હતો.

**વિસનગર :** પૂ. પ્રવર્તક શ્રી કનકવિમળજી મ. આદિ ઠાણાની નિશ્રામાં અગીયાર અંગનો તપ કરાવતાં તેમાં ૪૦ ભાઇબહેનોએ ભાગ લીધેલ.

**નવાડીસા :** પૂ. મુ. શ્રી ગુણાનંદવિજયજી મ. ની નિશ્રામાં નવકારમંત્રના જાપમાં લગભગ ૨૫૦ આરાધકોએ ભાગ લીધો હતો. પૂજા, ભાવના સારા થયા હતાં.

**ખંભાત :** શ્રી તપગચ્છ અમર સાંકુબાઈ જૈન પાઠશાળાની શ્રી કેશરીચંદ સોમચંદભાઇ ચોકસીએ બે દિવસ મુલાકાત લઇ બાળકોને સુંદર ઉપદેશ આપેલ, શાળાના બાળકોને તીર્થસ્થાનોએ યાત્રાર્થે લઇ જવાના હોઇ, ખુટતી રકમ તેઓશ્રી તરફથી આપવામાં આવેલ. ત્યારબાદ બાળકોને શ્રી તારંગાજી, પાનસરજી, વ. સ્થળોએ યાત્રાએ લઈ જવામાં આવેલ. આ ઉપરાંત શ્રાવિકાશાળા તેમજ મંડળની બહેનો લગભગ ૪૫ ની સંખ્યામાં કચ્છ ભદ્રેશ્વરજી તેમજ શત્રુંજયતીર્થની યાત્રાએ ગયા હતા.

**ભાવનગર :** શ્રી જૈન ધાર્મિક શિક્ષણ મંડળ તરફથી લેવાયેલ ધાર્મિક પરિક્ષામાં ઉત્તીર્ણ થયેલા બાલક-બાલિકાઓને પારિતોષક આપવાનો મેળાવડો શ્રીયુત અમૃતલાલ કાળીદાસ શાહ, જજ સાહેબના પ્રમુખસ્થાને યોજાયેલ. તેઓશ્રીના હસ્તે લગભગ રૂ. ૮૦૦)નું ઇનામ વિતરણ તથા પારિતોષક, પ્રમાણપત્રો આપવામાં આવેલ. પ્રતિષ્ઠિત ગ્રહસ્થો તથા શ્રાવક-શ્રાવિકાઓની હાજરી સારા પ્રમાણમાં હતી.

**બીલીમોરા :** પૂ. યોગનિષ્ઠ આ. દેવ શ્રી કેશરસૂરીશ્વરજી મ. સા ની ૩૧ મી સ્વર્ગારોહણ તિથિ પૂ. પં. શ્રી ચંદ્રવિજયજી મ. સા. ની નિશ્રામાં ઉજવવામાં આવેલ. પૂજા, ભાવના થયેલ.

**જુનાડીસા :** પૂ. મુ. શ્રી જયવર્ધનવિજયજી મ. આદિની નિશ્રામાં અત્રે ધાર્મિક આરાધના થયેલ. ૩૭ પૌષધ, નવકારનો અખંડ જાપ ઇ. સારા પ્રમાણમાં થવા પામેલ. પૂ. સા. શ્રી મનહરશ્રીજીના ઉપદેશથી બહેનોએ વર્ધમાન તપના પાયા નાખ્યા છે. પૂ. આ. દેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. ના કાળધર્મ નિમિત્તે સકલ સંઘે દેવવંદન કરેલું.

**મહેસાણા :** શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પારિતોષક આપવાનો સમારંભ પૂ. ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મ. ની નિશ્રામાં યોજવામાં આવેલ. મંગલાચરણ બાદ જુદા જુદા વકતાઓએ પોતાનું વકતવ્ય રજુ કરેલ. રાવબહાદુર શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશીભાઈના શુભ હસ્તે રૂ. ૨૦૦) ના ઇનામો આપવામાં આવેલ. મહામંગલ નવકારની આરાધના ૧૨ વિદ્યાર્થીઓએ નવદિવસ સુધી આયંબિલ સાથે કરેલ હતી.

**લુણાવા :** અત્રે બિરાજતાં પૂ. ઉ. શ્રી ધર્મવિજયજી ગણિવરની નિશ્રામાં ચાતુર્માસની આરાધના સારી થયેલ છે. સમરાદિત્યકેવલી ચરિત્ર વંચાય છે. પૂ. શ્રી ના ઉપદેશથી નવકાર મંત્રની આરાધનામાં આબાલવૃદ્ધો જોડાયા હતાં જેની સંખ્યા ૪૦૦ ઉપર થવા પામેલ.

**નાર :** અહિં પટેલભાઇઓ જૈન ધર્મ પાળે છે. તેમાં આગેવાન ધર્મનિષ્ઠ ભાઇશ્રી નારણભાઇ મનોરભાઇનું સમાધિપૂર્વક અવસાન થતાં શ્રી સંઘે દુઃખની લાગણી અનુભવેલ છે. સ્વ. ને જૈનધર્મમાં ખૂબ જ રસ હતો. તેઓ જૈનધર્મના ધુરંધર આચાર્યશ્રીના પરિચયમાં પણ આવેલ હતાં. અને તત્ત્વજ્ઞાનના અભ્યાસી હતા. શાસનદેવ તેમના આત્માને શાંતિ આપો !

**ભામોદરા મોઠા :** અત્રેના નૂતન દેરાસરજીમાં ધાતુના પ્રતિમાજી બિરાજમાન કરવાનો ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ. પૂજા, આંગી, શાંતિકળશ વરઘોડો ઇ. ઠાઠથી થયેલ. શ્રીફળની પ્રભાવના તથા સાધાર્મિક વાત્સલ્ય પણ થયેલ.

**ફલોદી :** પૂ. મુ. શ્રી ધરણેન્દ્રસાગરજી મ. ને અઠ્ઠાઇ તપ હોવાથી તે નિમિત્તે ધામધૂમથી અઠ્ઠાઈ મહોત્સવ ઉજવવામાં આવેલ. શાંતિસ્નાત્રમાં જૈન-જૈનેતરોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. રાજસ્થાનના મુખ્ય મંત્રી શ્રી સુખડીયા પધારતાં તેઓનું માનભર્યું સ્વાગત કરવામાં આવેલ મંત્રીશ્રીએ સંતોષ વ્યકત કરેલ.

**જેસર :** પૂ. મુનિશ્રી કસ્તુરસાગરજી આદિ ઠાણાની નિશ્રામાં શેઠ શ્રી જગજીવનભાઇના સ્વર્ગવાસ નિમિત્તે

પંચાન્હિકા મહોત્સવ રચવામાં આવેલ. દરરોજ પૂજા, આંગી. વ. થતા હતાં. જૈન-જૈનેતરો સારો લાભ લ્યે છે.

**પાડીવ :** અત્રે ચાતુર્માસ બિરાજતાં મુનિરાજ શ્રી કાન્તિવિજયજી આદિ ઠાણાની સાન્નિધ્યમાં અગિયાર ગણધરનો તપ કરાવતાં ૯૦ આરાધકોએ ભાગ લીધેલ. વિશ્વશાંતિ માટે આયંબિલ તથા જાપ કરવામાં આવેલ.

**ચુડા :** મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મ. ની નિશ્રામાં મુનિ શ્રી શુભંકરવિજયજી મ. વ્યાખ્યાનમાં ઉપદેશપ્રાસાદ અને યુગાદિદેશના દરરોજ વાંચે છે. જનતા સારો લાભ લ્યે છે.

**નડીયાદ :** જૈન પાઠશાળાનો મનોરંજન કાર્યક્રમ શ્રી ડૉ. સી. એ. શાહના પ્રમુખપદે યોજવામાં આવેલ. તે પ્રસંગે ઉદાર સખાવતો પાઠશાળા માટે આપવામાં આવેલ. પૂ. મુનિરાજ શ્રી કૈવલ્યવિજયજી મ. આદિ ઠાણાની નિશ્રામાં અત્રે સંઘમાં આનંદ પ્રવર્તે છે.

**ઝેરડા :** ધર્મના સંસ્કારથી અજ્ઞાન અને પછાત એવા આ ગામમાં પૂ. મુનિરાજ શ્રી સંયમવિજયજી મ.ની નિશ્રામાં પર્યુષણા દરમ્યાન સારી તપશ્ચર્યાઓ થયેલ. આજુબાજુના ગામમાંથી લોકો સારી સંખ્યામાં આવતા હતાં. ત્રણ-સ્વામિ વાત્સલ્ય થયા હતા. ધર્મ પ્રભાવના જીવદયા ઇ. કાર્યો થયેલ છે.

**થરા :** દર્શન દોલત જૈન પાઠશાળાના શિક્ષક શ્રી હસમુખલાલે પર્યુષણા પર્વની આરાધના કરાવતાં તપસ્યા તથા આરાધના સારી થયેલ. પાઠશાળાના બાલક બાલિકાઓનો મનોરંજન કાર્યક્રમ રાખવામાં આવેલ. ગામનો ઉત્સાહ સારો છે.

**અડાલ :** અકબર બાદશાહ પ્રતિબોધક શ્રીમદ્ વિજયહીરસૂરીશ્વરજી મ.ની સ્વર્ગારોહણ તિથિ ઉજવવામાં આવતાં, પૂ. મુ. શ્રી જયવિજયજી મ. આદિએ સ્વ.ના જીવન ઉપર રોચક શૈલીમાં પ્રકાશ પાડેલ.

**મનફરા :** પૂ. પં. શ્રી દીપવિજયજી ગણિવરની ૭૮ મી ઓળીનું પારણું થવાના નિમિત્તે લગભગ ૩૦ અઠ્ઠાઇ થવા પામેલ. પૂ. શ્રીના પારણા માટે ચઢાવો સારો થયો હતો. પૂ. શ્રીના વ્યાખ્યાનનો જૈન તેમજ જૈનેતર લોકો સારો લાભ લ્યે છે. ધર્મપ્રભાવના અનુમોદનીય છે.

**દેપલા :** પૂ. મુનિરાજ શ્રી મોક્ષાનંદવિજયજી મ.ની નિશ્રામાં પર્યુષણાપર્વની સુંદર આરાધના થયેલ. પૂ. શ્રીના ઉપદેશથી અત્રેના ક્ષત્રિય તાલુકદારો, જૈન ધર્મમાં જોડાયા છે. ધર્મની પ્રભાવના ખૂબજ સારી થયેલ છે તેનો પ્રત્યક્ષ પુરાવો!

**વલાદ :** પ. પૂ. આચાર્ય મ. વિજય ઉમંગસૂરિજી મ. તથા ઉ. શ્રી ઉદયરત્નવિજયજી મ. ની નિશ્રામાં આચાર્ય મ. શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મ.ની સ્વર્ગારોહણ તિથિ ધામધૂમથી ઉજવવામાં આવેલ. પૂ. શ્રીના જીવનના પ્રસંગો રજુ કરવામાં આવેલ. પૂજા પ્રભાવના વિ. થયા હતાં.

**બોરસદ :** પૂ. મુનિ શ્રી વિજયચંદ્રવિજયજી મ. આદિ ઠાણાની નિશ્રામાં પર્યુષણા પર્વ દરમ્યાન તપશ્ચર્યા તથા આરાધના થવા પામેલ છે. શ્રી ભાઇલાલ ચતુરભાઇ શેઠ તરફથી રૂા. ૧૦,૦૦૦ના ખર્ચે શ્રાવિકાનો ઉપાશ્રય બંધાવીને સંઘને અર્પણ કરવાનું જાહેર કરવામાં આવેલ છે. તપશ્ચર્યા નિમિત્તે એક દરજીભાઈ તરફથી રાત્રિ જાગરણ કરાવવામાં આવેલ. પર્વની આરાધના સારી થયેલ. પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.ના સ્વર્ગારોહણ નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ ઉજવવાનું નક્કિ થયેલ છે.

**પૂના :** ધન્ય અભ્યાસી! અત્રે બિરાજતાં પૂ. પં. શ્રી રંજનવિજયજી મ.ની શુભ નિશ્રામાં સંતોષકુમાર હજારીમલે નાની ઉંમરમાં ચાતુર્માસ દરમ્યાન પંચપ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, પાંચ કર્મગ્રંથની મૂળ ગાથાઓ કંઠસ્થ કરેલ છે. હાલ ૬ ઠ્ઠો કર્મગ્રંથ ચાલે છે. પર્યુષણા દરમ્યાન ચોસઠ પ્રહરી પૌષધ તથા યથાશક્તિ તપશ્ચર્યા કરેલ છે. આજે આવા સંસ્કારી બાળકોની સમાજને જરૂર છે! ધન્યવાદ!

**વરકાણા :** અત્રે શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલયમાં પર્યુષણા પર્વની આરાધના અસંત ઉત્સાહથી થયેલ છે. કલ્પસૂત્ર વાંચન, તપસ્યા ઇ. સારા પ્રમાણમાં થયેલ.

**ખંભાત** : ખંભાતમાં શ્રી તપગચ્છ અમર-સાંકુબાઇ પાઠશાળાની વાર્ષિક પરીક્ષાનું પરિણામ ૧૦૦ ટકા આવેલ. પાઠશાળાના વિદ્યાર્થીઓને ઈનામ આપવાનો મેળાવડો પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.ની નિશ્રામાં યોજાતા શેઠશ્રી રમણલાલ દલસુખભાઇ શ્રોફ તરફથી ઇનામો વહેંચવામાં આવેલ, શિક્ષકોનું યોગ્ય સન્માન કરવામાં આવેલ. પૂ. પં.જી મ.ની નિશ્રામાં પર્યુષણાપર્વની આરાધના તથા તપશ્ચર્યા સારી થયેલ છે.

**જુનાડીસા** : અત્રે જૈન કિશોરમંડળની સ્થાપના થયેલ છે. પર્યુષણા દરમ્યાન સારી સેવા બજાવેલ હતી.

**પાલીતાણા** : પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવરના સ્વર્ગવાસની પ્રથમ માસિક તિથી નિમીત્તે જૈન સોસાયટીના દેરાસરમાં શેઠશ્રી ચીમનલાલ કેશવલાલ કડીયા તરફથી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવેલ. આંગી ઇ. થયેલ.

**ગોંડલ** : વિશ્વશાંતિ અર્થે અત્રે બિરાજતાં પૂ. પં. શ્રી ભુવનવિજયજી ગણિવરની નિશ્રામાં સવાલાખ નવકાર મંત્રનો જાપ શરૂ કરવામાં આવેલ છે. દરેક ભાઇ બહેનોને આમા જોડાવવા સંઘ તરફથી વિનંતી કરવામાં આવે છે.

**મુંબઇ** : અત્રેની જીવદયા મંડળી મારફત પર્યુષણ દરમ્યાન ૯૨ જીવોને રૂા. ૩૫૨૭ના ખર્ચે બચાવવામાં આવેલ. આવા જીવદયાન કાયમાં દરેકે પોતાની યથાશક્તિ મદદ કરવી જોઇએ. જીવદયા મંડલીના ઉપપ્રમુખ ને જાણીતા જૈન આગેવાન વ્યાપારી શ્રી મગનલાલ એમ. શાહનું શોકજનક અવસાન થતાં, જૈન-જૈનેતર સમાજને ખૂબ જ દીલગીરી થઇ છે. સ્વ. શ્રીએ આંતરરાષ્ટ્રિય ધંધામાં ઝવેરી તરીકે ખુબ જ નામના મેળવેલ. તેમજ જૈન સમાજ તથા જીવદયા મંડળી સાથે તેઓ ખુબ જ સક્રિયપણે ભાગ લેતા હતાં. તેઓએ જીવદયા મંડળીના ઉપ-પ્રમુખ તરીકે જીવનની છેલ્લી પળ સુધી કાર્ય કરેલ છે. તેઓ અનેક સંસ્થાઓ સાથે જોડાયા હતાં.

**મુંબઇ** : અત્રે મુંબાદેવી સામે આવેલ શ્રી ક્રીષ્ણુ નિવાસમ શ્રી ખાંતિલાલ લાલચંદ શાહના પ્રયાસથી તેમના જ રૂમમાં પાઠશાળા શરૂ કરેલ છે. જગ્યાના અભાવે લોકોને જગ્યાની સગવડતા હોય તેઓએ જ્ઞાનની પરબ ખોલવા માટે તક ઝડપી લેવી જોઇએ, ઉપરોક્ત પાઠશાળામાં જૈન-જૈનેતર બાળકો અભ્યાસ કરે છે, પાઠશાળામાં દાખલ થવા માટે નિયમો છે. આવા ધર્મની અભિવૃદ્ધિ કરતાં કાર્ય માટે શ્રી ખાંતિભાઇના પ્રયત્નને ધન્યવાદ!

**ભાવનગર**-પૂ. આ. શ્રી. વિજયોદયસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પર્યુષણાપર્વની આરાધના સુંદર થઇ હતી, આરાધકોએ સારા પ્રમાણમાં ઉલ્લાસથી ભાગ લીધેલ દાદાસાહેબ જૈન ઉપાશ્રયમાં બિરાજતાં પં. શ્રી મનહર વિજયજી મ. ને ૯૫મી વર્ધમાન તપની ઓળી ચાલે છે. તેઓએ સિદ્ધિતપ ચઉવિહારો કરેલ અને છેલ્લા આઠ ઉપવાસને બદલે સોળભતુ થયેલ છે બાદ બે અઠ્ઠમતપ થતાં કુલ બે માસની તપશ્ચર્યા થઈ છે. ધન્ય તપસ્વી!

**અમદાવાદ** : અત્રે ખાનપુરમાં શેઠ શ્રી માણેકલાલ મનસુખભાઇના બંગલાની આસપાસ રહેતાં જૈન ભાઇઓને પર્યુષણાપર્વની આરાધના કરાવવા પૂ. નીતિપ્રભસાગરજી મ. શારીરિક દમની વ્યાધિ હોવા છતાં, આગ્રહભરી વિનંતીને માન આપી પધારેલ. ખૂબ જ ઉલ્લાસથી પર્વની આરાધના થયેલ.

**મુબઇ** : અત્રેની શ્રી અર્ધ શતાબ્દિ સ્વર્ગારોહણ સમિતિ તરફથી શ્રી મોહનલાલજી સ્મારક ગ્રંથ બહાર પાડવાનો હોય તે માટે લેખ, નિબંધ વ. કોઈપણ ભાષામાં વિદ્વાનોને મોકલી આપવા વિનંતિ થયેલ છે. વધારે વિગત માટે શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, C/o. શ્રી મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાયબ્રેરી, માધવબાગ પાસે-મુંબઇ ૪ ને પૂછાવવાથી મળી શકશે. સંસ્થા તરફથી તાજેતરમાં પાઠશાળા ખુલી મૂકાયેલ છે. તેમાં બાળકોને ધાર્મિક સંસ્કાર માટે મોકલવા વિનંતિ છે.

**મુંબઈ** : પૂ. આચાર્યદેવ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી શ્રી જૈન ધર્મશાળા અને જૈન ભોજનાલય માટે રૂા. સાડા ત્રણ લાખની રકમ ભરાઇ ગયેલ છે. હજુ રૂા. બે લાખથી અઢી લાખની

આ શુભકાર્ય માટે જરૂર છે. તો જૈન ભાઇઓને આ કાર્યમાં પોતાનો ફાળો મોકલવા વિનંતિ છે. નવી ધર્મશાળાનું શિલા સ્થાપન શ્રાવણ વદિ ૮ ના રોજ દાનવીર શ્રેષ્ઠિવર્ય શ્રીયુત્ માણેકલાલ ચુનીલાલ શાહના હસ્તે કરવામાં આવેલ છે.

**શ્રી નવકાર મંત્રનો પ્રભાવ**-સાલેમકોટથી ચાર માઇલ દૂર કોદરામ ગામે, શ્રી ભાવસાર જેસીંગલાલ મગનલાલ છેલ્લા છ માસથી બિમાર હતાં. અનેક ઔષધોપચાર કરવા છતાં પણ રોગ વધતો જતો હતો, જ્યારે હાલવા ચાલવાની શકિત ન રહી ત્યારે તેમણે શ્રી નવકાર મહામંત્રનું પૂર્ણ શ્રદ્ધાથી સ્મરણ શરૂ કર્યું, અને તે જાપના પ્રતાપે આજે તેઓને સારૂં થયું છે. ખરેખર, શ્રી નવકાર મંત્રનો પ્રભાવ અચિંત્ય જ છે!

**મુંબઇ**-શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રચારક મંડળની કાર્યવાહક કમીટી તા. ૧૪-૧૦-૬૧ના રોજ, મંડળના સ્થંભસમા આજીવન કાર્યકર શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલના દુઃખદ અવસાન પ્રત્યે દીલગીરીની લાગણી દર્શાવતો ઠરાવ પસાર કરવામાં આવેલ. તેઓશ્રીએ મંડળની પ્રગતિમાં આપેલ સેવાઓને અંજલિ આપવામાં આવેલ. શાસનદેવ! સ્વર્ગસ્થના આત્માને ચિરશાંતિ અર્પે.

**બૃહત્ શાંતિસ્નાત્ર મહોત્સવ :** દાદર-મુંબઈમાં પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરની શુભનિશ્રામાં સ્વ. પૂ. આ. મ. શ્રી વિજયલબ્ધિસૂરિશ્વરજી મ. ના સ્વર્ગારોહણ નિમિત્તે અઢાર અભિષેક અષ્ટાન્હિકા બૃહત્ શાંતિસ્નાત્ર મહોત્સવ સુંદર રીતે ઉજવાયેલ દરેક પ્રસંગ ખૂબ જ ધામધૂમથી ઉજવાયેલ તેમજ જિનેશ્વર ભગવંતોને ૭૮ હજાર પુષ્પોથી ભવ્ય અંગ રચના કરવામાં આવેલ. દરરોજ પૂજા, ભાવના થયેલ તેમજ ઘાટકોપરથી પૂ. આ. શ્રી વિજયલક્ષ્મણ સૂરિજી મ. માટુંગાથી પૂ. ઉ. કૈલાસસાગરજી ગણિવરશ્રી તથા લાલબાગથી પૂ. પં. શ્રી વિક્રમવિજયજી ગણિવર આદિ પધારતાં સંઘમાં ઉત્સાહ ખૂબજ હતો. પૂ. સ્વ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવરના કાલધર્મ નિમિત્તે જિનેંદ્ર રત્નત્રયી મહોત્સવ પણ સારી રીતે ઉજવાયેલ.

**કુઢર**-અત્રે ચાતુર્માસાર્થે બિરાજતાં પૂ. મુ. શ્રી વિભાકરવિજયજી મ.ની નિશ્રામાં, શ્રી શેઠ કચરાલાલ મલુકચંદભાઇ તરફથી શ્રી સિદ્ધચક્રની ઓળી તથા તપસ્વીઓને પારણા કરાવવામાં આવેલ. શ્રી સંઘના ભાઇઓ તરફથી નવે દિવસ પૂજા રાખવામાં આવેલ. ગામના પ્રમાણમાં આરાધના સારી થઇ છે.

**વડગામ**-પૂ. મુ. શ્રી સ્વયંપ્રભવિજયજી મ. આદિની નિશ્રામાં, શ્રી શેઠ રવચંદ રીખવચંદ તરફથી શ્રી સિદ્ધચક્રજી ભગવંતની ઓળીની આરાધના અઠ્ઠાઇ મહોત્સવપૂર્વક કરાવવામાં આવેલ તેમજ નવકારશી તથા પારણાં તેમના તરફથી કરાવવામાં આવેલ. તેમજ અત્રેના દહેરાસરની પ્રતિષ્ઠા પછી ૬૮ વર્ષે શાંતિસ્નાત્ર મહોત્સવ ભવ્ય ઠાઠથી ઉજવવામાં આવેલ. ટીપ, ઉછામણી સારા થયા છે. શ્રી મુક્તિ-સ્વયં આરાધના મંદિરનું કામકાજ દિવાળી બાદ શરૂ કરવામાં આવશે.

**એદલાબાદ :** (જી. બુલડાના) અત્રેનું દેરાસર બે વર્ષ પહેલા તાપીના પૂરના કારણે જીર્ણ થયેલ. ૧૫ ફૂટ પાણી અંદર પેસી ગયા હતાં. અમલનેરથી શ્રી રીખવચંદભાઇ આવતાં પરિસ્થિતિની તપાસ કરી કાર્યનો આરંભ કરેલ છે. રૂા. ૧૫,૦૦૦)નો અંદાજે ખર્ચ થશે. તો ધર્મ પ્રેમી ભાઇ-બહેનો પોતાથી શકય ફાળો મોકલી આપવા બનતું કરશે એવી વિનંતિ છે.

**બોરકુંડ :** અમદાવાદ દેરાસર જીર્ણોદ્ધાર કમીટી તરફથી દેરાસરનું કામ ચાલે છે. ગભારો ઇ. કામો થઇ ગયા છે. રકમની જરૂર છે, આશરે ૧૦૦ વર્ષ જુનું દેરાસર છે.

**૫૦૦ આયંબિલ પૂરા થયા :** ધંધુકા નિવાસી ઇંદુબહેન પુનમચંદ જેઓ ૧૮ થી ૨૦ વર્ષની વયના છે. તેમણે ૫૦૦ આયંબિલ શરૂ કરેલ. તે આયંબિલો નિર્વિઘ્નપણે પૂર્ણ થયા છે, આસો સુદિ ૧૦ના તેમને આયંબિલો પૂર્ણ થયેલ છે, પણ શ્રી શંખેશ્વરજી તીર્થની છાયામાં તેમની ભાવના પારણું કરવાની હોવાથી તેઓ કા. સુદિ પૂર્ણિમા પછી પારણું કરશે. તેમણે આયંબિલોની શરૂઆત પણ શ્રી શંખેશ્વરતીર્થની છત્ર-છાયામાં કરેલ.

**શિનોર :** નર્મદાનદીના પ્રચંડ પૂરને લઇને રેલ આવતાં તા. ૧૭ તથા ૧૮–૯–૬૧ના રોજ, નર્મદાના કીનારા ઉપર આવેલ જૈન ઉપાશ્રય તથા જિનાલયના રક્ષણાર્થે લાખોના ખર્ચે તૈયાર કરેલ વાડી તા. ૧૯–૯–૬૧ના સવારે ભયંકર ધડાકા સાથે ભાંગીને ભુક્કો થઇ ગયેલ છે, હોનારતથી વાડીને લગભગ ૬૦ થી ૭૦ હજાર રૂપિયાનું નુકશાન થયું છે.

**ભાવનગર :** શાંતિસ્નાત્ર માટેની જરૂરી ચીજોની છાપેલી યાદી ૦–૦૮ ન. પૈસાની પોસ્ટ સ્ટેમ્પ નીચેના સરનામે મોકલવાથી, મોકલવામાં આવશે. ઇન્દુલાલ મગનલાલ, રાધનપુરી બજાર–ભાવનગર.

**ઉપધાન તપ :** શ્રી જૈન શ્વેતાંબર સંઘ, લખનૌ તરફથી ઉપધાન તપની આરાધના કરાવવામાં આવશે. જેમાં પ્રથમ મુહૂર્ત આસો સુદ ૧૦ તથા બીજું મુહૂર્ત કારતક વદી ૧ નું છે. તો જે ભાઇ બહેનો જોડાવવા ઇચ્છતા હોય તેમણે, શ્રી આદિનાથ જૈન શ્વેતાંબર મંદિર, બહોરન ટોલા ચોક, લખનૌ (યુ. પી.) એ સરનામે જણાવવા વિનંતી છે.

(૨) પ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. (બાપજીના)ની નિશ્રામાં, ભોયણીતીર્થમાં ૨૦૧૮ના કારતક વદી ૧૧ થી ઉપધાન તપની આરાધના કરાવવામાં આવશે. તો જેઓ તેમાં જોડાવવા ઇચ્છતા હોય તેઓ પોતાના નામ, શ્રી શંખેશ્વર ભોયણી તીર્થની પેઢી, કાળુપુર, મનસુખભાઇની પોળ, અમદાવાદ એ સરનામે લખી જણાવવા વિનંતિ છે.

**શીરોહી :** અત્રે બિરાજતાં પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિની નિશ્રામાં સાડાબાર લાખ નવકાર મંત્રના જાપ સમૂહમાં થયા હતાં. ૨૧૦૦ આયંબિલો થયા હતાં. અરિહંત ભગવાનના સમૂહ જાપ સાથે ૫૦૦ આયંબિલ થયા હતાં. તેમજ અન્ય નાની મોટી તપશ્ચર્યાઓ થઇ હતી. પર્યુષણા પર્વની આરાધના સુંદર થવા પામેલ.

**કપડવંજ :** પૂ. મુ. ચંદ્રોદયસાગરજી મ. ની નિશ્રામાં શ્રી સમ્મેતશિખર તપની આરાધના થતાં આબાલવૃદ્ધ લગભગ ૩૫૦ આરાધકોએ ભાગ લીધેલ જપ-તપમાં જનતા સારો લાભ લઇ રહેલ છે. અત્રેની પાઠશાળાની પરીક્ષામાં કુલ ૧૦૮ પરિક્ષાર્થીઓ બેઠેલ હતાં.

**પત્રિકા મંગાવો :** પ્રાંતીય સરકારે જૈન મંદિરમાં જૈનેતરો માટે પ્રવેશ થાય તે માટે કાયદો ઘડેલ છે, જેની સામે હાઇકોર્ટમાં રીટ થયેલ છે. તેની નકલ ૦–૦૮ ન. પૈ. મોકલી નીચેના સરનામેથી મંગાવવા વિનંતિ કરવામાં આવે છે. દેરાસર ઇ. માં આ પત્રિકા ખાસ ચોડવા જેવી છે.

ઓનરરી પ્રધાન મંત્રી, મહાવીર જૈનસભા, વાયા લૂણી–મુ. માંડવલા. રાજસ્થાન.

**મહુડી :** અત્રેના તીર્થનો યાત્રાળુવેરો લેવા ગ્રામપંચાયતે ઠરાવ કરેલ તે ઠરાવ પાછો ખેંચવાથી વેરો બંધ કરેલ છે. કારખાનાના સંચાલકો જે જે લોકોએ હમદર્દી બતાવી છે તેમનો આભાર માને છે.

**મુંબઇ :** વર્તમાન ભૌતિક યુગમાં જ્ઞાન, દર્શન ચારિત્રના ધારક સાધુમહાત્માઓ એક માત્ર આશ્રય સ્થાન છે. આવા વિકટકાળમાં ગૃહસ્થાશ્રમમાં રહીને કેટલાક મહાનુભાવો આદર્શ શ્રાવક તરીકે આધ્યાત્મિક ઉચ્ચ ભૂમિકા જીવન ગાળી રહેલ હોય તેમજ જે સાહિત્યકારો સમ્યગ્દર્શન સમ્યગ્ચારિત્રને ઉત્તેજન આપે તેવું જ્ઞાન સમાજને ચરણે ધરી શાસન પ્રભાવના કરતાં હોય તેવા આત્માનું જાહેર સન્માન કરવું અતિ જરૂરી છે. આવા ધ્યેયથી પ્રેરાઇને મુંબઇની અગ્રગણ્ય વ્યકિતઓએ 'સાધના સન્માન સમિતિ'ની રચના કરેલ છે. તેમાં પ્રમુખ તરીકે દાનવીર શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ, ઉપપ્રમુખ તરીકે શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફ તથા દિગંબર સમાજના શેઠ શ્રી શ્રેયાંસ પ્રસાદ જૈન ઇ. નિમાયા છે.

## મુંબઇમાં દાન-ધર્મવીરોનું અપૂર્વ બહુમાન

મુંબઇ ગોડીજી ઉપાશ્રયમાં તા. ૨૨–૧૦–૬૧ના રોજ પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી, મુંબઇના કેન્દ્રસ્થ ગોડીજીના ૭ાા લાખના ખર્ચે તૈયાર થયેલ નૂતન ઉપાશ્રયના વિશાળ વ્યાખ્યાન હોલ માટે રૂ. ૭૧૦૦૧) ની ઉદાર અને માતબાર સંખાવત કરનાર મે. રતનચંદ જોરાજીની કું. વાળા વરધીચંદભાઈ તથા ખૂબચંદ

ભાઇનું પૂ. આચાર્યશ્રીની નિશ્રામાં શ્રી વિજયદેવસૂર સંઘ તરફથી બહુમાન કરાતાં શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલના શુભ હસ્તે અભિનંદન પત્ર અર્પણ થયેલ.

અધ્યક્ષસ્થાનેથી પૂ. આચાર્યદેવે ધર્મ-દાન-સુપાત્ર-ગુણી-ગુણ બહુમાન આદિ વિષયો પર ૦ાા કલાક મનનીય પ્રવચન આપ્યા બાદ આ ઉપાશ્રય ફંડની ૨-૨ાા લાખની પૂર્તિ માટે ઉપદેશ આપતાં શ્રી કલાવતીબેને ૧૦૦૧)ની જાહેરાત કરી હતી.

સમારંભમાં અનેક પ્રતિષ્ઠિત આગેવાનો અને વિશાળ જનસમુદાયની હાજરીથી સમગ્ર હોલ ચીકકાર ભરાઇ ગયો હતો.

આજનો પ્રસંગ એ ગોડીજી અને મુંબઇ માટે વિરલ પ્રસંગ હતો અને એ ચિરસ્મરણીય બની રહેશે.

**સાર્વજનિક દવાખાનું**-ખંભાત નિવાસી શેઠ રમણલાલ વનેચંદ તરફથી પોતાના સ્વ. સુપુત્ર ભાઇ વિનોદકુમારના પુણ્યસ્મરણાર્થે સાર્વજનિક દવાખાનાનું ઉદ્‌ઘાટન તા. ૧૮-૮-૬૧ના સવારે ૧૦ વાગ્યે અમદાવાદના મીલમાલિક શેઠ નવનીતલાલ શોધનના શુભહસ્તે જીરાલાપાડામાં થયેલ. આ પ્રસંગે અમદાવાદ, આણંદ ઇત્યાદિના આમંત્રિતો તથા ખંભાતના અગ્રગણ્ય નાગરિકોની હાજરી સારી સંખ્યામાં હતી. અનેક શુભેચ્છકોના સંદેશાઓ આવેલ. આ પ્રસંગે પંચકલ્યાણક મહોત્સવ તથા જૈનશાળાના વિશાળ હોલમાં પૂ. પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં સિદ્ધચક્રબૃહત્ પૂજન ખૂબજ ઠાઠથી ભણાવાયેલ. ખંભાતના આંગણે આ મહાપૂજન સર્વપ્રથમ હોવાથી લોકોનો ઉત્સાહ અવર્ણનીય હતો.

**અંજાર**-પૂ. પં. મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં જગદ્‌ગુરૂ આચાર્ય દેવ શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજશ્રીની સ્વર્ગારોહણ તિથિ ભાદરવા સુદિ ૧૧ ની ધામધૂમથી ઉજવાયેલ. વ્યાખ્યાનમાં પૂ. સૂરિદેવશ્રીના જીવનપર બોધક પ્રવચન થયેલ. આયંબિલની તપશ્ચર્યા સારી સંખ્યામાં થયેલ. બપોરે શ્રી અંતરાય કર્મનિવારણ-પૂજા ઠાઠથી ભણાવાયેલ.

**શ્રી નવકારમંત્રનો પ્રભાવ**-'કલ્યાણ'ના ગતાંક વર્ષ ૧૮ અંક ૮ના પેજ ૬૩૪ પર જે નવકારમંત્રના પ્રભાવને અંગે લખાણ પ્રસિદ્ધ થયું છે. તેમાં જે ગામનું નામ છપાયું છે. તે શરતચૂકથી છપાયેલ છે. નખત્રાણા (કચ્છ) ખાતે રહેતા વિજયાબેન હંસરાજ તેજપાલને અંગે તે હકીકત પ્રસિદ્ધ થયેલી છે. પ્રભુપ્રતિમાજીના સ્નાત્રજલથી તેમજ નવસ્મરણ અને નવકારમંત્રના પ્રભાવે તે બેનને ગળામાં થયેલી રસોલીની ગાંઠ ગળી ગઇ છે. એમ અમને મળેલા સમાચાર પરથી અમે તે રીતે પ્રસિદ્ધ કરેલ છે.




સિદ્ધિ સિદ્ધિ માટે
શ્રી ઘંટાકર્ણ મહાવીર
સર્વસિદ્ધિ મહાયંત્ર
કિંમત રૂા. ૧/- ત્રિરંગી ચિત્ર ૧૧"×૧૪" પોસ્ટેજ ૭૫ ન. પૈ.
નિયમિત પ્રાતઃકાળે ધૂપ દીપ આપી એનો ચમત્કાર જાતેજ અનુભવો
જેમાં વિશયંત્ર-નવગ્રહ-માણીભદ્રજી-બટુક ભૈરવ સોળ વિદ્યા દેવીઓ-પંચાંગુલી દેવી વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.
પ્રાપ્તિ માટે
શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
બુકસેલર્સ અને પબ્લીશર્સ
કીકા સ્ટ્રીટ-ગોડીજી ચાલ-મુંબઇ ૨.

**ભદ્રેશ્વરજીતીર્થની યાત્રાએ**–કચ્છ દેશમાં ભદ્રેશ્વરજીતીર્થ અતિપ્રાચીન તથા મહાપ્રભાવશાલી છે. બાવનજિનાલયોના ભાવ તથા રમણીય જિનાલયથી અતિસુશોભિત આ તીર્થ જૈન સમાજના બધા તીર્થો કરતાં વ્યવસ્થા તથા સ્વચ્છતાની દૃષ્ટિએ અતિ આકર્ષક તથા બેનમૂન છે. મૂળનાયક શ્રી મહાવીર સ્વામીજીનાં પ્રતિમાજી પણ શિલ્પ તથા સ્થાપત્યની દૃષ્ટિયે ચમત્કારી છે. (જે શ્રી સુદ્ધર્માસ્વામીજીના હસ્તે પ્રાતષ્ઠિત થયેલ છે.) ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ બેનમૂન છે. ગુજરાત, મહારાષ્ટ્ર, તથા રાજસ્થાન બાજુથી આવનાર યાત્રિકોને પાલનપુરથી રેલ્વે લાઇનમાં સગવડ રહે છે. વચ્ચે ભીલડીયાજીતીર્થની યાત્રા થઇ શકે છે. પાલણપુરથી ગાંધીધામ થઇને અંજાર સ્ટેશને ઉતરી જવાનું: અંજારમાં દેરાસર તથા ધર્મશાળા છે. અંજારથી સવારના ૧૦ વાગ્યે તથા બપોરના ૧૫ વાગ્યે ભદ્રેશ્વર જવાને માટે એસ.ટી.ની બસો મળે છે. ભદ્રેશ્વરગામની નજીક વસઇ તીર્થ તરીકે આપણું યાત્રાધામ પ્રસિદ્ધ છે. તેજ રીતે સૌરાષ્ટ્ર બાજુથી આવનાર યાત્રાળુઓ માટે રાતના ભાવનગર–નવલખીનો ડબ્બો શિહોર સ્ટેશને મલે છે. ટ્રેન સુરેન્દ્રનગર મોરબી થઇને નવલખી સવારે આવે છે. ને ત્યાં લોંચ તૈયાર હોય છે, તે ન્યુકંડલા ઉતરે છે, ત્યાંથી ભદ્રેશ્વર–વસઇની મોટર એસ. ટી. ની તૈયાર હોય છે. ૧૨–૩૦ વાગ્યે ઉપડી ભદ્રેશ્વર પહોંચાય છે, આ રીતે ભદ્રેશ્વરજી પહોંચવા માટે કચ્છના પ્રદેશમાંથી ભુજ, માંડવી, મુંદ્રાથી તેમજ ગુજરાત માટે ગાંધીધામ, અંજારથી અને સૌરાષ્ટ્ર માટે ગાંધીધામથી કુલ ૮ એસ. ટી. ની બસો આવે છે તે આઠ બસો જાય છે, માટે જૈન સમાજને ખાસ આગ્રહપૂર્વક નિવેદન કરવાનું કે, આવી મહાપ્રાચીન તથા ઐતિહાસિક તીર્થની યાત્રાનો મહામૂલ્ય લાભ લેવા ચૂકશો નહિ. આ તીર્થની યાત્રા જીવનમાં ખાસ કરવા જેવી છે. હવા પાણી સ્વચ્છ તથા તંદુરસ્ત છે. નૈસર્ગિક રમણીયતા અદ્દભૂત છે.

**જેસર** : અત્રે બિરાજતાં મુનિશ્રી કસ્તુરસાગરજી મ. ની નિશ્રામાં શ્રી નવપદજીની ઓળીનું સુંદર આરાધન થવા પામેલ, ઓળીમાં ગામના પ્રમાણમાં સારો ઉત્સાહ હતો. છેલ્લે દિવસે પારણા કરાવવામાં આવ્યા હતાં. દરરોજ શ્રીપાલ ચરિત્ર પૂજ્ય મુનિરાજ સુંદર શૈલીથી વાંચતાં હતાં.

**ધાનેરા** : શાશ્વતી ઓળીની આરાધના પૂ. મુ. શ્રી વિનિતપ્રભવિજયજી મ. ની નિશ્રામાં સુંદર થવા પામેલ છે. વ્યાખ્યાનમાં શ્રીપાલ ચરિત્ર વાંચવામાં આવતું હતું. આંગી પ્રભાવના સારા થયેલ. આરાધકોની સંખ્યા સારી થયેલ. શાહ મણિલાલ દાનસીંગભાઇએ શ્રી સિદ્ધચક્રજીનું યંત્ર ભવ્ય રીતે બનાવેલ જેનું જૈન–જૈનેતરભાઈઓમાં સારૂં આકર્ષણ હતું.

**દેસુરી** : પૂ. મુ. શ્રી રોહિતવિજયજી મ. ની શુભ નિશ્રામાં પર્યુષણ પર્વનું આરાધન ખૂબ જ સારી રીતે થયેલ. તપસ્વીઓને જુદા જુદા સ્થળે પારણાં કરાવવામાં આવેલ. તેમજ પચરંગી તપ આઠ વર્ષના બાળકથી માંડીને મોટી ઉંમરના ભાઇ બહેનોએ કરેલ. શ્રી શંખેશ્વરજીનો અઠ્ઠમ કરાવવામાં આવેલ.

**કુવાળા** : (બનાસકાંઠા) પૂ. સા. શ્રી કંચનશ્રીજી મહારાજે અત્રેની શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન પાઠશાળાની પરીક્ષા લેતાં, ૯૫ ટકા પરિણામ આવેલ. વિદ્યાર્થીઓને ઇનામ આપવાનો મેળાવડો આસો શુદ ૮ ના રોજ રાખવામાં આવેલ તેમજ પૂ. સાધ્વીશ્રીના ઉપદેશથી અમદાવાદવાળા શેઠ શ્રી કાલીદાસ અંબાલાલભાઇ તરફથી રૂા. ૧૩૦ ના ઇનામ વહેંચવામાં આવેલ પાઠશાળાના શિક્ષક રમણિકભાઇનું સન્માન કરવામાં આવેલ. શ્રી નવપદજીની ઓળીમાં ૨૩ બહેનોએ આરાધના કરેલ છે.

**સીકન્દ્રાબાદ** : આ વર્ષે શેઠ શ્રી ગાઠમલ પ્રેમરાજજી બાઠીયા તરફથી શ્રી નવપદજીની ઓળી કરાવવામાં આવેલ. તેમજ પારણાં પણ કરાવવામાં આવેલ. નવે દિવસ સ્નાત્રપૂજા તથા વ્યાખ્યાન થયેલ. શ્રી જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળાની આસો શુ. ૩ ના દિવસે શ્રી નરેશભાઇ શાહ તથા સરોજબહેને પરિક્ષા લીધેલ.

**ખરેડ** : અત્રે બિરાજતાં પૂ. મુ. શ્રી. માનતુંગવિજયજી મ. ની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન

સુંદર આરાધના થયેલ છે. અત્રે સંઘમાં શ્રી માનતુંગવિજયજી બાળસમાજની સ્થાપના કરવામાં આવેલ છે. તદુપરાંત શ્રી જીવદયા પ્રેમી મંડળ તથા શ્રી સત્યધર્મ સેવા સમાજની સ્થાપના કરવામાં આવેલ છે. પર્યુષણા દરમ્યાન સુંદર આરાધના થયેલ. શ્રી એચરદાસભાઈએ અઠ્ઠાઈ કરેલ. તેમના નિમિત્તે ઓળી દરમ્યાન શ્રી અષ્ટાન્હિકા મંગળ મહોત્સવ સારી રીતે ઉજવાયો છે.

**બારસી** : પૂ. મુ. શ્રી લલિત વિજયજી મ. તથા તપસ્વી મુનિરાજ શ્રી મહોદયવિજયજી મ. આદિની નિશ્રામાં શ્રી નવકાર મહામંત્રની આરાધના અતુલ ઉત્સાહથી થયેલ પૂ. પાદ આચાર્ય દેવશ્રી વિજયલબ્ધિસૂરિજી તથા પૂ. દાનસાગરસૂરી મ.ના સ્વર્ગારોહણ નિમિત્તે દેવવંદન તથા પૂજા આંગી રચાયેલ હતી.

**ભવરાની** : (રાજસ્થાન) પૂ. મુ. શ્રી લક્ષ્મીવિજયજી મ. આદિની નિશ્રામાં શ્રી નવપદજીની ઓળીનું સુંદર આરાધન થવા પામેલ હતું. વ્યાખ્યાનમાં શ્રીપાલ ચરિત્ર વાંચવામાં આવતું. તેમજ પુનમને દિવસે નવપદજીની પૂજા ધામધૂમથી ભણાવવામાં આવેલ. તપસ્વીઓને પારણાં શ્રી સોનરાજજી રીખબચંદજી તરફથી કરાવવામાં આવેલ તેમજ સ્વામિવાત્સલ્ય શ્રી કોઠારી છગનરાજજી ચુનાજી તરફથી કરાવવામાં આવેલ.

**પાલણપુર** : શ્રી આલમચંદજી જૈન પાઠશાળા તથા શ્રી પારી શાંતિલાલ છોટાલાલ જૈન શ્રાવિકાશાળાનો વાર્ષિક ઇનામ સમારંભ પૂ. આ. શ્રી. વિજયન્યાય સૂરીજી મ.ની નિશ્રામાં યોજાયો હતો. જજ સાહેબ શ્રી જેસીંગલાલ ચુનીલાલભાઈના હસ્તે રૂા. ૪૦૦ના ઇનામો વિજેતાઓને આપવામાં આવેલ. તેમજ શ્રી વિજય વલ્લભસૂરીજીના ગુણાનુવાદ એ વિષય ઉપર વકતૃત્વ હરીફાઈ રાખવામાં આવેલ, તેમાં પાઠશાળાના વિદ્યાર્થી શ્રી શ્રેણીકકુમાર ચુનીલાલ ચોકસીએ રૂા. ૧૦ નું ઇનામ મેળવેલ.

**ચાંગા**–(બનાસકાંઠા) પૂ. મુ. શ્રી સુપ્રભવિજયજી આદિની નિશ્રામાં શ્રી શાહ ખુબચંદ મૂળચંદભાઈ તરફથી આસો માસની ઓળી કરાવવામાં આવેલ. તેમાં લગભગ ૧૫૦ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. તેમજ આસો શુદ ૧૫ દિવસે નવકારશી-શાંતિસ્નાત્ર તથા એક છોડનું ઉજમણું કરવામાં આવેલ. જલજાત્રાનો વરઘોડો નીકળેલ તથા તપસ્વીઓને પારણા કરાવવામાં આવેલ. દરરોજ પૂજા, આંગી, રોશની ભાવના સારા થતા હતાં.

**કુંભાસણ** : અત્રેના શ્રી લક્ષ્મીચંદ મગનલાલ ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન, સંઘની વિનંતીથી ગઢથી આવેલ પૂ. મુ. શ્રી ત્રૈલોકયસાગરજી મ. તથા પૂ. મુ. શ્રી અશોકસાગરજી મ.ની નિશ્રામાં થયેલ. બપોરે સિદ્ધચક્ર પૂજા ઠાઠથી ભણાવવામાં આવેલ સાંજે શ્રી સંઘ તરફથી નવકારશી રાખેલ. ડૉ. ધુડાલાલ ભાઈએ પાઠશાળા માટે એક કલાક સેવા આપી જ્ઞાનભક્તિ દર્શાવેલ છે.

**જીવદયાના કાર્યમાં સાથ આપો** : ઘોડનદી (પૂના)ની જીવદયા મંડળી, પુના જિલ્લામાં આવેલ ગામોમાં જીવદયાનો પ્રચાર કરી, હિંસા બંધ કરાવવા પ્રયત્ન કરે છે. તો તેમાં દરેક ભાઈ-બહેનોને અવસરે યોગ્ય મદદ કરવા વિનંતી કરવામાં આવે છે.

---


માળા, સાપડા, ઠવણી, બટવા વગેરે

**ખાસ પ્રભાવના માટે**

## રેડીયમ તથા પ્લાસ્ટીકના

**પ્લાસ્ટીકનો સેટ જેમાં સ્થાપનાચાર્ય, સામગ્રી માળા, બોકસમાં તૈયાર મળશે. મૂલ્ય ... વધુ માટે મળો અગર લખો :–**

**સુનલાઇટ પ્રોડકટસ**

**૫૮/૬૭ ... સ્ટ્રીટ—મુંબઇ-૩**


---


**કલ્યાણ માસિકના આજેજ ગ્રાહક બનો.**

**વાર્ષિક લવાજમ રૂા. ૫-૫૦.**

જીવન ઝરમર-મુંબઇ ખાતે તાજેતરમાં જેમનો સન્માન સમારંભ ભવ્ય સમારોહપૂર્વક ઉજવાયો. તે આધ્યાત્મિક ચિંતક શ્રી ઋષભદાસજી જૈન રાજસ્થાનના શિવગંજ ગામના વતની અને મદ્રાસમાં તેઓ રહે છે. અનેક પૂ. પાદ આચાર્યદેવાદિના પરિચયથી તેમનમાં આધ્યાત્મિક ચિંતનશક્તિ, શ્રી નવકારમંત્ર પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા પ્રગટેલ છે. તેઓ સારા ચિંતક તથા વક્તા છે. મદ્રાસથી દશ-બાર માઇલ દૂર પુડલતીર્થમાં દિવસના લગભગ ૬-૮ કલાક. તેઓ સમાધિ-ધ્યાન તથા ચિંતનમાં ગાળે છે. મદ્રાસમાં તેઓ અનેક ધર્મપ્રવૃત્તિઓના પ્રાણ છે. ને પ્રવર્તક છે. તે જ રીતે સન્માન સમારંભમાં જેમને સન્માન અપાયું તે આધ્યાત્મિક નવલકથાકાર વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી મૂળ રહેવાશી ગુજરાત પાટણના વિશાપોરવાડ જૈન, કર્મભૂમિ તેઓની રાષ્ટ્ર છે ઐતિહાસિક કથાપાત્રોનું પ્રામાણિકપણે આલેખન કરનાર ભાઇશ્રી ધામીની પ્રતિભા, પ્રજ્ઞા તથા શૈલી શુદ્ધ, સાત્વિક તથા સંસ્કારશીલ છે. તેઓ વ્યવસાયે વૈદ્ય હોવા છતાં સંસ્કારશીલ સાહિત્યકાર છે. પ્રતિષ્ઠા કે ધનોપાર્જનના માટે જેમને કોઇ ઝંખના નથી એવા આ શાંતવિચારક તથા લબ્ધપ્રતિષ્ઠ લેખક ભાઇ ધામીની લેખનશૈલી ચમત્કારપૂર્ણ અને ઇતિહાસનાં વાતાવરણને સ્પર્શીને પ્રામાણિકપણે પાત્રોને વિકસાવે છે. તેઓ ભૂતકાલીન સંસ્કૃતિની યશસ્વી ગૌરવકથાઓને પોતાની લેખિની દ્વારા આલેખીને સંસાર સમસ્તને મંગલમાર્ગનું ઉદ્બોધન કરે છે. સાહિત્ય ... ભાવનાપૂર્ણ શ્રદ્ધેય તથા ગૌરવભર્યું છે.

તેમની નવલકથાઓને એક વખત વાંચ્યા પછી વારંવાર વાંચવાનું દિલ થાય છે, ઓજસ્વી શૈલી, સુમધુર ભાષા, અસાધારણ કાવ્યમય ગદ્ય એ તેમની લેખન કળાની અદ્‌ભૂતતા છે. તેઓ કળાદ્વારા ત્યાગ, તપ, જ્ઞાન વૈરાગ્ય, સંયમ, શૌર્ય, ક્ષમા, સમર્પણ આદિ સંસારનાં મંગલતત્ત્વોની પ્રભાવના કરી રહ્યા છે. તેને માટે તેમની કલાસિદ્ધિને અભિનંદન ઘટે છે. તેઓની મગધ નવલગ્રંથાવલી તથા બીજી ઐતિહાસિક નવલકથાઓ. રૂપકોશા ભા. ૧-૨ મગધેશ્વરી ભા. ૧-૨-૩, બંધનતૂટયાં, ભા. ૧-૨-૩, સિદ્ધવૈતાલ ભા. ૧-૨-૩ ઉંચો ગઢ ગિરનાર, ભા. ૧-૨ કુળવધૂ, નટરાજ ભા. ૧-૨, વિશ્વાસ, રાજદુલારી, પાયલબાજે ભા. ૧-૨ ગૌરી ધીરે ચલો ભા. ૧-૨ આ બધી નવલકથાઓ અંતે વાચકવર્ગને ત્યાગ, તથા વૈરાગ્યના માર્ગ તરફ વાળે છે. તેઓ આજે છ વર્ષ થયા 'કલ્યાણ' માસિકમાં અગ્રલેખ તથા ચાલુ કથા પોતાની રસમય શૈલીમાં આલેખી રહ્યા છે, તેમના અગ્રલેખ દ્વારા સમાજ તથા દેશના અનેકવિધ પ્રશ્નોની મનનીય મીમાંસા રજૂ થાય છે. 'કલ્યાણ'ના હજારો વાચકોનાં દિલ તેઓનાં લેખો તરફ આકર્ષાય છે. તાજેતરમાં 'મંત્રપ્રભાવ' નામની ચાલુ ઐતિહાસિક કથા તેઓ શરૂ કરશે. જે 'કલ્યાણ'ના વાચકોનાં દિલને અનેકવિધ અદ્‌ભૂત પાત્રોનાં સર્જનદ્વારા નિઃશંક આકર્ષશે એ નિશ્ચિત છે.


## શ્રી દશાપોરવાડ સોસાયટી જૈન ઉપકરણ ભંડાર.

[અમદાવાદ. ૭]

જૈન જનતાને ધર્મસાધનામાં ઉપયોગી એવી તમામ વસ્તુઓ અમારા ત્યાંથી કીફાયત ભાવે મળશે. વસ્તુઓ સારી અને સસ્તી ખરીદવા માટે અમારી સાથે પત્ર વ્યવહાર કરો. અથવા રૂબરૂ મળો.

**વસ્તુઓનાં નામઃ** કેસર, સુખડ, સોના-ચાંદીના વરખ, બાદલો, અગરબત્તી કટાસણાં ચરવળા, સુપડી સાવરણીઓ...વગેરે.

સરનામું : જૈન ઉપકરણ ભંડાર, 'મુક્તિદ્વારા' દશાપોરવાડ જૈન સોસાયટી. : **અમદાવાદ ૭**

**તા. ક:-વિ. સં. ૨૦૧૬ ની સાલના જૈન ડાયરી-પંચાગ અમારા ત્યાંથી મળશે. કિંમત ચાર આના પંચાગ ઘણીજ માહિતીથી ભરપૂર છે.**

## આગામી અંકથી શરૂ થાય છે

પ્રતિજ્ઞા અને શ્રી નવકારમંત્રના પ્રભાવની ઉજ્વલ સુરેખ તથા
ભવ્ય છબી દર્શાવતી રસભરી જૈન ઐતિહાસિક નવલકથા

# મં. ત્ર. પ્ર. ભા. વ

મહાગૂજરાતના સુપ્રસિદ્ધ સાહિત્યકાર, સિદ્ધહસ્ત લેખક ને સાક્ષર શિરોમણિ વૈદ્યરાજ શ્રી મોહનલાલ ધામી, પોતાની અદ્ભુત, અનોખી ને વિશિષ્ટ શૈલીમાં 'કલ્યાણ' ના વાચકો સમક્ષ સાદર રજૂ કરશે.

આ રસભરી વાર્તાનો રસભંગ ન થાય માટે 'કલ્યાણ' ના અંકો આપને નિયમિત મલે તેવી વ્યવસ્થા આપ કરી લેશો અથવા 'કલ્યાણ' ના વાર્ષિક ગ્રાહક બની 'કલ્યાણ' ની કલ્યાણયાત્રામાં આપ આપનો સહકાર અવશ્ય આપતા રહેજો !

મેનેજર : શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર
વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)

## માત્ર જુજ નકલો શીલકમાં રહી છે

# કથારત્ન મંજૂષા—ભા. ૨

## 'ધન્ય ચરિત્રનું રૂપાંતર'

સુમધુર તથા અદ્ભુત કથાઓનો સુંદર સંગ્રહ

સંપાદક-યોજક : પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરશ્રીના
શિષ્યરત્ન પૂજ્ય મુનિરાજ શ્રી **મહિમાવિજયજી મહારાજ**

ક્રા. ૧૬ પેજી ૩૩૬ + ૪૪ – ૩૮૦ પેજ : દ્વિરંગી જેકેટ, પાકું બાઈન્ડીંગ
મૂલ્ય રૂા. ૩ (પોષ્ટેજ ૪૧ ન. પૈ. જુદું)
પ્રથમ ભાગ હવે સીલકમાં રહ્યો નથી માટે મંગાવનારે તે માટે તસ્દી લેવી નહિ.

**— બીજી આવૃત્તિ તૈયાર થઈ રહી છે —**

બીજા ભાગમાં પ્રથમ ભાગનો સાર રજૂ થયો છે, ને કથા રસમય શૈલીમાં આગળ વધે છે.
— આજેજ તમારી નકલ મગાવી લો —

## શ્રી જૈન સાહિત્ય પ્રચારિણી સભા

પ્રાપ્તિસ્થાન : રાજેભાઈ એમ. પી.
ઠે. નવાગઢ : પાલીતાણા (સૌરાષ્ટ્ર)

Regd. No. B. 49

## તા. ૨૦-૧-૬૨ ના પુણ્ય દિવસે પ્રગ

પૂ. પાદ વ્યા. વા. કવિકુલકિરીટ ધર્મધુરંધર સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીની અદ્દભુત શાસનસેવા, અદ્વિતીય ધર્મપ્રભાવના, પ્રકાંડ વિદ્વત્તા, અગાધ પાંડિત્ય, સમર્થ સિધ્ધાંતનિષ્ઠા ઈત્યાદિ ગુણગણને શ્રધ્ધાંજલિ આપનારો, અનેક રીતે વિશિષ્ટતા તથા વૈવિધ્ય ધરાવતો; પૂ. સૂરીશ્વરજીનાં જીવન કવન પર જુદાજુદા દૃષ્ટિકોણથી લખાયેલા વિવિધસ્પર્શી લેખોથી સમૃધ્ધ :

# પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વર પુણ્યસ્મૃતિ વિશેષાંક

'કલ્યાણ'ના જાન્યુઆરીના અંક તરીકે **પ્રસિદ્ધ થશે.** તો પૂ. પાદ આચાર્યદેવશ્રીના ગુણાનુરાગી સર્વ કોઇ સહૃદય લેખકોને વિનંતિ છે કે, પૂ. પાદ સૂરીશ્વરજીનાં જીવન-કવન, વ્યકિતત્વ ઈત્યાદિને સ્પર્શતા લેખો અમારા પર અવશ્ય મોકલાવો; ફોટાઓ, હકીકતો તથા અન્યાન્ય ઉપયોગી સાહિત્ય અમારા પર મોકલવા સર્વને વિનમ્ર વિનંતિ છે.

આ શ્રદ્ધાંજલિ વિશેષાંકમાં પૂ. પાદ પરમોપકારી સૂરીશ્વરજીને વિનમ્ર શ્રધ્ધાંજલિ આપવા દ્વારા પોતાની જાહેરાત જે વ્યાપારીભાઇઓને મૂકવી હશે, તેઓને માટે વ્યાજબી ભાવે જાહેરાત મૂકવાની વ્યવસ્થા છે. **કેવલ પૂ. પાદ સૂરીશ્વરજી મહારાજશ્રીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા કાજે જ આ વિશેષાંક પ્રસિદ્ધ થઈ રહ્યો છે;**

માટે સર્વકોઈ પૂ. પાદશ્રીના અગણિત ઉપકાર ભાવતળે રહેલા ગુણાનુરાગી સહૃદય ધર્માત્માઓની ફરજ છે કે, **આ વિશેષાંકને સમૃદ્ધ કરવા દરેક રીતે અમને સહકાર આપે.**

આ વિશેષાંકને સાહિત્ય વિભાગથી સુસમૃદ્ધ કરવા પૂ. પાદ વિદ્વાન મુનિવરોનો સંપાદન માટે અમને મહામૂલ્ય સહકાર પ્રાપ્ત થયો છે. આજે જ આપ આપની સાહિત્યકૃતિ, માર્ગદર્શન તથા શ્રદ્ધાંજલિ અર્પણ કરતી જાહેરાત ઈત્યાદિ અમારા પર મોકલાવી આપો !

જેના પાને પાને પૂ. પાદ સૂરીશ્વરજી મહારાજશ્રીનાં જીવનઉદ્યાનના સુવાસિત, વિકસિત ગુણ ફૂલડાઓની ફોરમ તમને ગરકાવ કરી દેશે; પાને પાને વૈવિધ્યતાથી સભર લેખો, પ્રસંગ ચિત્રો તમને કોઇ નવાં વાતાવરણમાં લઈ જશે.

અનેક ચિત્રો, પ્રસંગકથાઓ તેમજ જીવન કવનથી સમૃધ્ધ આ વિશેષાંક દળદાર તથા સુંદર અને આકર્ષક બનશે; આજે જ તમો તમારા સ્નેહી-સ્વજનોને ભેટ આપવા જેવા આ પ્રકાશનની નકલો મેળવવા માટે અમને લખી જણાવો !

વિશેષાંક માટેનો સઘળોયે પત્રવ્યવહાર, લેખો, ફોટાઓ તથા જાહેરાતો તેમજ સઘળો વ્યવહાર **'પુણ્યસ્મૃતિ વિશેષાંક માટે' એ રીતે મથાળે લખીને** નીચેના સરનામે કરવા વિનંતિ છે.


**—: જાહેરાતના ભાવ :—**

| | | | |
|---|---|---|---|
| આખું પેજ | રૂા. ૪૫ : | ટાઈટલ ૨ જું પેજ | રૂા. ૬૫ |
| અર્ધું પેજ | રૂા. ૨૫ : | ,, ૩ જું પેજ | રૂા. ૬૫ |
| પા પેજ | રૂા. ૧૫ : | ,, ૪ થું પેજ | રૂા. ૭૫ |


આ વિશેષાંક દળદાર તથા ચીત્રો સભર હોવા છતાં કિંમત માત્ર રૂા. ૨-૦૦ રાખેલ છે.


**શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર,**

મુ. વઢવાણ શહેર. [સૌરાષ્ટ્ર]


સંપાદક : કીરચંદ જગજીવન શેઠ : મુદ્રક અને પ્રકાશક : દેશાઈ પ્રવીણચંદ્ર શાંતિલાલ : મુદ્રણસ્થાન શ્રી જશવતસિંહજી પ્રિન્ટીંગ વર્કસ વઢવાણ શહે[illegible]યાણ પ્રકાશન મંદિર માટે પ્રકાશિત કર્યું.